કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૧ માર્ચ,૨૦૨૬ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૪૧ ◆વર્ષ : ૩૨ ◆પાના -૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆GUJGUJ/2008/25151 ◆સંવત ૨૦૮૨ ◆ ફાગણ સુદ-૧૩ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેકસ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ગુજરાત સેમીકન્ડકટર ક્ષેત્રે દેશનું હબ બનશે

**ગુજરાતમાં સેમીકન્ડકટ કોન્ફરન્સનો આરંભ : મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલે કર્યુ ઉદબોધન : કેન્દ્રીય મંત્રી અશ્વીની વૈષ્ણવ રહ્યા ઉપસ્થિત**







### સેમી કન્ડકટ કોન્ફરન્સમાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા સિનિયર મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા સહિતનાઓ રહ્યા હાજર

ગાંધીનગર:આજ રોજ ગુજરાત મધ્યે સેમીકન્ડકટ કોન્ફરન્સનો આરંભ થવા પામ્યો છે. આજ રોજ આ કાર્યક્રમમાં બોલતા રાજયના મુખ્યપ્રધાન શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે કહ્યુ હતુ કે, વિશ્વ નેતા અને યશસ્વી પીએમ મોદીજીની પ્રેરણાથી ગુજરાત સેમીકનેકટ કોન્ફરન્સનુ આયોજન થવા પામ્યુ છે. મોદીજીએ ગત રોજ જ ગુજરાતમાં નવતર ક્રાંતીનું શંખનાદ કર્યો છે. આ બન્ને પ્રસગો વાતને સિદ્ધ કરે છે કે મોદીજી દેશને સેમીકન્ડકટર ક્ષેત્રમાં ગ્લોબલ લીડર બનાવવા પ્રતિબદ્ધ છે. ભારત આજે એઆઈ

અનુસંધાન પાના નં.૪ પર

## સાયન્સ, ટેકનોલોજી - ઇનોવેશન STI નીતિ ૨૦૨૬-૨૦૩૧ની રાજ્ય સરકારે કરી જાહેર



ગાંધીનગર:મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલી ગુજરાત સેમિકનેકટ કોન્ફરન્સ ૨૦૨૬ દરમિયાન મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યની સાયન્સ, ટેકનોલોજી અને ઈનોવેશન નીતિ ૨૦૨૬-૨૦૩૧ જાહેર કરી છે. આ નવી નીતિ નો હેતુ ગુજરાતને નવીનતા આધારિત અને ટેક્નોલોજીમાં આગળ રહેનાર રાજ્ય બનાવવાનો છે. રાજ્યના સર્વાંગી વિકાસ, ઉદ્યોગોની સ્પર્ધાત્મકતા અને સમાજની પ્રગતિ માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીને મજબૂત બનાવવું આ નીતિનું મુખ્ય લક્ષ્ય છે.

અનુસંધાન પાના નં.૪ પર

## તણાવ વચ્ચે એસ. જયશંકરે ગલ્ફના વિદેશ મંત્રીઓ સાથે કરી વાતચીત

**ભારતીયોની સુરક્ષા પર મૂક્યો ભાર**



નવી દીલ્હી : પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે વિદેશ મંત્રી એસ. જયશંકરે અનેક ગલ્ફ દેશોના તેમના સમકક્ષો સાથે વાતચીત કરી હતી અને વાતચિત દ્વારા પરિસ્થિતિને થાળે પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.તેમણે જણાવ્યું હતું કે ભારત વણસતી જતી પરિસ્થિતિ અંગે ચિંતિત છે. તેમણે પ્રાદેશિક શાંતિ અને ત્યાં વસતા ભારતીય સમુદાયની સુરક્ષામાં ભારતના ઊંડા હિત પર પ્રકાશ પાડ્યો હતો.સાઉદી

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાકમાં અમેરીકાના એરબેઝ પર મોટો હુમલો


**ઈરાકે જ ઈરાનના સમર્થનમાં કર્યો હુમલોઅ : એરપોર્ટ કાટમાળમાં ફેરવાયું**

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : ઈરાન-ઈઝરાયેલ અને અમેરીકા વચ્ચે મિડલ ઈસ્ટમાં રીતસરનું યુદ્ધ જ છેડાઈ જવા પામી ગયુ છે ત્યારે હવે ઈરાકમાં આજ રોજ એક મોટો હુમલો થવા પામી ગયો છે. આજ રોજ ઈરાક દ્વારા ઈરાનના સમર્થનમાં મોટો હુમલો કરવામા આવ્યો છે. અને એરપોર્ટ કાટમાળમાં ફેરવાઈ જવા પામ્યું છે.

**મીડલ ઈસ્ટમાં મહાજંગ : ટ્રમ્પે કહ્યુ, આજે વધુ તગડો હુમલો કરીશું**

# ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈ ઠાર : અમેરિકાનો હુંકાર



ઈરાનના સરકારી પ્રેઝન્ટરે રડતાં રડતાં ખામેનેઈના મોતના સમાચારની ઘોષણા કરી હતી. ઈરાને તેમના મોત બાદ ૪૦ દિવસના શોકની જાહેરાત કરી : હુમલામાં ખામેનેઈનાં દીકરી, જમાઈ, દોહિત્રીનાં મોત-ઈરાનના સરકારી મીડિયાની જાહેરાત

**પહેલવીએ કહ્યુ, ખામેનઈને ઈતિહાસે મીટાવી દીધો : બહાદુર દિકરીઓનો હત્યારો હણાયો : ઈરાની સેનાએ આપી મોટી ધમકી : સમગ્ર મીડીલ ઈસ્ટને સળગાવી નાખીશું**

### ખામેનાઈના ખાત્મામાં મોટો ખુલાસો

**સાઉદીના પ્રિન્સ સલમાનનો રોલ : અમેરીકાના વૌશિગટન પોસ્ટમાં ધડાકો**

નવી દિલ્હી : ઈરાનનો સૌથી મોટો નેતા ખામેઈન ઠાર મારી દેવામા આવ્યો છે. આ બાબતે મોટો ખુલાસો થવા પામ્યો છે. વોશિગ્ટન પોસ્ટમાં લખાયુ છે તે અનુસાર ખામેનાઈના મોત માટે સાઉદીના પ્રિન્સ સલમાનનો રોલ છે.

નવી દીલ્હી : મધ્યપૂર્વમાં વધતા યુદ્ધ તણાવ વચ્ચે એક વધુ વિસ્ફોટક નિવેદન સામે આવ્યું છે. ઈઝરાયેલના વડાપ્રધાન Benjamin Netanyahu ના દાવા બાદ હવે અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પએ પણ ઈરાનના સર્વોચ્ચ નેતા Ali Khamenei ના મૃત્યુનો દાવો કર્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે ઈતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંના એક ખામેનેઈ હવે જીવિત નથી અને આ ઈરાનની જનતા તેમજ વિશ્વભરના દેશો માટે ન્યાય સમાન છે.ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું

અનુસંધાન પાના નં.૪ પર

### ખામેનેઈના મોત બાદ ભારતમાં વિરોધપ્રદર્શન



શ્રીનગર : ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈનાં મોત બાદ શ્રીનગરમાં સૈદા કદલ વિસ્તારમાં લોકો વિરોધપ્રદર્શન કરી રહ્યા છે.શ્રીનગરના લાલ ચોક પાસે કાશ્મીરી શિયા મુસ્લિમોએ પ્રદર્શન કર્યું.ઈરાનની સરકારી ટીવી ચૅનલે રવિવારે કહ્યું છે કે સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ અમેરિકા અને ઇઝરાયલના હુમલામાં માર્યા ગયા છે.

### ખામેનેઈના મોત બાદ વિફર્યુ ઈરાન

**ઈરાને એક સાથે અનેક દેશોમાં કર્યા ધડાધડ હુમલા**

**તેલ અવીવને તબાહ કરી દેવાની આપી ખુલ્લી ધમકી**

નવી દીલ્હી : સુપ્રીમલીડર ખામેનઈના મોત બાદ ઈરાન વિફર્યુ છે અને અનેક દેશો પર એકસાથે ઈરાન દ્વારા હુમલા કરવામા આવી રહ્યા છે. ઈરાન દ્વારા તેલઅવીવને તબાહ કરી દેવાની ધમકી આપવામાં આવી છે.

**દુનીયાનો સૌથી ક્રુર વ્યકિત આધુનિક બચાવ સિસ્ટમ વચ્ચે પણ માર્યો ગયો : ટ્રમ્પ**

### ઈરાનના નવા સુપ્રીમ લીડરની જાહેરાત

**ખામેનેઈના પુત્ર મોજતબા ખામેનેઈ બન્યા ઉત્તરાધિકારી**



ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ બાદ, નવા નેતૃત્વની જાહેરાત કરવામાં આવી છે. તેમના મોટા પુત્ર મોજતબા ખામેનેઈને ઈરાનના નવા સુપ્રીમ લીડર તરીકે ચૂંટવામાં આવ્યા છે. ઈરાનના રાજ્ય મીડિયાએ સત્તાવાર રીતે પુષ્ટિ આપી છે.

### વિશ્વ વિમાની સેવાને અસર : અમદાવાદ એરપોર્ટ પર અટવાયા મુસાફરો

નવી દીલ્હી : ઈરાન-ઈજરાયેલના યુદ્ધ બાદ વિશ્વભરમાં વીમાની સેવાને અસર થવા પામી ગઈ છે. આંતરરાષ્ટ્રીય અનેક ફલાઈટ રદ થવા પામતા અમદાવાદ એરપોર્ટ પર પણ લોકો મોટી સખ્યામાં અટવાઈ જવા પામ્યા છે.

# દુનિયાના ગળે ઈરાને ભીંસ વધારી : સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર 'તાળું' મારતા વૈશ્વિક ઓઈલ માર્કેટમાં આફત, $૧૫૦ને પાર જશે ક્રૂડ?



**ઈરાન સાથેના કંડલા-મુંદરાના કન્સાઈનમેન્ટ પર પણ થોભો અને રાહ જુઓની સર્જાઈ ગઈ સ્થિતી : ઓઈલ, ચોખા-બીટલનટસ સહિત અનેકવિધ વસ્તુઓની નિકાસ કરનારાઓમાં અનિશ્ચિતતાના વાદળો : ડીપીએ-કંડલા-મુંદરા સલગ્ન વેપાર-ઉદ્યોગવાળાઓના ગ્રુપમાં વિવિધ તર્કવીતર્કો સાથે હવે શું કરીશું?ના સંદેશાઓના ચાલ્યા મારા**

તેહરાન : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ઈરાને ઈઝરાયેલ અને અમેરિકાના સતત હુમલાઓના વિરોધમાં એક એવો આકરો નિર્ણય લીધો છે જેણે સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાને હચમચાવી દીધી છે. ઈરાને વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને સંપૂર્ણપણે બંધ કરવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ઈરાન આ રસ્તાને દુનિયા સામે એક 'ઓઈલ બોમ્બ' તરીકે વાપરી રહ્યું છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સે આ સાંકડા સમુદ્રી માર્ગ પર પોતાની અત્યાધુનિક મિસાઈલો અને જંગી યુદ્ધ જહાજો તહેનાત કરી દીધા છે, જેના કારણે ખાડી દેશોમાંથી થતી તેલ અને ગેસની નિકાસ રાતોરાત ઠપ્પ થઈ ગઈ છે.

નિષ્ણાતોના મતે, ઈરાનનું આ પગલું વૈશ્વિક ઉર્જા સંકટને નોંતરનારું સાબિત થશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એટલો સાંકડો માર્ગ છે કે જહાજોને પસાર થવા માટે માત્ર ૩ કિલોમીટર જેટલી જ જગ્યા મળે છે, અને ઈરાને આ ભૌગોલિક સ્થિતિનો હથિયાર તરીકે ઉપયોગ કર્યો છે. વિશ્વનો ૨૫ ટકા જેટલો તેલ અને ગેસનો પુરવઠો આ

અનુસંધાન પાના નં.૪ પર

## અમને ઘરે પહોંચાડો : દુબઈમાં ફસાયેલ આઈપીએલ ખેલાડીની પીએમ પાસે માંગ

નવી દીલ્હી : : IPLમાં રમનાર એક સ્ટાર ક્રિકેટર તેની ટીમ સાથે યુએસ-ઈરાન યુદ્ધમાં ફસાયો છે. તેણે પોતાના દેશના વડાપ્રધાનને મદદ માટે અપીલ કરી છે. આ સ્ટાર ઈંગ્લિશ ક્રિકેટર IPLમાં પણ રમી ચૂક્યો છે. મિડલ ઈસ્ટમાં વધતા લશ્કરી તણાવની અસર હવે ક્રિકેટ પર સ્પષ્ટપણે પડી રહી છે. ૧ માર્ચે યોજાનારી પાકિસ્તાન શાહીન અને ઈંગ્લેન્ડ લાયન્સ વચ્ચેની બીજી ૫૦ ઓવરની મેચ રદ કરવામાં આવી છે.આ નિર્ણય પ્રદેશમાં બગડતી સુરક્ષા પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. આ પછી પૂર્વ IPL ખેલાડી જોની બેરસ્ટોએ યુનાઈટેડ કિંગડમના વડાપ્રધાન કીર સ્ટારમરને અપીલ કરી છે. જોની બેરસ્ટો હાલમાં ઈંગ્લેન્ડ લાયન્સ સાથે અબુ ધાબીમાં છે અને ટીમ માટે કોચિંગ/મેન્ટર ભૂમિકા ભજવી રહ્યો છે.જોની હાલની પરિસ્થિતિ વચ્ચે ટીમની સલામત વાપસી અંગે ચિંતિત છે.

### તિકડમ !

– દેવેન વ્યાસ




## આગળ શું? ઈરાનમાં અનિશ્ચિતતાનો માહોલ

નવી દીલ્હી : ખામેનીના નિધનથી ઈરાનમાં માત્ર નેતૃત્વનું જ સંકટ નથી, પણ અસ્તિત્વનું સંકટ પણ છે. 'ઈરાન મિલિટરી મોનિટર' એ પોતાના નિવેદનમાં ખામેનીને 'શહીદ' ગણાવ્યા છે, જેનો અર્થ છે કે સેના હવે વળતો પ્રહાર કરવા માટે સજ્જ છે. આ નિધન ૨૦૨૬ ના વર્ષને વિશ્વ યુદ્ધની અણી પર લઈ આવ્યું હોય તેમ લાગી રહ્યું છે.આયાતુલ્લાહ અલી ખામેનીનું નિધન એ માત્ર એક વ્યક્તિનો અંત નથી, પણ એક વિચારધારા માટે મોટી કસોટી છે. 'અલ્લાહને આપેલું વચન પૂર્ણ કર્યું' તેવા શબ્દો સાથે વિદાય લેનાર આ નેતાએ ઈરાનને કયા વળાંક પર છોડ્યું છે, તેનો જવાબ આવનારા થોડા દિવસોમાં તેહરાન તરફથી લેવામાં આવનારા સૈન્ય પગલાં આપશે.

## મહારાષ્ટ્રના નાગપુરમાં વિસ્ફોટ : ૧૫ના મોત

મુંબઈ : મહારાષ્ટ્રના નાગપુરથી એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. SBL એનર્જી લિમિટેડમાં એક મોટો વિસ્ફોટ થયો. આ દુ:ખદ અકસ્માતમાં પંદર લોકો માર્યા ગયા, જ્યારે ૧૮ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા. આ માહિતી નાગપુર ગ્રામીણ પોલીસ અધિક્ષક હર્ષ પોદ્દારે આપી. કાટોલ તાલુકાના રાઉલગાંવમાં સ્થિત ખાણકામ અને ઔદ્યોગિક વિસ્ફોટકો ઉત્પાદક એસબીએલ એનર્જી લિમિટેડની ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો.પોલીસે જણાવ્યું હતું કે ઘાયલોને તાત્કાલિક નાગપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.પ્રાથમિક માહિતી મુજબ, આ ઘટના આજે સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે બની હતી. રાઉલગાંવ સ્થિત SBL કંપની ખાણકામમાં વપરાતા વિસ્ફોટકો અને અન્ય વિસ્ફોટકોનું ઉત્પાદન કરે છે.

## ગુજરાત રાજકારણમાં ફરી એકવાર હલચલ મચી

**સુરતની રાજનીતિમાં નવાજૂનીના ભણકારા! કોંગ્રેસમાંથી સસ્પન્ડેડ નિલેશ કુંભાણી પાટીલને મળ્યા**

ગાંધીનગર : ગુજરાત રાજકારણમાં ફરી એકવાર હલચલ મચી જાય તેવી ઘટના બની છે. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને ચૂંટણી પહેલા જ હાર આપનાર ને પાણીમાં બેસી જનાર નિલેશ કુંભાણીએ ભાજપના સીઆર પાટીલ સાથે મુલાકાત કરી છે. જેના બા નિલેશ કુંભાણીને કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ પક્ષ દ્વારા સસ્પેન્ડ કરેલ નિલેશ કુંભાણીને ત્યાં સીઆર પાટીલ પહોંચતા ફરી એકવાર રાજનીતિ ગરમાઈ છે.સુરતમાં સીઆર પાટીલ અને નિલેશ કુંભાણી વચ્ચે સૂચક મુલાકાત થતા અનેક તર્કવિતર્ક સર્જાયા છે. નિલેશ કુંભાણી એ જ છે, જેઓએ વર્ષ ૨૦૨૪ માં સુરત લોકસભા બેઠકમા કોંગ્રેસમાંથી ફોર્મ ભર્યા બાદ પરત ખેચ્યું હતું. જેને કારણે કોંગ્રેસ જીત પહેલા જ મેદાનમાંથી બહાર ફેંકાઈ ગયું હતું. ત્યારેપૂર્વ કોંગ્રેસના નેતા નિલેશ કુંભાણીની રાજુલા સરદાર સિડઝ ઈન્ડસ્ટ્રીઝ ઉપર કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ પહોંચ્યા હતા.ગુજરાતમાં માત્ર એક લોકસભા બેઠક સુરત લોકસભા ચૂંટણી સમયે નિલેશ કુંભાણીના કારણે ભાજપની બેઠક બિનહરીફ વરણી થઈ હતી.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**ફાગણ સુદ-૧૩, તા.૦૧ ફેબ્રુઆરી, રવિવાર**

# પશ્ચિમ એશિયામાં યુદ્ધની જ્વાળા અને ભારત પર મંડરાતા આર્થિક વાદળો



## ઇઝરાયેલ-ઈરાન સંઘર્ષમાં અમેરિકાનું ખુલ્લું સમર્થન: તેલના ખેલમાં વિશ્વ અને ભારતની કસોટી

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) અત્યારે દારૂગોળાના ઢગલા પર બેઠું છે. ઇઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા તાજેતરના હુમલા અને તેને મળેલું અમેરિકાનું ખુલ્લું સમર્થન વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ માત્ર બે દેશો વચ્ચેની લડાઈ નથી, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર, ઉર્જા સુરક્ષા અને રાજદ્વારી સંબંધોની કસોટી છે.વિશ્વનો મોટો ભાગ ક્રૂડ ઓઈલ માટે ખાડી દેશો પર નિર્ભર છે. જો આ સંઘર્ષ લાંબો ખેંચાય અને ઈરાન 'હોર્મુઝની સામુદ્રધુની' બ્લોક કરી દે, તો દુનિયાભરમાં તેલનો સપ્લાય ખોરવાઈ શકે છે. આ રસ્તો બંધ થવાથી ક્રૂડ ઓઈલના ભાવ રાતોરાત આસમાને પહોંચી શકે છે, જેની અસર અમેરિકાથી લઈને એશિયા સુધીના દરેક દેશના પરિવહન અને ઉત્પાદન ખર્ચ પર પડશે. ભારત તેની જરૂરિયાતનું ૮૦% થી વધુ તેલ આયાત કરે છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ મોંઘું થશે, તો ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધશે, જેના કારણે શાકભાજીથી લઈને જીવનજરૂરી ચીજવસ્તુઓ મોંઘી થશે. ડોલર સામે રૂપિયો નબળો પડી શકે છે, જે આયાતને વધુ ખર્ચાળ બનાવશે.ભારત માટે ઇઝરાયેલ અને ઈરાન બંને મહત્વના ભાગીદારો છે. ઇઝરાયેલ સાથે સંરક્ષણ સંબંધો છે, તો ઈરાન સાથે ચાબહાર પોર્ટ અને ઉર્જાના હિતો જોડાયેલા છે.

# આશ્રમ સંચાલનની મહિમા તથા ચાલીસા મહિમા






કચ્છીસંત પૂજ્ય હરિદાસજી મહારાજે ઉપદેશ આપતા જણાવ્યું હતું કે, નિર્મળદાસજીએ કહ્યું સંતો હું તો જ્યારે - જ્યારે ઉત્તરાખંડની યાત્રાએ જાઉં છું, ત્યારે - ત્યારે કચ્છી આશ્રમમાં જ એક દિવસ રોકાઉં છું. મને તો ક્યારેક વિચાર આવે કે, આ આશ્રમની વ્યવસ્થા કોણ સંભાળે છે? કેમ કે શિષ્યો, સંચાલકો, સેવાધારીઓથી આટલું સુંદર, સહજ, અનુશાસિત સંચાલન, વ્યક્તિની સામર્થ્યની બહારની વાત છે. મને લાગે છે કે, ગોમતીનંદન, વાલો, વાલરામ સત્ય સંકલ્પ ઈશ્વર છે, કેમકે વાલરામ સહસ્રનામમાં ગોમતીનંદનનું, વાલાનું એક નામ "સત્ય સંકલ્પ ઈશ્વરઃ" છે, જેથી ગોમતીનંદનનાં - વાલાનાં સંકલ્પ માત્રથી, આટલી શ્રેષ્ઠ સેવા સહજ ભાવે થઈ રહી છે.

સંતો મને લાગે છે કે, ગોમતીનંદન, વાલરામ તેમજ ચાગબાઈનંદન, ઓધવરામ ચિન્મય સ્વરૂપથી નિરંતર આશ્રમમાં નિત્ય નિવાસ કરી રહ્યા છે, સેવકો, શિષ્યો તથા સંચાલકો એવમ્ સેવાધારીઓ તો નિમિત્ત માત્ર છે. રામપ્રસાદજીએ કહ્યું, સંતો મને વાલરામ ચાલીસા સાંભળવી છે. મેં એ વાલરામ ચાલીસાની અનુપમ મહિમા શ્રવણ કરી છે. વાલરામ ચાલીસાની એક-એક ચોપાઈ, વેદ મંત્રો જેવી સ્વયંસિદ્ધ છે. દૈહિક, દૈવિક, આધ્યાત્મિક, સર્વ લાભોની સહજ સિદ્ધિ કરાવનારી છે. વાલરામ ચાલીસાનાં પાઠ કરવાથી સંતતિ, સંપત્તિ તથા સન્મતિ સહજ સુલભ થાય છે. હે ગુરૂવર આપ તો વિદ્વાન છો, માટે અમને શક્ય હોય તો એનો અર્થ સાર પણ બતાવવાની કૃપા કરશો જી. સંત રામપ્રસાદજીએ સૌ સંતોનાં વિચારને સમર્થન આપ્યું. મધ્યાહ્ન સમયે શ્રી વાલરામ ચાલીસાનું પઠન - પાઠન, વિચાર - સત્સંગ કરવાનું નિશ્ચિત થયું. સૌ સંતો ભોજન - મહાપ્રસાદ આદિ વ્યવસ્થામાં જોડાઈ ગયા.

# બાલાસરમાં ૬ વર્ષની બાળા પર દુષ્કર્મ ગુજારનાર નરાધમને ૨૦ વર્ષની સખત કેદ

**પૂર્વ કચ્છ પોલીસે ગણતરીના દિવસોમાં ચાર્જશીટ રજૂ કરતા ભચાઉ કોર્ટે માત્ર ૨૪૦ દિવસમાં આપ્યો ઐતિહાસિક ચુકાદો**


ભચાઉ - કચ્છઉદય : પૂર્વ કચ્છના બાલાસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત વર્ષે બનેલી સગીર બાળા પર દુષ્કર્મની શરમજનક ઘટનામાં ભચાઉની સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. પૂર્વ કચ્છ ગાંધીધામ જિલ્લા પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ બાલાસર પોલીસે ગુનાની ગંભીરતા સમજીને માત્ર ૪૩ દિવસના ટૂંકા ગાળામાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસની ઝડપી ટ્રાયલ ચલાવી નામદાર બીજા અધિક સેશન્સ સ્પેશિયલ જજ દ્વારા ગુનો દાખલ થયાના માત્ર ૨૪૦ દિવસની અંદર આરોપી પ્રભુભાઈ ઉર્ફે હગાભાઈ નિલાભાઈ કોલીને કસૂરવાર ઠેરવી જેલના સળિયા પાછળ ધકેલી દેવાનો હુકમ કર્યો છે. આ કેસની વિગત મુજબ, ગત ૨૯ જૂન ૨૦૨૫ના રોજ બાલાસર પોલીસ મથકે પાંચ વર્ષની બાળા પર દુષ્કર્મ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે તપાસનીશ અધિકારી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એન. દવેએ ઝીણવટભરી તપાસ કરી જરૂરી દસ્તાવેજી અને સાંયોગિક પુરાવાઓ એકત્રિત કર્યા હતા. કોર્ટમાં સરકારી વકીલ ડી.એસ. જાડેજાની ધારદાર દલીલો અને પોલીસ દ્વારા રજૂ કરવામાં આવેલા મજબૂત પુરાવાઓને ગ્રાહ્ય રાખીને અદાલતે આરોપીને ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૬૫(૨) તથા પોક્સો એક્ટની કલમ ૪ અને ૬ મુજબ ૨૦ વર્ષની કેદ અને રૂપિયા ૫,૦૦૦ના દંડની સજા ફટકારી છે. મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓમાં પોલીસની સક્રિયતા અને ન્યાયતંત્રની ત્વરિત કામગીરીને પગલે સમાજમાં કડક સંદેશ ગયો છે.

## જલારામ ટિફિન સર્વિસના સેવાભાવી અગ્રણીઓનું સન્માન

ભુજ - કચ્છઉદય : જ્યાં ટુકડો ત્યાં હરિ ઢુકડો એવા પૂજ્ય જલારામ બાપાના સૂત્ર સાથે માંડવીમાં ચાલી રહેલી જલારામ ટિફિન સેવાના લાભાર્થે આયોજિત જલારામ ચરિત્ર કથામાં પ્રદેશ ભાજપના મહામંત્રી અને માડવીના ધારાસભ્ય અનિરૂદ્ધભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જલારામ ટિફિન સર્વિસના સેવાભાવી અગ્રણીઓ તથા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, શ્રી દવેનું જલારામ બાપાની છબી આપીને સન્માન કરાયું હતું. શ્રી દવેએ જલારામ ટિફિન સર્વિસની સેવાને બિરદાવી હતી.

# કાસેઝમાંથી લીકરની ચોરી કરનારા શખ્સોના ગેરકાયદે વીજ જોડાણ કપાયા





**સોશિયલ મીડીયામાં વીડીયો વાયરલ કરી ધાક ધમકી કરનારા શખ્સના પણ વીજ જોડાણ કટ**

ગાંધીધામ - કચ્છઉદય : કાસેઝમાં આવેલ ડાઈનામીક ડ્યુટી ફ્રી વેરહાઉસની દિવાલનું શટર તોડી અંદરથી અલગ અલગ બ્રાન્ડની વિદેશથી આવેલી ૨૪૦ દારૂની બોટલો ચોરવામાં આવી હતી. જેમાં બી ડીવીઝન પોલીસે કીડાણાના સલીમ ઉર્ફે ભુરો આમદ કકલ, ઈમરાન નુરમામદ ચાવડા, ઉમર ઉર્ફે ભુરો કાસમ ચાવડાને પકડી દારૂની ૧૨૦ બોટલ કબજે કરી હતી. જ્યારે ચાર શખ્સો ફરાર છે અને ૧૨૦ બોટલો હજુ પણ શોધવાની છે. જેથી તપાસ અને મુદ્દામાલની રિકવરી માટે બી ડીવીઝન પોલીસની ટીમ કીડાણા ગામમાં ગઈ ત્યારે જોવા મળ્યું કે, આરોપીઓના મકાન પાસેથી પસાર થતી મુખ્ય વીજલાઈનમાંથી વીજ વાયર લગાવી વીજ કનેક્શન મેળવી ચોરી કરવામાં આવતી હતી. જેથી પીજીવીસીએલને જાણ કરીને ગેરકાયદે વીજ જોડાણ કપાવી નખાયા છે. આ ઉપરાંત તાજેતરમાં સોશીયલ મીડીયામાં વીડીયો બનાવી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ અપમાનીત કરવાના ગુનામાં એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનામાં ધરપકડ કરાયેલા કીડાણ લકસનગરના શબ્બીર સુલેમાન કાનગડાના મકાનમાં ગેરકાયદે વીજ જોડાણ હોઈ તે પણ કપાવી દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હોવાનું પીઆઈ એસ. વી. ગોજીયાએ જણાવ્યું હતું.

# મુંદરા લૂંટ પ્રકરણમાં ઝડપાયેલા આરોપીઓના ૭ દિવસના રિમાન્ડ મળ્યા



મુંદરા - કચ્છઉદય : અહીંની રૂદ્રાક્ષ જ્વેલર્સમાં લૂંટ કરવાના બનાવમાં એલસીબી અને એસઓજીએ રાજસ્થાન અને યુપીમાંથી આરોપી સતીષ સોરણસિંગ શીકરવાલ તથા રાજેશ ઉર્ફે મોન્ટુ નરેશભાઈ પટેલ અને બન્નેને આશરો આપનાર યુસુફ ઉર્ફે ટલ્લો શરીફખાનને ઝડપી મુંદરા પોલીસના હવાલે કરતા પોલીસ દ્વારા ત્રણેયને કોર્ટમાં રજુ કરવામાં આવતા સાત દિવસના રિમાન્ડ મળ્યા હોવાનું જાણવા મળ્યું છે.

# જય હિંદ ટ્રોફી સેમિફાઈનલમાં કેસીએ ભુજની ભાવનગર રૂરલ પર ૯૪ રનથી જીત



ભુજ - કચ્છઉદય : સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત આંતર જિલ્લા જય હિંદ ટ્રોફી ટેસ્ટ મેચ ક્રિકેટ ટૂર્નામેન્ટની સુરેન્દ્રનગર ખાતે રમાયેલી સેમીફાઈનલ મેચમાં કેસીએ ભુજ સિનિયર ટીમે ભાવનગર રૂરલ ટીમને ૯૪ રનથી પરાજય આપ્યો હતો. આ જીત સાથે ભુજ ટીમે આવતા વર્ષ માટે એલાઈટ ગ્રુપમાં ક્વોલિફાય કર્યું છે.

ટોસ જીતી ભુજ ટીમે પહેલા બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, ટીમ ૬૬.૩ ઓવરમાં માત્ર ૨૧૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભુજ તરફથી ધ્રુવ ગોસ્વામી (૩૯), હિરેન કેરાઈ (૩૭), કિશન વરસાણી (૩૦), અવિનાશ કેરાઈ (૨૬), પિયૂષ રાઠોડ (૨૪) અને પૂર્વા રાઠોડ (૨૦) રનનું યોગદાન આપ્યું હતું. ભાવનગર રૂરલ તરફથી રાહુલ વાકાણીએ ૫ વિકેટ લીધી હતી. ભાવનગર રૂરલની પ્રથમ ઈનિંગની શરૂઆત નબળી રહી હતી અને ૧૬ રનમાં બે ઓપનર સહિત ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. ભુજ તરફથી અક્ષય શિરૂએ ૨ અને ધ્રુવમ પટેલે ૧ વિકેટ લીધી હતી. પ્રથમ દિવસના અંતે ભાવનગર રૂરલ ટીમે ૨૪ ઓવરમાં ૮૧ રન પર ૩ વિકેટ ગુમાવી હતી. બીજા દિવસે ભાવનગર રૂરલ ટીમ ૬૬.૪ ઓવરમાં ૨૧૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, જેમાં અજુન રાઠોડ (૧૦૩) અને પવન પરમાર (૭૦) મુખ્ય રહ્યા હતા. ભુજ તરફથી ધ્રુવમ પટેલે ૪ અને અવિનાશ કેરાઈએ ૩ વિકેટ લીધી હતી.

બીજા દાવમાં ભુજ ટીમે ૪૪.૫ ઓવરમાં ૨૨૦ રન કર્યા હતા, જેમાં ધ્રુવ ગોસ્વામી (૬૦), પૂર્વા રાઠોડ (૪૭), હિરેન કેરાઈ (૨૪) અને કિશન વરસાણી (૨૨) રનનું યોગદાન આપ્યું હતું. ભાવનગર રૂરલ તરફથી ધર્મવીર જાડેજાએ ૪ વિકેટ લીધી હતી. પ્રથમ ઈનિંગમાં મળેલી ૭ રનની સરસાઈ સાથે ભાવનગર રૂરલને ત્રીજા દિવસે ૨૨૮ રનનો લક્ષ્ય મળ્યો હતો. પરંતુ કચ્છની બોલિંગ સામે ભાવનગર રૂરલ ટીમ ૩૪ ઓવરમાં માત્ર ૧૩૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભાવનગર રૂરલ તરફથી માત્ર અજુન રાઠોડે ૬૫ રન કર્યા હતા. ભુજ તરફથી કેપ્ટન કિશન વરસાણીએ ૪, જયદીપ જોશીએ ૩, અવિનાશ કેરાઈએ ૨ અને અક્ષય શિરુએ ૧ વિકેટ લીધી હતી. ૯૪ રનથી શાનદાર જીત સાથે ભુજ ટીમ ટોપ-૨માં સ્થાન મેળવી આવતા વર્ષ માટે એલાઈટ ગ્રુપમાં ક્વોલિફાય થઈ હતી. જીત બદલ કચ્છ ક્રિકેટ એસોસિએશનના હોદ્દેદારો અને સિલેક્ટરોએ ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ટીમના મેનેજર તરીકે અમિતભાઈ રાઠોડ અને કોચ તરીકે મહેશભાઈ પંડ્યાએ સેવા આપી હતી.

# અંજાર તાલુકામાં ધમધમતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા ભીમ આર્મી દ્વારા જનતા રેડની ચીમકી





ગાંધીધામ - કચ્છઉદય : અંજાર તાલુકાના વિવિધ વિસ્તારો અને ગ્રામ્ય પંથકોમાં જાહેરમાં ચાલી રહેલા દારૂના દૂષણને ડામવા માટે ભીમ આર્મી દ્વારા આક્રમક વલણ અપનાવવામાં આવ્યું છે. આ મામલે ભીમ આર્મી કચ્છ જિલ્લા શાખા દ્વારા એસપી કચેરી ગાંધીધામ અને ડીવાયએસપી કચેરી અંજાર ખાતે લેખિત આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, અંજાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દારૂના અડ્ડાઓ બેરોકટોક ચાલી રહ્યા છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત અનેક કંપનીઓના ઓવરલોડ વાહનો પણ રસ્તાઓ પર ફરી રહ્યા છે, જે અકસ્માતનું જોખમ ઊભું કરે છે. આ બાબતે અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં પોલીસ તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

ભીમ આર્મી દ્વારા પોલીસ તંત્રને સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપવામાં આવી છે કે જો આગામી ૮ દિવસમાં આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો ભીમ આર્મી ગામના અગ્રણીઓ અને મહિલાઓને સાથે રાખીને દારૂના અડ્ડાઓ પર જનતા રેડ પાડવામાં આવશે. આ રજુઆત વેળાએ કચ્છ જિલ્લા ભીમ આર્મીના પ્રભારી લક્ષ્મણભાઈ વાઘેલા અને જિલ્લા પ્રમુખ હરિભાઈ પરમારની આગેવાનીમાં જિલ્લા મહામંત્રી ભીમજીભાઈ બોચીયા, ઉપપ્રમુખ દેવજીભાઈ મણવર તથા અનિસભાઈ જુણેજા સહિત અંદાજે ૩૦ જેટલા સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાયબર ફ્રોડના બનાવમાં ૧ વર્ષથી ફરાર બે આરોપી સુરતથી પકડાયા




ગાંધીધામ - કચ્છઉદય : શહેર બી ડીવીઝન પોલીસમાં નોંધાયેલા સાયબર ફ્રોડના બનાવમાં બે આરોપીને સુરતથી ઝડપી લેવામાં આવ્યા હતા. આરોપીઓ દ્વારા ફરીયાદીને વોટસઅપથી વાતચીત કરી ઘરે બેઠા પૈસા કમાવવાની લાલચ આપી ડાયમંડ જવેલરીના ટેન્ડરમાં સેલીંગ કરવા અને એપ્લીકેશનમાં પૈસા પ્રોફીટ અપાવવવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ અલગ અલગ બેંક ખાતામાં ૨૩,૦૮,૪૧૦ રૂપિયા ઓનલાઈન જમા કરાવડાવી રૂપિયા પરત ન આપી ઠગાઈ કરવામાં આવી હતી. અગાઉ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. બે આરોપી વર્ષથી ફરાર હતા. જે સુરત શહેરમાં હોવાની બાતમી આધારે ઝડપી લેવામાં આવ્યા હતા. જેમાં અમરેલીના લાઠી તાલુકાના ગોપાલભાઈ જેસીંગભાઈ ઉર્ફે જેસાભાઈ આલગોતર અને ભાવનગરના સીહોરના મીલન અનુભાઈ રાઠોડને ઝડપી લેવાયા હોવાનું પીઆઈ એસ.વી. ગોજીયાએ જણાવ્યું હતું.

# અંતરજાળ અને આદીપુરમાં જુગાર રમતા ખેલીઓ પકડાયા

ગાંધીધામ - કચ્છઉદય : અંતરજાળમાં મોમાયનગર સરકારી શાળાની પાછળ જુગાર રમતા પાંચ ખેલીઓ પકડાયા હતા. જેમાં મોહન વનજીભાઈ મારાજ, દિપક ગોવિંદભાઈ જાદવ, નારણ માયાભાઈ કાટેચા, અકબર ખમીશા લુહાર, શકુન મેઘજીભાઈ સોલંકી પકડાયા હતા. રોકડા રૂા. ૩૭૯૦ કબજે કરવામાં આવ્યા હતા. આદીપુરમાં સંત કંવરનગરમાં જુગાર રમતા સાત મહિલાઓ સામે પોલીસે ગુનો દાખલ કર્યો હતો. જેમાં લતાબેન દુર્ગેશભાઈ ટેકવાણી, પુષ્પાબેન મુરજીભાઈ બારોટ, ગોમીબેન ભોજરાજમલ ક્રિપલાણી, હીનાબેન સત્યેન્દ્રભાઈ સિંગ, પુજાબેન મહેશભાઈ બારોટ, બીનાબેન સુભાષભાઈ બારોટ અને જાનકીબેન કનૈયાલાલ ગોસ્વામી સામે ગુનો દાખલ કરીને રોકડા રૂા. ૧૧૨૩૦ કબજે કરાયા હોવાનું આદીપુર પોલીસે જણાવ્યું છે. જ્યારે ગાંધીધામ એ ડીવીઝન પોલીસે સુંદરપુરી રોડ પર વરલી મટકાનો આંકનો જુગાર રમતા શરીફ ઉર્ફે સલમાન ઈકબાલખાન પઠાણને ઝડપી ગુનો દાખલ કર્યો હતો.

# ડો. મહેન્દ્રસિંહ સુરેલાનું કર્મચારી મંડળના હોદ્દેદારો દ્વારા સન્માન



ભુજ - કચ્છઉદય : ગુજરાતના ઐતિહાસિક સૌથી જૂના કચ્છ મ્યૂઝિયમ ખાતે બદલી પામેલ ક્યૂરેટર તરીકે ડૉ. મહેન્દ્રસિંહ સુરેલા હાજર થતા ગુજરાત રાજ્ય સરકારી ફરજ બજાવતા કચ્છ જિલ્લાના કર્મચારી મંડળનાં હોદેદારો દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લા કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ વિવિધ ગુજરાત રાજ્ય સરકારી ફરજ બજાવતા કર્મચારી મંડળના હોદેદારો દ્વારા ડૉ. મહેન્દ્રસિંહ સુરેલાનીનું શાલ ઓઢાડી સહ પુસ્તક આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં એમ. આઈ. બાયડ, હિતેશભાઈ ગોર, રાજેશ આથા, વિનોદભાઈ રાજપુત, ભગવાનજીભાઈ વગેરે મંડળોનાં હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

**કચ્છ ઉદય સાપ્તાહિક**

ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે કચ્છ ઉદય સાપ્તાહિક પત્ર અંગેની માહિતી

ફોર્મ નં.૪

(જુઓ રૂલ નં.૮)

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : કચ્છ ઉદય<br>વોર્ડ-1B જીઆઈડીસી આદિપુર (કચ્છ) |
| ૨. તેના પ્રકાશનની સામયિકતા | : સાપ્તાહિક |
| 3. મુદ્રકનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય<br>ગાંધીધામ (કચ્છ) |
| ૪. પ્રકાશકનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય<br>ગાંધીધામ (કચ્છ) |
| ૫. તંત્રીનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય<br>ગાંધીધામ (કચ્છ) |
| ૬. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનારા ભાગીદારો અથવા શેરહોલ્ડરો હોય તેમના નામ,સરનામા | : ગંગારામ લાલુમલ ભાનુશાલી<br>પ્લોટ નં.૨૮૭, સેકટર - ૧એ<br>ગાંધીધામ, કચ્છ ગુજરાત |

હું ગંગારામ લાલુમલ ભાનુશાલી, આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

ગાંધીધામ, તા.૧-૩-૨૦૨૬, પ્રકાશક : ગંગારામ લાલુમલ ભાનુશાલી

# બોર્ડ પરીક્ષાના જંગમાં કચ્છના વાલીઓ પણ કસોટીની એરણે

**સંતાનોના રિઝલ્ટ કરતા સોશિયલ ઈમેજની ચિંતામાં અનેક વાલીઓની તબિયત લથડી : વાલીઓમાં માથાનો દુખાવો, એસિડિટી અને બ્લડ પ્રેશરની સમસ્યા વધી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં હાલ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓનો માહોલ જામ્યો છે ત્યારે આ પરીક્ષા માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પરંતુ વાલીઓ માટે પણ અગ્નિપરીક્ષા સાબિત થઈ રહી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન દ્વારા કરવામાં આવેલા તાજેતરના સર્વેમાં કચ્છ સહિત રાજ્યભરના વાલીઓની માનસિક સ્થિતિ અંગે ચોંકાવનારો ખુલાસો થયો છે. કચ્છના વાલીઓ પણ હાલ પોતાના સંતાનોના ભવિષ્ય કરતા સમાજમાં પોતાની આબરૂ જળવાઈ રહે તે માટે વધુ ચિંતિત જણાઈ રહ્યા છે. આ સર્વે મુજબ ૧૨૩૩ વાલીઓ પર કરાયેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ૬૬ ટકા વાલીઓને બાળકના પરિણામ કરતા પોતાની સોશિયલ ઈમેજની વધુ ચિંતા છે. કચ્છના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં રહેતા વાલીઓ જ્યારે પડોશી કે સંબંધીઓ સાથે વાત કરે છે ત્યારે સંતાનોની તૈયારી બાબતે પૂછાતા પ્રશ્નોથી વાલીઓ સંકોચ અને ક્ષોભ અનુભવતા હોય છે. આ સામાજિક દબાણ એટલી હદે વકર્યું છે કે કેટલાક વાલીઓ પરીક્ષાના સમયગાળા દરમિયાન માથાનો દુખાવો, એસિડિટી અને બ્લડ પ્રેશર જેવી ગંભીર શારીરિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. મનોવિજ્ઞાનની ભાષામાં આ સ્થિતિને સાયકોસોમેટિક લક્ષણો કહેવામાં આવે છે, જેમાં મનનો અતિશય તણાવ શરીર પર બીમારી સ્વરૂપે દેખાય છે. અમુક વાલીઓએ કબૂલ્યું છે કે, પરીક્ષાના દિવસોમાં તેમના સ્વભાવમાં ચીડિયાપણું અને અકળામણ વધી જાય છે, જેની સીધી અસર ઘરના વાતાવરણ પર પડે છે. નિષ્ણાતોના મતે તણાવગ્રસ્ત વાલીઓ અજાણતા જ તણાવગ્રસ્ત સંતાનોનું નિર્માણ કરી રહ્યા છે.

કચ્છના વાલીઓમાં જોવા મળતી આ સમસ્યાનું મુખ્ય કારણ એ છે કે તેઓ પોતે તણાવમુક્ત થવા માટે યોગ, સંગીત કે વોકિંગ જેવી પ્રવૃત્તિઓ માટે સમય ફાળવતા નથી. સર્વેના આંકડા અનુસાર મોટાભાગના વાલીઓ આવી કોઈ હકારાત્મક પ્રવૃત્તિ કરતા નથી. જો વાલીઓ પોતે શાંત અને સકારાત્મક ન રહે તો તેની નકારાત્મક અસર પરીક્ષા આપતા વિદ્યાર્થીના આત્મવિશ્વાસ પર પડે છે. અંતે વાલીઓએ એ સમજવાની જરૂર છે કે બોર્ડની પરીક્ષાનું પરિણામ એ જિંદગીનું અંતિમ પરિણામ નથી. કચ્છના વાલીઓએ પોતાના સંતાનોને હિંમત આપવી જોઈએ જેથી તેઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે.

## ભુજમાં કોલેજ બહારથી મોપેડની ઉઠાંતરી

ભુજ - કચ્છઉદય : શહેરમાં આશાપુરા મહિલા બી એડ કોલેજ બહાર પાર્કિંગમાં રાખેલ મોપેડની ઉઠાંતરી થઈ હતી. ફરિયાદી નિલેશભાઈ ભીખાભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે પ્લેઝર ટુ વ્હીલર નંબર જીજે૧૨ બીએસ ૫૯૩૩ ની ચોરી કરવામાં આવી હતી. ૨૦ હજારની મોપેડ ચોરાઈ જતા એ ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો હતો.

**નામ બદલાવેલ છે**
હું શમ્મા શાહનવાઝ શેખ રહે.૨૦ વોર્ડ ૯ બી ડી હોટલ અમ્પાયર બાજુમાં ગાંધીધામ -કચ્છ હું શમા શાહનવાઝખાન શૈખ તરીકે ઓળખાતી હતી પરંતુ હવેથી હું શમ્મા શાહનવાઝ શેખ તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ

**નામ બદલાવેલ છે**
હું શાહનવાઝ શકુરખાન શેખ રહે.૨૦ વોર્ડ ૯ બી ડી હોટલ અમ્પાયર બાજુમાં ગાંધીધામ-કચ્છ પહેલા હું શાહનવાઝ શકુરખાન શૈખ તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું શાહનવાઝ શકુરખાન શેખ તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ

**હોળી તેમજ ધુળેટી નિમિતે**
**સ્પે. ઘેવર**
**૧ કિલો રૂા. ૨૪૦/-**
**મળો : ખાવડા લીલાશા**

**નામ બદલાવેલ છે**
હું શમ્મા શાહનવાઝ શેખ રહે.૨૦ વોર્ડ ૯ બી ડી હોટલ અમ્પાયર બાજુમાં ગાંધીધામ -કચ્છ હું શમ્માબેન શાહનવાઝ શૈખ તરીકે ઓળખાતી હતી. પરંતુ હવેથી હું શમ્મા શાહનવાઝ શેખ તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ

**નામ બદલાવેલ છે**
હું અવનીશ જૈન, રહે.૨૩-૨૭/૨૨ સત્યમ પાર્ક-૨, બારોઈ-કચ્છ. પહેલા હું અવનિશ તરીકે ઓળખાતો હતો. પરંતુ હવેથી હું અવનીશ જૈન તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ

**નામ બદલાવેલ છે**
હું શાહનવાઝ શકુરખાન શેખ રહે.૨૦ વોર્ડ ૯ બી ડી હોટલ અમ્પાયર બાજુમાં ગાંધીધામ-કચ્છ હું શાહનવાઝખાન શકુર ખાન શૈખ તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું શાહનવાઝ શકુરખાન શેખ તરીકે ઓળખાઈશ.
તરૂણ એડ

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ, ભાનુશાલી પ્રિન્ટર્સ સર્વે નં. ૩૯૧, શોપ નં. ૧૦૮/૧૦૯/૧૧૦, ગીતા માર્કેટ, મહારાજા ટ્રાન્સપોર્ટની બાજુમાં, માધાપર હાઈ-વે, ભુજથી છપાવીને કચ્છ ઉદય કાર્યાલય, આનંદ ચેમ્બર, સેકન્ડ ફ્લોર, સ્ટેશન રોડ ભુજ - કચ્છથી પ્રસિધ્ધ કરીએ છીએ.
Editor, Printer, Publisher and Owner : Gangaram L. Bhanushali Printed at Bhanushali Printers, Survey No. 391, Shop No. 108/109/110, Geeta Market, Near Maharaja Transport, Madhapar Highway, Bhuj-Kutch and Published from Kutch Uday Karyalaya, Anand Chambers, 2nd Floor, Station Road, Bhuj-Kutch.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# શાબાશ છે...! પશ્ચિમ કચ્છ એસપી શ્રી સુંડાની સમગ્ર ટીમને!

## પોલીસ ધારે તો શું નથી કરી શકતી? મુંદરાલુંટનો ઉકેલ શ્રેષ્ઠ દાખલો



ડીવાયએસપી શ્રી ગૌતમની ટીમ મુંદરા પોલીસની કાર્યવાહી પણ કાબીલેદાદ



**પશ્ચિમ કચ્છ પોલીસની શાનદાર સફળતાઃ** પશ્ચિમ કચ્છ એસપીની ટીમ મુંદરા પોલીસ, એલસીબીઅએસઓજીએ દિવસ-રાતનો રઝડપાટ કરી અને આગવી કોઠાસુઝ અને સંઘભાવના સાથે કામગીરી કરી મુંદરા જ્વેલર્સ લૂંટ પ્રયાસના આંતરરાજ્ય સૂત્રધારોને કરી દીધા જેલહવાલે : આ કામગીર જેટલી દેખાય છે એટલી સરળ અને સહેલી ન હોતી? : ૧૪ દિવસનો વેશપલટો અને ત્રણ રાજ્યોમાં રઝળપાટઃ એસ.પી. વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ પોલીસે ગુનેગારોને દબોચ્યા

### ટીમ શ્રી સુંડાનો કડક સંદેશઃ ગુનેગારોનું હવે ખેર નથી

ગાંધીધામ : આ ઓપરેશન દ્વારા પશ્ચિમ કચ્છ એસપી શ્રી વિકાસ સુંડા અને પોલીસે પણ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે ગુનો કરીને ગમે તેટલા દૂર ભાગશો, કાયદાના હાથ લાંબા છે. હથિયારો સાથે પકડાયેલા આ આરોપીઓ અન્ય રાજ્યોમાં પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે, જેમને પકડીને પોલીસે ભવિષ્યમાં થનારી મોટી લૂંટ કે જાનહાનિને ટાળી દીધી.

**પોલીસની કર્તવ્યનિષ્ઠા અને પ્રજાનો અતૂટ વિશ્વાસ**

### ખાખી વર્દીની ધાક-કર્તવ્યનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ

ગાંધીધામ : મુંદરામાં બનેલી લૂંટના પ્રયાસની ઘટનામાં પશ્ચિમ કચ્છ પોલીસે જે રીતે ગણતરીના દિવસોમાં આંતરરાજ્ય ટોળીને દબોચી લીધી છે, તે માત્ર એક ગુનાનો ઉકેલ નથી પરંતુ ખાખી વર્દીની ધાક અને કર્તવ્યનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જ્યારે માથાભારે ગુનેગારો હથિયારો સાથે ધોળા દિવસે વેપારીઓને નિશાન બનાવતા હોય ત્યારે સમાજમાં ભયનો માહોલ પેદા થવો સ્વાભાવિક છે, પરંતુ પોલીસની આ ઝડપી કાર્યવાહીએ ગુનેગારોમાં ફફડાટ અને સામાન્ય જનતામાં સુરક્ષાનો અહેસાસ જગાડ્યો છે.

ગાંધીધામ : મુંદરામાં ધોળા દિવસે સોની વેપારીની દુકાનમાં બંદૂકની અણીએ લૂંટ ચલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરનાર રીઢા ગુનેગારોને પશ્ચિમ કચ્છ પોલીસે આખરે ઝડપી પાડ્યા છે. એલ.સી.બી. અને એસ.ઓ.જી. ની ટીમોએ સતત ૧૪ દિવસ સુધી ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને સુરત જેવા વિસ્તારોમાં વેશપલટો કરી, જીવના જોખમે તપાસ હાથ ધરી આંતરરાજ્ય ટોળીનો પર્દાફાશ કર્યો છે. ખરેખર શ્રી વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલી કાર્યવાહી કાબીલેદાદ કહી શકાય તેમ છે. પોલીસતંત્રએ મુંદરા કેસમાં કરેલી આ કાર્યવાહથી પ્રજાજનોમાં પોલીસ પ્રત્યેનો વિશ્વાસ વધુ કાયમ અને મજબુત બનયો છે. પોલીસ પ્રજાનો મિત્રની ઉકિતને ખરા અર્થમાં સાર્થક કરી થવા પામી છે. ઘટનાની વિગત અને પોલીસની કામગીરીની ટુંકમાં વાત કરીએ તો મુંદરાની 'રુદ્રાક્ષ જ્વેલર્સ'માં લૂંટના ઈરાદે ત્રાટકેલા શખ્સોને પકડવા માટે પશ્ચિમ કચ્છ એસ.પી. વિકાસ સુંડાએ અલગ-અલગ ટીમો બનાવી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસને બાતમી મળી હતી કે આરોપીઓ અન્ય રાજ્યોમાં છુપાયેલા છે. પોલીસની ટીમે રાજસ્થાનના ધોલપુરના બાડી શહેરમાંથી સતીશ સોરણસિંગ શિકરવાલ અને ઉત્તરપ્રદેશના આગ્રા (ફતેહાબાદ) ખાતેથી રાજેશ ઉર્ફે પટેલ મોટું ને ઝડપી પાડ્યા હતા. આરોપીઓ પાસેથી બે દેશી કટ્ટા અને જીવતા કારતૂસ પણ કબજે કરવામાં આવ્યા છે.આ કેસની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે પોલીસ પાસે ગુનેગારો વિશે કોઈ નક્કર પુરાવા નહોતા. તેમ છતાં, એસ.પી. વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. અને એસ.ઓ.જી.ની ટીમોએ જે ધૈર્ય બતાવ્યું તે કાબિલેદાદ છે. પોતાના પરિવારથી દૂર, સતત ૧૪ દિવસ સુધી અન્ય રાજ્યોમાં વેશપલટો કરીને રઝળપાટ કરવી અને ગુનેગારોની હિલચાલ પર નજર રાખવી એ કોઈ ફિલ્મી વાર્તા નથી, પણ વાસ્તવિક જીવનની કઠિન ફરજ છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાંથી રીઢા ગુનેગારોને જીવના જોખમે પકડી લાવવા તે પોલીસની મજબૂત ઈચ્છાશક્તિ દર્શાવે છે.પશ્ચિમ કચ્છ પોલીસની આ કામગીરી અન્ય જિલ્લાઓ માટે પણ પ્રેરણારૂપ છે. એસ.પી. વિકાસ સુંડા અને તેમની સમગ્ર ટીમને આ સફળતા બદલ અભિનંદન આપવા જ ઘટે.

**આક્રોશ વ્યક્ત કર્યો, હવે આભાર પણ વ્યક્ત કરીએ.!**

## સફળ ડિટેક્શન બાદ હવે વારો વેપારીઓનો : પોલીસતંત્રનો જાહેરમાં કરો 'ઋણ સ્વીકાર'.!

### કાયદો સ્થાપિત છે, તેવી કડક કાર્યવાહી કરનાર શ્રી વિકાસસુંડાની પોલીસ ટીમનું જાહેરમાં કરવુ જોઈએ સન્માન–અભિવાદન

ગાંધીધામ : મુંદરામાં ધોળા દિવસે જ્વેલર્સની દુકાનમાં હથિયારના જોરે લૂંટ ચલાવવાનો પ્રયાસ કરનાર આંતરરાજ્ય ટોળીને પશ્ચિમ કચ્છ પોલીસે જે રીતે દબોચી લીધી છે, તે માત્ર એક તપાસ નથી પણ ખાખીની ખુમારી અને વ્યાવસાયિક કુશળતાનું ઉત્તમ ઉદાહરણ છે. જ્યારે આ ઘટના બની ત્યારે વેપારી આલમમાં ફફડાટ હતો અને પોલીસ તંત્ર પર વહેલી તકે ઉકેલ લાવવાનું દબાણ હતું. આજે જ્યારે એસ.પી. વિકાસ સુંડાના માર્ગદર્શન હેઠળ પોલીસે અશક્યને શક્ય કરી બતાવ્યું છે, ત્યારે હવે સમય છે કે વેપારી સમાજ પોતાનું નૈતિક ઉત્તરદાયિત્વ નિભાવે. કોઈ પણ મજબૂત પુરાવા વગર, માત્ર ટેકનિકલ કડીઓ અને માનવીય સૂઝબૂઝના આધારે અન્ય રાજ્યોમાં જઈને આરોપીઓને પકડવા તે લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. એલ.સી.બી અને એસ.ઓ.જીની ટીમોએ સતત ૧૪ દિવસ સુધી રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના અંતરિયાળ વિસ્તારોમાં વેશપલટો કરીને જે રઝળપાટ કરી, તે તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. પોતાના પરિવારથી દૂર, જીવના જોખમે આ રીઢા ગુનેગારોને પકડી લાવનાર પોલીસ જવાનો ખરેખર અભિનંદનને પાત્ર છે. આ ઘટનાના દિવસે વેપારી સંગઠનોએ એકત્ર થઈને પોલીસને આવેદનપત્ર પાઠવ્યા હતા અને ન્યાયની માંગ કરી હતી. લોકશાહીમાં આ હક વ્યાજબી છે, પરંતુ તેની સામે સિક્કાની બીજી બાજુ પણ એટલી જ મહત્વની છે. જ્યારે પોલીસ તંત્રએ દિવસ-રાત જોયા વગર ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હોય, ત્યારે વેપારીઓનું પણ કર્તવ્ય બને છે કે તેઓ આગળ આવીને આ કામગીરીને જાહેરમાં બિરદાવે. પોલીસ વિભાગ માટે પ્રજાનો સહકાર અને સન્માન એ સૌથી મોટું પ્રોત્સાહન હોય છે. જો મુંદરાના વેપારી મંડળો અને સ્થાનિક આગેવાનો પોલીસ ટીમનું જાહેર સન્માન કરશે, તો તેનાથી માત્ર પોલીસનું માન નહીં વધે, પરંતુ તેમનું નૈતિક મનોબળ પણ આસમાને પહોંચશે. આ એક એવો સંદેશ હશે કે 'પોલીસ અને પ્રજા' એકબીજાના પૂરક છે.કોઈ પણ સફળતા પાછળ ટીમવર્ક અને સખત મહેનત હોય છે. પશ્ચિમ કચ્છ પોલીસની આ નોંધપાત્ર સફળતા બદલ એસ.પી. વિકાસ સુંડા અને તેમની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન. હવે મુંદરાના વેપારીઓએ હૃદયપૂર્વકનું અભિવાદન કરી સાચા અર્થમાં પોતાનું નાગરિક ઉત્તરદાયિત્વ નિભાવવું જોઈએ, જેથી ભવિષ્યમાં પણ પોલીસ આવી જ નિષ્ઠાથી કાર્યરત રહે.એસ.પી. વિકાસ સુંડા અને તેમની સમગ્ર ટીમને અભિનંદન આપવા એ માત્ર શિષ્ટાચાર નથી, પરંતુ પોલીસના મનોબળને વધારવા માટે વેપારીઓનું સામાજિક ઉત્તરદાયિત્વ પણ બને છે તે ન ભુલવું જોઈએ.

**મુંદરાના વેપારીઓ-જ્વેલર્સ સહિતનાઓ કેમ ન આવે આગળ? : વેપારી આલમ અને સ્થાનિક આગેવાનો જો જાહેર કાર્યક્રમ દ્વારા પોલીસનું સન્માન કરશે, તો તેનાથી પોલીસના નૈતિક જુસ્સામાં અનેકગણો વધારો થશે અને કાયદો-વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે.**

**ભ્રષ્ટ નગરપાલિકા કુંભકર્ણની નિંદ્રામાં**

## નખત્રાણા મેઈન બજારમાં ગટરના ગંદા પાણી વહિ નિકળ્યા : વેપારીઓમાં આક્રોશ





**ઝીલમાં રખડતા ઢોરોએ બે લોકોને હડફેટે લીધા : મેઈન બજારમાં ઈન્ટર લોક કામ અધુરૂ મુકતા જીવનું જોખમ : ટ્રાફિક સહિતની સમસ્યા કયારે ઉકેલાશે : ચીફ ઓફિસર સતત ગેરહાજર રહેતા અરજદારોને ધક્કા**

નખત્રાણા - કચ્છઉદય : નગરની મેઈન બજારમાં આજે ગટરના ગંદા પાણી વહી નિકળતા વેપારીઓમાં આક્રોશ ફેલાયો હતો. છેક મેઈન બજારથી લઈ વિરાણી રોડ સુધી એક કિ.મી.માં પાણી વહી નિકળ્યા છે. રાહદારી, વૃદ્ધને ચાલવું દુષ્કર બન્યું છે, તો કુમાર શાળાના ગેટ પાસે ગંદા પાણીનું તળાવ ભરાતા છાત્રોને ભણવું કઠીન બન્યું છે. આ પાણી સતત વહેતા લોકો રસ્તે જતાં મોઢા પર રૂમાલ બાંધવાની નોબત આવી હતી. તો બે દિવસ પહેલા ઝીલ વિસ્તારમાં આખલાઓએ આતંક મચાવતાં બે વૃદ્ધને હડફેટે લીધા હતા અને તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નગરમાં રખડતા ઢોરોનો ત્રાસ વધ્યો છે. અને નગરપાલિકા માત્ર વાતો કરે છે. કોઈ નિર્દોષનો જીવ લે આખલા તે પહેલા પાંજરે પુરવા માંગ ઉઠી છે. બીજીતરફ નગરપાલિકા પ્રજાની સુખાકારી આપવામાં નિષ્ફળ જતાં અને ગુટલીબાજ કર્મચારીઓ સામે તંત્ર કોઈ પગલાં ન ભરતા હવે લોકો કલેકટરને રજૂઆત કરવા મન મનાવી લીધું છે. ચીફ ઓફિસર સ્વાગત કાર્યક્રમમાં ગેરહાજર હતા, સ્વાગત કાર્યક્રમમાં નખત્રાણાના ભીમજીભાઈ વાઘેલાએ ભ્રષ્ટ નગરપાલિકા સામે અનેક દબાણ સહિત પ્રશ્નો ઉઠાવ્યા છે અને ચીફ ઓફિસર સતત ગેરહાજર રહે છે, જેનાથી દુર દુરથી નખત્રાણાના કામે આવતા લોકોને ધક્કા પડે છે. બીજીતરફ નગરપાલિકા શહેર વિસ્તારમાં દબાણો સામે કાર્યવાહી કઈ રીતે કરશે તેવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે. ટ્રાફિકને અડચણરૂપ દબાણોનો રાફડો ફાટ્યો છે. બીજીતરફ નગરમાં વારંવાર થતી ચોરી, ચપાટી, અકસ્માત, અસામાજિક પ્રવૃતિ ઉપર નિયંત્રણ રહે તે માટે સીસી કેમેરા કેમ નથી લગાવતા, રોડ લાઈટ પણ અમુક જગ્યાએ બંધ પડી છે આ બાબતે વેપારી મંડળે અનેક વખત રજૂઆત કરી છે. પાલિકાની ચૂંટણી ન થવાથી ૩ વર્ષ ઉપરાંતથી વહિવટદારનું રાજ ચાલે છે અને ભ્રષ્ટ નગરપાલિકાના કર્મચારીઓ સામે પગલાં ભરવા તંત્ર લાચાર જણાય છે. નખત્રાણા પ્રાંત અધિકારી મેઈન બજારમાં લટાર મારે તો ખબર પડે કે, સમસ્યા અજગરી ભરડો લીધો છે કે, નહીં ? ગટરના ગંદા પાણી રોગચાળો ફેલાવે તે પહેલા બંધ કરવા અને અન્ય વહેતુ પાણી બંધ કરવા માંગ ઉઠી છે. અને આડેધડ માર્ગ પર પાર્ક થતાં વાહનો - હાથલારી સામે પણ પગલાં ભરવા લોક માંગ ઉઠી છે.

## રોઝા–૧૧

### શું ઇસ્લામ શાંતિનો વિરોધી છે ? - ૨

**ઈફતાર : ૬:૫૯** | **સહેરી : ૫:૫૧**

મૂળભૂત રીતે ઈસ્લામ શાંતિ અને સલામતી તરફ લોકોને આહ્વાન કરે છે તથા ખામી રહિત અને તમામ દોષોથી પર શાંતિ - વ્યવસ્થાની સ્થાપના તેનો ઉદ્દેશ્ય છે. ઈસ્લામ જે ઉચ્ચ ગુણો ધરાવતી હસ્તી 'અલ્લાહ'ની ઐક્યતાનું આવાહક છે તથા જેને જગતનો શાસક કહે છે, તેનું એક ગુણવાચક નામ સલામ છે. તેનો અર્થ એ છે કે તે હસ્તી શાંતિ અને સલામતિનો સ્ત્રોત છે, તેથી તે પોતાના બધા બંદાઓને શાંતિ અને સલામતીના ઘર (સ્વર્ગ) તરફ બોલાવે છે. (કુર્આન ૧૦:૨૫). કુર્આન એ શાંતિ અને સલામતિનો માર્ગદર્શક ગ્રંથ છે. (કુર્આન ૫:૧૬). પયગંબર હઝરત મોહમ્મદ સલ્લ. સમગ્ર સૃષ્ટિ માટે દયા અને શાંતિ - સલામતિનો સંદેશ લઈને આવ્યા. (કુર્આન, ૨૧:૧૦૭). ઈસ્લામ ધર્મનું ધાર્મિક કેન્દ્ર 'કાબા' (મક્કા શહેરમાં આવેલું અલ્લાહનું ઘર) શાંતિ અને સલામતીનું કેન્દ્ર છે. (કુર્આન, ૩:૧૯૬).

ઈસ્લામ મુસલમાનોને આદેશ આપે છે કે જ્યારે તેઓ પરસ્પર મળે તો કોઈ વાતચીત પહેલાં એકબીજાને પ્રાર્થના સ્વરૂપે શાંતિ અને સલામતીની બાંહેધરી આપે. (હદીય). ઈસ્લામ તેના અનુયાયીઓને તાકીદ કરે છે કે કોઈના ઘરમાં દાખલ થતાં પહેલાં સૌપ્રથમ શાંતિ અને સલામતિનો સંદેશ મોકલીને પરવાનગી લઈ લે. (કુર્આન, ૨૪:૨૭). તે પોતાના ઘરમાં પણ પ્રવેશ કરતાં પહેલાં ઘરવાળ શાંતિ અને સલામતીની પ્રાર્થના કરી લેવાનું કહે છે. (કુર્આન, ૨૪:૬૧) જુમ્મા ઈસ્લામ પોતાના અનુયાયીઓ ઉપર જે સૌપ્રથમ ચીજ અનિવાર્ય કરે છે તે નમાઝ છે. આ પાંચ વખત પઢવામાં આ નમાઝોમાં મુસલમાન પોતાના માટે અને ઈશ્વરના તમામ સદાચારી બંદાઓ માટે શાંતિ અને સલામતીની પ્રાર્થના કરે છે. નમાઝમાં પૂરા મોહલ્લા માટે, ઈદની નમાઝમાં આખી વસ્તી માટે અને હજમાં આખા વિશ્વ માટે શાંતિ અને સલામતીની પ્રાર્થના કરવામાં આવે છે. ચર્ચાથી ફળીભૂત થાય છે કે ઈસ્લામ જે શાંતિ - દ્રષ્ટિકોણ પ્રસ્તુત કરે છે તેના બે પાસા છે. એક સલામ અને બીજું સુલહ. 'સલામ' ઝઘડો કે વિવાદ શરૂ થયા પહેલાં કોઈ પણ પ્રકારના પગલાં લઈને શાંતિની સ્થિતિને બહાલ અને કાયમ રખવાનું નામ છે. જયારે 'સુલહ' એ ઝઘડો કે વિવાદ શરૂ થયા પછી કોઈ પણ પ્રકારની કોશિશ દ્વારા ઊભી થતી શાંતિ - સ્થિતિને કહે છે. ટૂંકમાં ઈસ્લામ દરેક સંજોગોમાં ન્યાય અને સમાનતા દ્વારા શાન્તિ અને સલામતી કાયમ રાખવાનો પ્રયત્ન કરે છે. તેનો પ્રારંભપણ શાંતિની સ્થાપના માટે છે અને તેનો અંતિમ ચરણ પણ શાંતિની સ્થાપના છે.

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**


## રમઝાન માસના પ્રથમ રોઝા દિને ગુમ યુવાનને ૩૧ વર્ષે પરિવાર મળ્યો




ભુજ - કચ્છઉદય : ઉત્તરપ્રદેશનાં શ્રાવરતી જિલ્લાનાં ઈકોના ગામના નરપતપુર વિસ્તારમાં રહેતો યુવાન અકબરઅલી (ઉ.વ. ૨૬) ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી.વર્ષો પછી તે આણંદનાં માનવતા ચેરીટેબલ ટ્રસ્ટ સેવાશ્રમ મધ્યે પહોંચ્યો હતો. ત્યાનાં સંચાલકોએ તેની સરભરા કરી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજના સિનિયર પેરાલીગલ વોલીન્ટીયર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારાના સામાજિક કાર્યકર રીતુબેન વર્મા આણંદ આશ્રમની મુલાકાતે ગયેલા ત્યારે આ યુવાનને સાથે તેડી આવ્યા હતા. માનવજ્યોતનાં પાલારા-કચ્છ સેવાશ્રમે તે માત્ર ૧૫ દિવસનો મહેમાન બન્યો હતો. યુ.પી. પોલીસની મદદથી તેનું ઘર-પરિવાર શોધી કઢાયા. અકબરઅલીનાં માતા-પિતા તેનાં વિયોગમાં મૃત્યુ પામ્યા છે. તેની પત્ની છે તથા એક દીકરી છે. દીકરી ૩૩ વર્ષની થઇ જતાં તેનાં લગ્ન થઇ ગયા છે તેવું પરિવારજનોએ જણાવ્યું હતું. તેને એક ભાઈ છે અક્રમઅલી. મહારાષ્ટ્રના પનવેલ મધ્યે રહેતા તેના ભત્રીજાઓ મોહમદઈસ્લામ અને મોહમદહારુનખાને ભુજ આવી તેનાં કાકાનો કબ્જો સંભાળતા જણાવ્યું હતું કે, હવે કાકા અમારી સાથે રહેશે. પિયરે રહેતી તેની પત્ની પણ આવી જશે. અને ૩૧ વર્ષ બાદ પતિ-પત્ની પણ સાથે રહેશે. ૩૧ વર્ષો પછી તેનું પરિવારજનો સાથે મિલન થતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. પરિવારજનો તેની ભેટી પડતાં સૌની આંખો અશ્રુભીની બની હતી. આજે તેની ઉંમર ૫૭ વર્ષની થઇ ચુકી છે. માનવતાનાં આ કાર્યમાં પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, દિપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, કનૈયાલા અબોટી, રફીક બાવા, પંકજ કુરવા, દિલીપ લોડાયા, દામજીભાઈ મૈશેરી, ચાંદુભા ચૌહાણ સહભાગી બન્યા હતા.

**સદગુરુ ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવ અંતર્ગત**

## ડોમ્બિવલીમાં એક શામ ઓધવ કે નામ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન



**પૂજ્ય સંત શ્રી હરિદાસજી મહારાજની પ્રેરણાથી ૪૦૫ ફ્લેટ્સના ઓધવ આવાસ પ્રોજેક્ટના નિર્માણ કાર્યનો શુભારંભ અને ભક્તિમય સંગીત સંધ્યાનું આયોજન**

ભુજ - કચ્છઉદય : ડોમ્બિવલીના આંગણે આગામી સમયમાં આધ્યાત્મિકતા અને સેવાનો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. સદગુરુ ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી મહોત્સવના પાવન અવસર પર પૂજ્ય સંત શ્રી હરિદાસજી મહારાજની દિવ્ય પ્રેરણાથી એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઓધવ સંવત ૧૩૭ રવિવાર, તારીખ ૧૫ માર્ચના રોજ ડોમ્બિવલી પૂર્વમાં આવેલા કેડીએમસી ગ્રાઉન્ડ, છત્રપતિ શિવાજી મહારાજ ચોક ખાતે ભવ્ય 'એક શામ ઓધવ કે નામ' કાર્યક્રમ યોજાશે. આ મંગલ અવસરે પૂજ્ય હરિદાસજી મહારાજના આશીર્વાદથી સાકાર થઈ રહેલા 'ઓધવ આવાસ' નામના ભવ્ય પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ ચરણના ૧૦૦ ફ્લેટ્સના નિર્માણ કાર્યનો વિધિવત શુભારંભ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ કુલ ૪૦૫ ફ્લેટ્સનું નિર્માણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જે સમાજ માટે સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડશે.

આ ભક્તિમય કાર્યક્રમની રૂપરેખા મુજબ સાંજે ૪.૩૦ કલાકે વાલરામ ચાલીસા અને સંધ્યા પાઠથી પ્રારંભ થશે, ત્યારબાદ સાંજે ૬.૦૦ કલાકે સદગુરુ હરિદાસજી મહારાજ ભક્તોને આશીર્વચન પાઠવશે. રાત્રિના સમયે ભવ્ય સંગીત સંધ્યાનું આયોજન છે, જેમાં ખ્યાતનામ કલાકારો પૂનમબેન ગઢવી, જીતુભાઈ ભાનુશાલી અને દીપકભાઈ ભાનુશાલી પોતાની કલા દ્વારા ભજન અને ગઝલની રમઝટ બોલાવશે. કાર્યક્રમના અંતે ઓધવ મહારાજ અને ઓધવ મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર આયોજનના એકમાત્ર યજમાન ભગવાન ઓધવરામ અને ભગવાન વાલરામ હસ્તે રાહુલ મંજુલાબેન દેવજી નંદા (બિટ્ટાવાળા પરિવાર - વસઈ) દ્વારા કરવામા આવ્યું છે. સમસ્ત ભારતભરમાં વસતા સદગુરુ પ્રેમીઓને આ દિવ્ય અવસરનો લાભ લેવા માટે ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કાંડાગરા પોલીસ ઘર્ષણ મામલે પકડાયેલા ત્રણ આરોપીઓની જામીન અરજી કોર્ટે ફગાવી

ભુજ - કચ્છઉદય : કચ્છના કાંડાગરા ગામની લેબર કોલોનીમાં થોડા દિવસો પૂર્વે શ્રમિકના આપઘાત બાદ સર્જાયેલા હિંસક ઘર્ષણના મામલે જેલમાં બંધ ત્રણ આરોપીઓની જામીન અરજી અદાલતે નામંજૂર કરી છે. આ બનાવની વિગતો મુજબ, લેબર કોલોનીમાં એક શ્રમિકે આત્મહત્યા કરી હતી, જે બાદ તેની લાશ લઈ જવાના મુદ્દે શ્રમિકોના ટોળા અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ ઘર્ષણ થયું હતું. આ હિંસક ઘટના દરમિયાન સરકારી વાહનને આગ ચાંપી દેવામાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી વ્યાપી ગઈ હતી.આ ચકચારી ઘટનામાં સંડોવાયેલા અને હાલ પાલારા જેલમાં ન્યાયિક હિરાસત હેઠળ રહેલા પવનકુમાર રામખીલવાન, વિનોદ દયારામ તિવારી અને હિમાંશુ રામપૂજન તિવારીએ મુક્તિ માટે જામીન અરજી કરી હતી. આ અરજી પરની સુનાવણી દરમિયાન ભુજના છઠ્ઠા અધિક સેશન્સ જજ વિરાટ અશોકભાઈ બુદ્ધે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને ત્રણેય આરોપીઓના જામીન નકારતો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ સુરેશ એ. મહેશ્વરીએ ધારદાર દલીલો રજૂ કરી હતી.

## ભુજ પ્રસાદી સ્વામિનારાયણ મંદિરમાં 3 હજાર ફુટ લાંબી કુંજગલીનું નિર્માણ

**ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓને તાદ્રશ્ય રૂપે પ્રસ્તુત કરાઈ : લોકોને વૃંદાવન દર્શનની અનુભૂતિ**

ભુજ - કચ્છઉદય : ભુજ સ્વામિનારાયણ મંદિરમાં કુંદગલી એકાદશીનાં મંદિરમાં બિરાજમાન નરનારાયણ આદિ દેવોને કેસુડાનાં વાઘા ધરાવવામાં આવ્યા હતાં, જેના દર્શન માટે મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડયા હતાં. હમીરસર કિનારા ઉપર આવેલા પ્રસાદી સ્વામિનારાયણ મંદિરમાં કુંજગલી એકાદશી નિમિત્તે કુંજગલી ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અંદાજીત ૩ હજાર ફુટ વિવિધ લત્તાઓ, વેલીઓનાં સથવારે કુંજગલીનુ નિર્માણ કરવામાં આવ્યું હતુ. જે હરિભક્તોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

મંદિરના નિલકંઠચરણ દાસજી સ્વામીએ જણાવ્યું હતુ કે, કુંજગલી એકાદશી અને ધુળેટીનો ખુબ મહિમા છે. ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાય અને વૈષ્ણવ સંપ્રદાયમાં પરંપરાથી એકાદશીનાં દિવસે કુંજગલી ઉત્સવ ઉજવવામાં આવે છે. જે અંતર્ગત ભુજ ખાતે આવેલ પ્રસાદી સ્વામીનારાયણ મંદિરમાં નૂતન મંદિરના મહંતસ્વામી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, ઉપમહંત સ્વામી ભગવત જીવન દાસજી, વહીવટી કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, પ્રસાદી મંદિરના મહંત સ્વામી દેવકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ દાસજી, પ્રસાદી મંદિરના કોઠારી સ્વામી માધવપ્રિય દાસજી કુંજગલી વિગેરે સંતો કાર્ય માં સહભાગી થયા હતા.

માહિમાની વાત કરીએ તો વૃદાવન અને મથુરામાં પણ કુંજગલી ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજસ્થાનમાંતો ઠેકઠેકાણે હોળી અને કુંજગલી ઉત્સવ મનાવવામાં આવે છે. એ જ રીતે સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ હોળી, ધુળેટી અને એકાદશી મળી ચાર દિવસ સુધી ઉત્સવ ઉજવવામાં આવે છે. ત્યારે શહેરનાં હમીરસર તળાવનાં કિનારે ઉપલીપાળ વિસ્તારમાં આવેલા પ્રસાદી સ્વામીનારાયણ મંદિરમાં અંદજીત ૩ હજાર ફુટની રમણીય અને જોવાલાયક કુંજગલી બનાવવામાં આવેલ. લતા, વેલીઓ અલગ અલગ વનસ્પતીથી શણગારવામાં આવ્યું હતુ. શુક્રવાર એકાદશીના દિવસે હજારોની સંખ્યામાં હરિભક્તો સવારથી જ દર્શન માટે ઉમટી પડ્યા છે. તેના બીજા દિવસે એટલે શનિવાર સુધી કુંજગલીનાં દર્શન ખુલ્લા રાખવામાં આવતાં મોટી સંખ્યામાં હરિભક્તો અને શહેરીજનોએ કુંજગલીનાં દર્શન કરીને વૃદાવનની યાદ તાજી કરી હતી.

## પહેલા પાનાથી... ઈરાનના સુપ્રીમ લીડર

# મધ્યપૂર્વમાં યુદ્ધથી વિશ્વમાં હાહાકાર

● ઈરાને અમેરીકા-ઈઝરાયેલને કહ્યુ, હારેગા નહી ઝુકેગા નહી ઈરાન ● મીડલ ઈસ્ટ જંગમાં પરમાણું હુમલાનો જોખમ વધ્યું ● જંગ વચ્ચે આઈએઈએ દ્વદારા કાલે ઈમરજન્સી બેઠક બોલાવી ● ઈરાન દ્વાર કેમીકલ હુમલાની આપી છે ધમકી ● ૩ માર્ચ સુધી ઈરાનનું એરસ્પેશ બધ રહેશે ● ઈઝરાચયેલના રક્ષામંત્રીનુ મોટું નિવેદન : જે તબાહ કરવા માંગતો હતો તે ખુદ જ ખતમ થઈ ગયો ● ઈરાની સંસદના સ્પીકરની અમેરીકાને ધમકી : ટ્રમ્પને કિમંત ચૂકવી પડશે● ખામેનાઈના મોત બાદ પીઓકેમાં હિંસા ભડકી : યુએન ઓફીસને આગના હવાલે સોપી દેવાઈ

કે ખામેનેઈ અમેરિકાની ગુપ્તચર એજન્સીઓ અને અદ્યતન ટ્રેકિંગ સિસ્ટમથી બચી શક્યા નહીં. તેમણે દાવો કર્યો કે સંયુક્ત અમેરિકન અને ઈઝરાયેલી હવાઈ હુમલામાં ઈરાનના સૈન્ય અને સરકારી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં ખામેનેઈનું મોત થયું. ટ્રમ્પે ઉમેર્યું કે આ ઈરાની જનતા માટે પોતાના દેશને ફરી મેળવવાની સૌથી મોટી તક છે.

તેમણે વધુમાં જણાવ્યું કે અમને એવી માહિતી મળી રહી છે કે IRGC, સૈન્ય અને અન્ય સુરક્ષા દળોના ઘણા અધિકારીઓ હવે લડવા માંગતા નથી અને રાહતની માંગ કરી રહ્યા છે. ટ્રમ્પે કડક શબ્દોમાં ચેતવણી આપી કે હાલમાં તેમને છૂટ મળી શકે છે, પરંતુ પછી માત્ર મૃત્યુ જ મળશે. આ નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય રાજનીતિમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે.અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી સંયુક્ત હવાઈ બોમ્બમારીને લઈ વૈશ્વિક સ્તરે મિશ્ર પ્રતિક્રિયા મળી રહી છે. કેટલાક દેશોએ તેને આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી ગણાવી છે, જ્યારે કેટલાકે તેને પ્રદેશમાં શાંતિ માટે ખતરો ગણાવ્યો છે. આ સમગ્ર ઘટનાક્રમે આંતરરાષ્ટ્રીય રાજકીય સમીકરણોને હચમચાવી દીધા છે. ૧ તરફ અમેરિકા અને ઈઝરાયેલ પોતાના દાવા પર અડગ છે, જ્યારે બીજી તરફ ઈરાનની ચુપ્પી અને અગાઉના ઈક્રાર પરિસ્થિતિને વધુ ગૂંચવણભરી બનાવી રહ્યા છે.

## શું ઈઝરાયેલ-અમેરિકાના હુમલાથી ઈરાનને બચાવશે રશિયા?

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : અમેરિકા અને ઈઝરાયેલના સંયુક્ત સૈન્ય હુમલા બાદ વૈશ્વિક રાજકારણમાં હાહાકાર મચી ગયો છે. રાજધાની તેહરાનમાં ઘણા બ્લાસ્ટ અને સમગ્ર ઈરાનમાં હુમલાના સમાચાર વચ્ચે રશિયા તરફથી પ્રતિક્રિયા સામે આવી છે. રશિયન સુરક્ષા પરિષદના ઉપાધ્યક્ષ દિમિત્રી મેદવેદેવે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર સીધો હુમલો કરતા કહ્યું કે ટ્રમ્પે ફરી એક વખત પોતાનો 'અસલી રંગ' બતાવી દીધો છે.

રશિયાએ કહ્યું કે પોતાને 'શાંતિ નિર્માતા' ગણાવનારા ટ્રમ્પે ફરી સૈન્યનો રસ્તો પસંદ કર્યો છે. આ નિવેદન ત્યારે સામે આવ્યું છે જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે શનિવારે ઈરાનની વિરુદ્ધ મોટું ઓપરેશન શરૂ કર્યું. શરૂઆતી હુમલાના સમાચાર તહેરાનથી આવ્યા, જ્યાં સર્વોચ્ચ નેતા અલી ખામેનેઈના કાર્યાલય પાસે બ્લાસ્ટના સમાચાર મળ્યા. મળતી માહિતી મુજબ ઈરાનમાં ઘણા ભાગમાં હવાઈ હુમલા થયા અને રાજધાનીની ઉપર ધૂળની ડમરીઓ ઉડતી જોવા મળી.

## કરાચીમાં ઘેરો ગુસ્સોઃ ખામેનેઈના મોત પછી યુએસ એમ્બેસી પર હુમલો

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : કરાચીમાં અમેરિકી કોન્સ્યુલેટ પર હુમલો થયો છે. હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન પાકિસ્તાનના કરાચીમાં એક ટોળાએ યુએસ એમ્બેસીના પરિસરમાં આગ લગાવી અને તોડફોડ કરી.

## ઈરાન-ઈઝરાયેલ-અમેરિકાના યુદ્ધ વચ્ચે ફસાયા ગુજરાતીઓ

(એજન્સી દ્વારા) નવી દીલ્હી :: ઈરાન-ઈરાક-અમેરિકા વચ્ચે જંગ છેડાઈ જતા હવે વિશ્વ યુદ્ધ ૩ ના ભણકારા વાગી ગયા છે તેવું કહી શકાય. આ યુદ્ધ અનેક દેશો માટે આફત લાવશે. પરંતુ આ યુદ્ધને કારણે અનેક ગુજરાતીઓ વિશ્વના વિવિધ દેશોમાં ફસાયા છે. ત્યારે વિવિધ દેશોમાં ફસાયેલા ગુજરાતીઓએ સરકાર પાસે મદદનો હાથ ફેલાવોય છે.મિડલ ઈસ્ટમાં ફેલાયેલ અશાંતિના માહોલમાં ગુજરાતના ૫૫ લોકો ફસાયા છે. આ તમામ લોકો મક્કામાં ગયા હતા. ત્યારે મક્કામાં ફસાયેલા અમદાવાદીઓએ ખાસ વાતચીતમાં જણાવ્યું કે, મક્કામાં પવિત્ર યાત્રા માટે ગુજરાતના પરિવારો ગયા હતા. ગઈકાલે એરપોર્ટ પર પહોચ્યા અને યુદ્ધની શરૂઆત થતા તમામ લોકો અટવાયા છે. હાલ મક્કા પાસે તમામ ૫૫ લોકો હોટલમાં રોકાયા છે. અમે વિદેશ મંત્રાલય અને સ્થાનિક ધારાસભ્યને રજૂઆત કરી છે.

મક્કામાં ફસાયેલા ગુજરાતના લોકોએ કહ્યું કે, હોટેલના ભાડા મોંઘા હોવાથી રૂપિયા ખતમ થઈ ગયા છે. બહાર નીકળતા ડર લાગી રહ્યો હોવાનો ફસાયેલા મુસાફરોએ દાવો કર્યો છે. ભારત સરકાર જલ્દી દેશમાં પરત લાવે એવી માંગ છે. મક્કામાં ભારતીય દૂતાવાસ તરફથી પણ મદદ ના મળતી હોવાનો દાવો તેઓએ કર્યો છે.

તો રાજકોટના એક પરિવારના ત્રણ સભ્યો દુબઈમાં નોકરી કરે છે. અપરિવારના ચાર સભ્યો પૈકી ત્રણ દુબઈમાં છે. પિતા પુત્ર અને પુત્રી છેલ્લા ત્રણ વર્ષથી રેસ્ટોરન્ટમાં નોકરી કરે છે. પરિવાર જે સ્થળે રહે છે ત્યાંથી ૨૦ કિલોમીટર દૂર જ મિસાઈલ હુમલો થયો હતો. ત્યાં ટર્મિનલ ત્રણમાં હુમલો કરાયો હતો.

## ગાંધીધામની સન ફ્લાવર સ્કૂલના ૩૧મા સ્થાપના દિવસની ઉજવણી



ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સ્થિત સન ફ્લાવર સ્કૂલ દ્વારા સંસ્થાના ૩૧મા સ્થાપના દિવસ (ફાઉન્ડર ડે) અને વાર્ષિક રમતગમત મહોત્સવની ઉત્સાહભર્યા વાતાવરણમાં શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દાયકાથી શિક્ષણ અને સર્વાંગી વિકાસના ક્ષેત્રે કાર્યરત આ સંસ્થાનો આ કાર્યક્રમ તેની ગરિમાને અનુરૂપ ભવ્ય રહ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં મુખ્ય મહેમાન, શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, સ્ટાફ અને વાલીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા શિસ્તબદ્ધ માર્ચ પાસ્ટ યોજાઈ હતી, જેણે સૌના મન મોહી લીધા હતા. આ સાથે કિન્ડરગાર્ટનના ભૂલકાઓ દ્વારા રંગબેરંગી ડ્રીલ્સ અને ઉર્જાથી ભરપૂર ઝુમ્બા પરફોર્મન્સ રજૂ કરવામાં આવ્યું હતું.

આ રમતગમત મહોત્સવ દરમિયાન વિવિધ દોડ અને ખેલકૂદની સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા, આત્મવિશ્વાસ અને ખેલદિલીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

મુખ્ય અતિથિએ વિદ્યાર્થીઓના કૌશલ્યની પ્રશંસા કરી હતી અને સતત ૩૧ વર્ષથી શિક્ષણ જગતમાં મહત્વનું પ્રદાન આપવા બદલ શાળા મેનેજમેન્ટને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે શાળાના ટ્રસ્ટીઓ, આચાર્ય, શિક્ષકો અને સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## ઇઝરાયલી હુમલાઓએ ઈરાની સેનાને હચમચાવી નાખી, ૭ ટોચના અધિકારીઓનું થયું મોત

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે વધુ હિંસક બની રહ્યું છે. બંને તરફથી સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં સેંકડો લોકોએ જીવ ગુમાવ્યા છે. આ સાથે જ, ઈરાની મીડિયાએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લા અલી ખામનેઈના નિધનની પુષ્ટિ કરી છે. ઈઝરાયેલ અને અમેરિકાએ શનિવારે ઈરાનની રાજધાની તેહરાન સહિત અનેક શહેરો પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલી હુમલામાં ઈરાનના ૭ વરિષ્ઠ અધિકારીઓ પણ માર્યા ગયા છે. IAF (ઈઝરાયેલી વાયુસેના)ના ફાઈટર જેટ્સે ઈરાનમાં સૈન્ય લક્ષ્યો પર ચોક્કસ હુમલા કર્યા હતા. આ જ કારણ છે કે સૈન્ય મથકો સંપૂર્ણપણે તબાહ થઈ ગયા છે, જેમાં ઈરાની સંરક્ષણ નેતૃત્વના ૭ વરિષ્ઠ અધિકારીઓ માર્યા ગયા છે.

# માંડવી તાલુકા પંચાયતનું અંદાજપત્ર મંજુર



ધ્રબુડી તીર્થ ખાતે યોજાયેલી સામાન્ય સભામાં વિકાસલક્ષી આયોજનને લીલીઝંડી

માંડવી - કચ્છઉદય : ગુંદિયાળી નજીક આવેલા ધ્રબુડી તીર્થ ખાતે માંડવી તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી, જેમાં વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા બજેટ તથા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રને સર્વાનુમતે આખરી બહાલી આપવામાં આવી હતી. તાલુકાના વિકાસકાર્યો, ગ્રામ્ય સુવિધાઓના વિસ્તરણ અને પ્રજાલક્ષી યોજનાઓ અંગે સભામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

તા.પં. પ્રમુખ કેવલભાઈ ગઢવીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે પવિત્ર ધ્રબુડી તીર્થ પ્રેરણાનું કેન્દ્ર છે અને અહીં યોજાયેલી બેઠક તાલુકાના સર્વાંગી વિકાસ માટે સંકલ્પ બદ્ધ બનવા પ્રેરણા આપે છે. ગુજરાતના સૌથી યુવા તાલુકા પંચાયત પ્રમુખ તરીકે તક આપવા બદલ પક્ષના નેતૃત્વ તેમજ તાલુકા પંચાયતના સદસ્યો અને વહીવટી તંત્રનો તેમણે આભાર વ્યક્ત કર્યો હતો. ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, પક્ષ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, સાંસદ વિનોદભાઈ ચાવડા અને તાલુકા ભાજપ પ્રમુખ સામતભાઈ ગઢવીના માર્ગદર્શન બદલ પણ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

કારોબારી સમિતિના ચેરમેન વિક્રમસિંહ જાડેજાએ તાલુકાના ગામડાંઓમાં સુશાસનના માર્ગે પાણી, માર્ગ, સ્વચ્છતા અને શૈક્ષણિક સુવિધાઓ જેવા ક્ષેત્રોમાં હાથ ધરાયેલા વિકાસકાર્યો અંગે માહિતી આપી હતી. તાલુકા પંચાયત સદસ્ય દેવાંગભાઈ સાખરાએ વિવિધ સ્થાનિક પ્રશ્નો રજૂ કરી તેમના નિરાકરણ માટે જરૂરી પગલાં લેવાની માંગણી કરી હતી.

જિલ્લા પંચાયત સદસ્ય કેશવજીભાઈ રોશિયા, વિપક્ષી નેતા અરવિંદસિંહ જાડેજા અને ઉપપ્રમુખ શિલ્પાબેન નાથાણી સહિતના આગેવાનોએ પ્રજાલક્ષી યોજનાઓના અમલ અને પારદર્શક વહીવટ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તાલુકા વિકાસ અધિકારી ઈશ્વર માજીરાણા એ ચાલુ અને પ્રસ્તાવિત યોજનાઓની વિગતો રજૂ કરી હતી. નાયબ હિસાબનીશ દિનેશ સુથારે વર્ષ ૨૦૨૫-૨૬ના સુધારેલા હિસાબો તથા વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રનું વાંચન કર્યું હતું, જેને સભાએ મંજૂરી આપી હતી.

સભામાં ન્યાય સમિતિના ચેરમેન કાન્તાબેન શિરોખા, ઝવેરબેન ચાવડા, ભૂપતસિંહ જાડેજા, હરેશ રંગાણી, જશુબેન છાભૈયા, વિનોદ જબુઆણી, બળુભા જાડેજા, ખીમરાજ ગઢવી, દિલીપસિંહ જાડેજા, લક્ષ્મણ પટેલ, શિક્ષણાધિકારી કમલેશ ખટારિયા, હર્ષદ પટેલ, કરણ કોલી સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન વિસ્તરણ અધિકારી નિકુંજ ભટ્ટે કર્યું હતું. બજેટને મંજૂરી મળતા આગામી વર્ષમાં તાલુકાના વિકાસકાર્યોને વધુ ગતિ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

## પહેલા પાનાથી...

### ગુજરાત સેમીકન્ડકટર

સહીતના ક્ષેત્રોમાં પોતાની વૈશ્વીક ભુમિકાને મજબુત બનાવવા માટે તેજીથી આગળ વધી રહ્યા છે. પીએમશ્રીના નેતૃત્વમાં પોલીસીથી પ્રોડશન સુધી બદલાવની તેજ ગતીએ આગળ વધી રહ્યા છે. આજથી શરૂ થઈ રહેલી આ કોન્ફરન્સ ભારતના ગ્રોજ એન્જીનને એન્જીન ઓફ ધી વલ્ડ બનાવવાનો સંકલ્પ છે. ગુજરાત આજે સંદેશ આપે છે કે અહી પોલીસી સ્ટેબીલીટી છે, ઈઝ ઓફ બિઝનેશ છે, પોલીટીકલ વ્હીલ પણ છે. આજે ગુજરાત સેમીકન્ડકટર ક્ષેત્રમાં ગુજરાત મોખરે પહોચી રહ્યું છે. ગુજરાત આજે આ ક્ષેત્રમાં નવી તકો અને નવા અવસરો પ્રાપ્ત કરી રહ્યુ છે. મોદીજીના નેતૃત્વમાં આજે ટેકનોલોજી આધારીત વિકાસને પ્રાથમિકતા મેળવી રહયુ છે. જયારે વિશ્વના રોકાણકારો ભારતમાં રોકાણ માટે આવે છે ત્યારે તેઓની પ્રથમ પસંદગી ગુજરાત રહે છે. કારણકે ગુજરાત મોદીજીના નેતૃત્વમાં વિકાસનો રોલ મોડેલ છે. ગુજરાતને અઢીદાયકા કરતા વધુ સમયથી મોદીજીના નેતૃત્વનો લાભ મળ્યો છે. ધોલેરા અને સાણંદ આજે ભવિષ્યની જરૂરીયાત અનુસાર માળખાગત સુવિધાનુ અમે નિર્માણ કરી રહ્યા છીએ. આ કોન્ફરન્સ આત્મનિર્ભર ભારતની રાહ આત્મિર્નિભર ગુજરાતથી થઈને જશે. તેઓએ કહ્યુ કે, વિકસીત ભારતના મોદીજીના સંકલ્પને ચીફથી ચેમ્પિયન સુધીની મંજીલ નિશ્રિત કરી રહ્યુ છે. આજ રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રી અશ્વીની વૈષ્ણવ પણ હાજર રહ્યા હતા.

### સાયન્સ, ટેકનોલોજી

વિકસિત ગુજરાતથી વિકસિત ભારત @૨૦૪૭'' ના વિઝનને સાકાર કરવા આ નીતિ રાજ્યને ટેક્નોલોજીમાં આત્મ નિર્ભર બનાવશે અને વૈશ્વિક સ્તરે આગળ વધવામાં મદદરૂપ થશે.

### દુનિયાના ગળે ઈરાને

એકમાત્ર રસ્તા પર નિર્ભર છે. આ માર્ગ બંધ થવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા તેલ (બ્રેન્ટ ક્રૂડ) ની કિંમત રોકેટ ગતિએ વધીને ૧૫૦ ડોલર પ્રતિ બેરલને પાર કરી જવાની શક્યતા છે, જે વિકસિત અને વિકાસશીલ દેશોના બજેટને વેરવિખેર કરી નાખશે.

ભારત માટે આ સમાચાર અત્યંત ચિંતાજનક છે, કારણ કે ભારત પોતાની જરૂરિયાતનું ૮૦ ટકાથી વધુ તેલ આયાત કરે છે અને તેનો મોટો હિસ્સો આ જ માર્ગેથી આવે છે. જો લાંબા સમય સુધી આ નાકાબંધી ચાલુ રહેશે, તો ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજી ગેસના ભાવમાં અસહ્ય વધારો થઈ શકે છે, જેની સીધી અસર ટ્રાન્સપોર્ટેશન અને ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર પડશે. મોંઘવારીનો આ નવો રાક્ષસ ભારતીય અર્થતંત્રના વિકાસ દરને ધીમો પાડી શકે છે. ભારત સરકાર હવે વૈકલ્પિક માર્ગો અને અન્ય દેશો સાથે તેલ પુરવઠા માટે રાજદ્વારી સ્તરે મંત્રણાઓ તેજ કરે તેવી અપેક્ષા છે.

ઈરાન અને પશ્ચિમી દેશો વચ્ચેનો આ તણાવ હવે નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે. અમેરિકા અને તેના સહયોગી દેશો આ માર્ગને ખુલ્લો કરાવવા માટે સૈન્ય કાર્યવાહી કરે તેવી પૂરેપૂરી સંભાવના છે, જે સીધી રીતે ત્રીજા વિશ્વયુદ્ધ તરફ દોરી જઈ શકે છે. જો સમુદ્રમાં યુદ્ધ ફાટી નીકળશે, તો માત્ર તેલ જ નહીં પણ સમગ્ર વિશ્વનો વેપાર ઠપ્પ થઈ જશે. અત્યારે સમગ્ર વિશ્વની નજર યુએન સિક્યુરિટી કાઉન્સિલ અને મહાસત્તાઓ પર ટકેલી છે કે તેઓ આ 'એનર્જી ઈમરજન્સી' માંથી દુનિયાને કેવી રીતે બહાર કાઢે છે.

## કચ્છના રેલ્વે વિકાસ માટે ગાંધીધામ ચેમ્બરના પ્રતિનિધિમંડળની પશ્ચિમ રેલવે સમક્ષ નવી ટ્રેનો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગોપાલપુર સ્ટેશન મુદ્દે ભારપૂર્વક રજૂઆત



ગાંધીધામ : કચ્છના વ્યાપાર, ઉદ્યોગ અને પ્રવાસન હિતોને ધ્યાનમાં રાખી ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું પ્રતિનિધિમંડળ પશ્ચિમ રેલવેના ઉચ્ચ અધિકારીઓને ગાંધીધામ રેલ્વે મથકે શુભેચ્છા મુલાકાત અર્થે મળ્યું હતું. પ્રતિનિધિમંડળમાં ચેમ્બરના ખજાનચી શ્રી કૈલેશ ગોર, પૂર્વ પ્રમુખ તથા DRUCC સભ્યો સર્વશ્રી પારસમલ હાટા અને રાકેશકુમાર જૈન સામેલ રહ્યા હતા. પ્રતિનિધિમંડળે પશ્ચિમ રેલવેના પ્રિન્સીપાલ ચીફ કોમર્શિયલ મેનેજર શ્રી તરુણ જૈન તેમજ ગાંધીધામ સ્થિત એ.આર.એમ. શ્રી આશિષ ધનિયા સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. બેઠક દરમિયાન કચ્છ જિલ્લાના વિશિષ્ટ ભૌગોલિક, વ્યાપારી અને વ્યૂહાત્મક મહત્વને ધ્યાને લઈ અનેક અગત્યના મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા હતા. ગાંધીધામ ચેમ્બર દ્વારા મુખ્યત્વે દિલ્હી-સરાઈ રોહિલ્લા ટ્રેન તેમજ ભૂજ–બાંદ્રા ટર્મિનસ ટ્રેનને દૈનિક દોડાવવાની વ્યાજબી માંગ સાથે જ ચીરઈ ખાતે ગુડ્સ સાઈટના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ, માલવહન સુવિધાઓના વિસ્તરણ અને કચ્છના બંદરો પર વધતા આયાત-નિકાસ ટ્રાફિકને અનુરૂપ વધુ માલગાડીઓ ફાળવવા રજૂઆત કરવામાં આવી હતી. તદુપરાંત, ગાંધીધામના વિકલ્પરૂપે આકાર લઈ રહેલા ગોપાલપુર રેલ્વે સ્ટેશન અંગે પણ ચેમ્બરે સ્પષ્ટ મંતવ્ય રજૂ કર્યું હતું કે, સ્ટેશનની અંદર અને બહારની તમામ સુવિધાઓ જેવી કે, મુસાફરો માટે પાર્કિંગ, વેઈટિંગ એરિયા, શૌચાલય, કનેક્ટિવિટી રોડ, લાઈટિંગ અને સુરક્ષા વ્યવસ્થા, સંપૂર્ણપણે તૈયાર થાય ત્યાં સુધી હાલની યથાવત વ્યવસ્થા જાળવવી અત્યંત જરૂરી હોવાનું જણાવેલ. કચ્છ જેવા સરહદી અને વિશાળ જિલ્લામાં છેવાડાના ગામો સુધી રેલ્વે કનેક્ટિવિટી મજબૂત બને, કચ્છના વિકસતા પ્રવાસન ક્ષેત્ર અને એન.આર.આઈ. વર્ગને સુલભ સેવા મળે તેમજ ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભારત સાથે સીધી ટ્રેન સુવિધા વધે તે માટે ચેમ્બરે વિશેષ ભાર મુક્યો હતો.ચેમ્બર પ્રમુખ શ્રી તેજા કાનગડે જણાવ્યું હતું કે, કચ્છ ભારતનો સરહદી અને વ્યૂહાત્મક રીતે અતિમહત્વનો જિલ્લો છે, જ્યાંથી દેશના મહાબંદરો મારફતે વિશાળ પ્રમાણમાં આયાત-નિકાસ થાય છે. રેલ્વે નેટવર્કનું સશક્તિકરણ માત્ર મુસાફરી સુવિધા પૂરતું નથી, પરંતુ તે રાષ્ટ્રીય સુરક્ષા, વેપાર વૃદ્ધિ અને પ્રાદેશિક સંતુલિત વિકાસ માટે અનિવાર્ય છે.

તેજા કાનગડે જણાવ્યું હતું કે, દિલ્હી-સરાઈ રોહિલ્લા અને ભૂજ–બાંદ્રા ટર્મિનસ જેવી ટ્રેનોને દૈનિક બનાવવાથી વેપારીઓ, વિદ્યાર્થીઓ, દર્દીઓ અને પ્રવાસીઓને સીધી અને નિયમિત સુવિધા મળશે. કચ્છના એન.આર.આઈ. સમુદાય માટે પણ મેટ્રો શહેરો સાથે સુલભ જોડાણ ખૂબ જરૂરી છે.શ્રી કાનગડે વધુમાં જણાવ્યું કે, ચીરઈ ગુડ્સ સાઈટ અને અન્ય માલવહન સુવિધાઓના વિકાસથી બંદરો આધારિત ઉદ્યોગોને સ્પર્ધાત્મકતા મળશે, ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો થશે અને ''મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વેગ મળશે. ગોપાલપુર સ્ટેશનનું વિકાસ કાર્ય સંપૂર્ણતા અને ગુણવત્તા સાથે પૂર્ણ થાય તે ચેમ્બરની પ્રાથમિકતા છે, અને મુસાફરોને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે તબક્કાવાર અમલ જરૂરી છે.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, ગાંધીધામ-કચ્છ વિસ્તાર, દેશના લોજિસ્ટિક્સ અને પોર્ટ આધારિત અર્થતંત્રનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહ્યું છે. આવી પરિસ્થિતિમાં રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ એ સમયની માંગ છે. સાથે કચ્છના છેવાડાના ગામો સુધી સુલભ અને સસ્તી મુસાફરી સુવિધા ઉપલબ્ધ થાય તો સામાજિક અને આર્થિક ગતિશીલતા વધશે. પ્રવાસન ક્ષેત્ર, ખાસ કરીને રણોત્સવ અને ધાર્મિક-સાંસ્કૃતિક સ્થળોની મુલાકાત માટે વિશેષ ટ્રેનો, મોટી ભૂમિકા ભજવી શકે તેમ હોવાનું ભારપૂર્વક જણાવેલ. શ્રી મહેશ તીર્થાણીએ વધુમાં જણાવ્યું કે, ગોપાલપુર સ્ટેશનને આધુનિક સુવિધાઓ સાથે વિકસાવવામાં આવે અને ત્યાં સુધી હાલની વ્યવસ્થા જાળવી રાખવી એ જનહિતમાં બેહદ જરૂરી છે. ચેમ્બર હંમેશા સંવાદ અને સહકારની ભાવનાથી કાર્ય કરે છે અને રેલ્વે તંત્ર સાથે સંકલન કરી કચ્છના હિતોને પ્રાથમિકતા આપવા પ્રતિબદ્ધ છે. અંતમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પશ્ચિમ રેલવે તંત્ર કચ્છની ભૌગોલિક વિશાળતા, સરહદી સંવેદનશીલતા અને વ્યાપારી મહત્ત્વને ધ્યાનમાં રાખી ટ્રેન તથા માલવહન સુવિધાઓમાં તર્કસંગત વધારો કરશે, જેનાથી સમગ્ર પ્રદેશના સર્વાંગી વિકાસને નવો વેગ મળશે. તેમણે આ તબક્કે ચેમ્બરના કૈલેશ ગોર, પારસમલ ન્હાટા અને રાકેશકુમાર જૈનના પ્રતિનિધિમંડળની રજૂઆતને, પશ્ચિમ રેલવેના અધિકારીઓએ સહાનુભૂતિપૂર્વક સાંભળી યોગ્ય સ્તરે વિચારણા કરવાની ખાતરી આપી છે, જે કચ્છ માટે સકારાત્મક સંકેત હોવાનું જણાવેલ. તેવું ગાંધીધામ ચેમ્બરના માનદ મંત્રી શ્રી મહેશ તિર્થાણીએ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## રત્નાપરમાં યોજાયેલા હિન્દુ સંમેલનમાં

# દેવીચંદુમાએ સત્સંગમાં જોડાયેલા રહેવા અંતરના પાઠવ્યા આશિર્વાદ









ગઢશીશા - કચ્છઉદય : હિન્દુ જાગરણની દિશામાં નવી ઉર્જાને ચેતના પ્રદાન કરવા માટે સમસ્ત હિન્દુ સમાજ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યા છે, જેમાં પ્રથમ હિન્દુ સંમેલન અઠવાડિયા પૂર્વે ગઢશીશા વિસ્તારના દરશડી ગામે યોજાયું હતું, જેમાં વિવિધ સંતો અને ધર્મગુરૂઓએ માર્ગદર્શન કર્યું હતું, જયારે બીજુ સંમેલન આજે રત્નાપર ગામે યોજાયું હતું, જેમાં વિવિધ સંતો, ધર્મગુરૂઓ અને મોટી મઉં, નાની મઉં, પોલડિયા, મકડા, પ્યાકા, દેવપર અને વાસાણી ફાર્મના સમસ્ત હિન્દુ સમાજના ભાઈ - બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી ધર્મની જાગૃતતા માટે માર્ગદર્શન મેળવ્યું હતું.

**સમસ્ત હિન્દુ સમાજના સંતો અને વિવિધ સમાજના ધર્મગુરૂઓએ ધર્મની જાગૃતિ માટે કર્યુ માર્ગદર્શન : રત્નાપર વિસ્તારના મોટી મઉં, નાની મઉં, પોલડિયા, મકડા, પ્યાકા, દેવપર (ગઢ) અને વાસાણી ફાર્મના લોકો જોડાયા : વાસાણી ફાર્મથી ધર્મધજા સાથે બાઈક રેલી યોજાઈ**

આ પ્રસંગે સમયની વ્યસ્તતા વચ્ચે અંબેધામના દેવી ચંદુમાએ હાજરી આપી અંતરના આશિર્વાદ પાઠવતાં તમામ ભાઈ - બહેનોને ધર્મની જાગૃતતા માટે સત્સંગમાં જોડાવા શીખ આપી હતી.

રવિભાણ આશ્રમના મહંત સુરેશદાસજી મહારાજ, શિવ સાંઈ આશ્રમ શેરડીના વેલજી બાપુ, મહેશ્વરી સમાજના ધર્મગુરૂ ભાણજીભાઈ મેઘાણી, દેવપર અલખમઢીના મંગલદાસ બાપુ વણજારા, ઓધવરામ વૈદિક ગુરૂકુળના આચાર્ય ગૌરવ, મઉંના ભાગવતકાર શાસ્ત્રી હિમાંતુશભાઈ જોષી, વિધાભારતી પશ્ચિમ કચ્છ વિભાગના કોષાધ્યક્ષ નયનભાઈ ચાવડા, પારસ ટેકરીના રાજેન્દ્રગીરી ગોસ્વામી સહિતનાઓએ હાજરી આપી હિન્દુ સંમેલનનું માર્ગદર્શન કર્યું હતું.

રત્નાપર ગામની બાળાઓએ રામચરિત્ર ઉપર સહઅભિનય કુતી રજુ કરી હતી, જેથી દેવી ચંદુમા પ્રભાવિત થઈ પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. આયોજન સંકલન સમિતિ દ્વારા સંતો, મહંતો અને ધર્મગુરૂઓનું સન્માન કરાયું હતું. આયોજનને સફળ બનાવવા ગામે ગામના સમસ્ત હિન્દુ સમાજ સંકલન સમિતિના સદસ્યો અને યુવા કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ગામે ગામના વિવિધ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓએ હાજરી આપી આયોજનને બિરદાવ્યું હતું.

## ગાંધી શતાબ્દી ઉજવણીમાં નિબંધના ઈનામનું વિતરણ

**હલદી કંકુ તેમજ માતૃભાષા દિનની ઉજવણી કરાઈ**



ગાંધીધામ - કચ્છઉદય : ભુજ લાયોનેસ ક્લબ દ્વારા નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી, જેના વિજેતાઓને ઈનામ વિતરણ, હલદી કંકુ તેમજ વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી માટે કાર્યક્રમ યોજાયો હતો. અતિથિ વકતા તરીકે મહિલા કોલેજના પ્રાચાર્ય ડો. હિનાબેન ગંગર તેમજ સ્પર્ધકો, બહેનોનું સ્વાગત પ્રમુખ જયશ્રીબેન શાહે કર્યું હતું. બેલા શાહે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. હલદી કંકુમા રીટાબેન મહેતા, ભાવનાબેન ઝવેરી, હિના સેજપાલ, રક્ષા ગણાત્રા, નયના માણેકે કુમકુમ તિલકથી પ્રતીક ભેટથી સન્માન કર્યું હતું. નૂતન મહેતા વિશ્વ માતૃભાષા દિન નિમિતે મારા હસ્તાક્ષર મારી ભાષામાં સુત્ર મુજબ સૌએ ગુજરાતીમાં હસ્તાક્ષર કરેલ હતા. વકતા ડો. હિનાબેને નારી સશક્તિકરણ, સ્વચ્છતા, ડિજીટલ શિક્ષણ, પર્યાવરણ સુરક્ષા, સ્વાવલંબનમાં બહેનો આગળ કામ કરી શકે છે. વિજેતાઓ પ્રથમ નંબર રૂપલ મહેતા, ગોસ્વામી, મહેક, જોષી, આરતી, રિદ્ધિ શાહને પ્રીતિ પવાણી, મીનાબેન ચૌહાણ, ઉષા પરદેશી, દિવ્યાબેન, નૂતનબેને ઈનામો આપ્યા હતા. વ્યવસ્થા બેલાબેન, હિનાબેન, શિલ્પાબેન, પ્રીતિબેન, પુષ્પાબેન, અંજનાબાએ કરી હતી. સંચાલન બેલાબેન અને આભારવિધિ રીટાબેન મહેતાએ કરેલ હતી.

## ગાંધીધામમાં બે બાઈક ભટકાઈ અને યુવાન પરથી ટ્રકના ટાયર ફરી વળતાં મોત

ગાંધીધામ - કચ્છઉદય : શહેરમાં નૂરી મસ્જિદની સામે સર્વિસ રોડ પર એમઆરએફ ટાયરના શોરૂમ પાસે અકસ્માતની ઘટના સામે આવી હતી.

મૂળ યુપીના હાલે ગાંધીધામમાં રહેતા દિપચંદ્ર રામકુમાર કુરીલના જણાવ્યા પ્રમાણે બાઈક નંબર જી.જે. ૧૩ આરઆર ૫૮૨૦ના ચાલકે પોતાના કબ્જાની બાઈક પુર ઝડપે ચલાવી ફરિયાદીના ભાઈના કબ્જાની બાઈક નંબર જી.જે. ૧૨ સીસી ૭૮૧૧ સાથે ભટકાવી અકસ્માત કરી બાઈક સાથે મરણજનાર ફરિયાદીના ભાઈ અજયકુમાર તથા તેની પાછળ બેઠેલ મોહંમદ સાકીર નીચે પડી ગયા હતા. આ દરમિયાન ટ્રક નંબર જી.જે. ૧૦ એક્સ ૮૮૫૨ પસાર થઈ, જેના પાછળના ટાયરમાં આવી જતાં ફરિયાદીના ભાઈ મરણજનાર અજયકુમારને માથા સહિત ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જયારે મોહંમદ સાકીરને ઈજાઓ થઈ હતી. બનાવ અંગે એ ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## અજરામર યુથ ભુજ દ્વારા અજરામર જીવદયા સંવેદનશીલપ્રેમી સેવા પ્રવૃતિમય બન્યું



અજરામર યુથ ભુજ દ્વારા આયોજિત પ. પૂ. ગચ્છાધીપતિ આચાર્ય ભગવંત ગુરુદેવ શ્રી ભાવચંદ્રજી સ્વામીના આશીર્વાદ અને પ. પૂ. દર્શનમુની મ.સા.ની પ્રેરણાથી તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રવિવારે સવારે હોસ્પિટલ રોડ મધ્યે અબોલ જીવો માટે પાણીના કુંડા અને અબોલ પશુ માટે પાણીની કુંડીનું દાતાઓના સહયોગથી નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું.જેમાં ભૂજના ૨૨૦ થી વધુ લોકોએ કુંડા અને કુંડી વિતરણનો લાભ લીધો હતો અને લગભગ ૩૦૦ જેટલાં કુંડા અને ૧૫૦ જેટલી કુંડીઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીધામની જૂની સુંદરપુરી પ્રાથમિક શાળાની દિલ્હીના જોઈન્ટ સેક્રેટરીએ મુલાકાત લીધી



ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના જૂની સુંદરપુરી વિસ્તારમાં આવેલી પીએમ પ્રાથમિક શાળાની તાજેતરમાં દિલ્હીથી પધારેલા જોઈન્ટ સેક્રેટરી ડો. મીનાક્ષી જોલીએ વિશેષ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમની સાથે કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પૃથ્વીરાજસિંહ ઝાલા, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉમેશભાઈ રૂઘાણી તથા બીટ કેળવણી નિરીક્ષક હિમાંશુભાઈ સીજુ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ શાળાની વિવિધ શૈક્ષણિક સુવિધાઓનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓ સાથે મૈત્રીપૂર્ણ સંવાદ સાધ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જૂની સુંદરપુરી જેવા શ્રમિક વિસ્તારમાં આ શાળા બાળકોના ભવિષ્ય માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. અંતમાં આચાર્ય હિરેનભાઈ પંચાલ અને સમગ્ર સ્ટાફની કામગીરીને બિરદાવી આગામી સમયમાં શાળાની પ્રગતિ માટે પૂર્ણ સહયોગની ખાતરી સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ઉનાળાની દસ્તક વચ્ચે કચ્છના જળસંગ્રહમાં ચિંતાજનક ઘટાડો

## રાજયના જળાશયોમાં સરેરાશ ૭૪ ટકા જથ્થો ઉપલબ્ધ છે ત્યારે સરહદી કચ્છ જિલ્લામાં જળસ્તર ઘટીને માત્ર ૪૦ ટકાએ પહોંચ્યું

ભુજ - કચ્છઉદય : ફેબ્રુઆરી માસની પૂર્ણાહુતિ સાથે જ હવે માર્ચ મહિનાથી ઉનાળાનો વિધિવત પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે કચ્છ જિલ્લા માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. રાજયભરમાં જળસંગ્રહની સ્થિતિ પર નજર કરીએ તો ગુજરાતના ૨૦૭ જળાશયોમાં હાલ સરેરાશ ૭૪.૪૦ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, પરંતુ તેની સાપેક્ષમાં કચ્છ જિલ્લાની સ્થિતિ નાજુક જણાતી હોય તેમ અહીં માત્ર ૪૦ ટકા જ જળસંગ્રહ બાકી રહ્યો છે. ચોમાસાના અંતે મેઘમહેરને પગલે રાજયના ડેમોમાં જે વિપુલ જળરાશિ જોવા મળતી હતી, તેમાં છેલ્લા ત્રણ-ચાર માસ દરમિયાન ધરખમ ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને નવેમ્બર ૨૦૨૫ના અંતે જ્યારે રાજયમાં ૯૫ ટકા જેટલો સંગ્રહ હતો, ત્યારે ગત ત્રણ માસના ગાળામાં જ ગુજરાતમાં ૨૧ ટકા અને કચ્છ-સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પાણીના વપરાશ અને બાષ્પીભવનને કારણે સંગ્રહમાં મોટો ઘટાડો થયો છે.

કચ્છ જિલ્લામાં અત્યારે માત્ર ૪૦ ટકા જ પાણીનો જથ્થો હોવાથી આગામી માર્ચથી જૂન સુધીના ચાર મહિના દરમિયાન જળ વ્યવસ્થાપન અત્યંત પડકારજનક બની રહેશે. જો આગામી દિવસોમાં પાણીનો સમતોલ અને ઉચિત ઉપયોગ કરવામાં નહીં આવે તો વિતરણ વ્યવસ્થામાં અવરોધ ઊભો થવાની અને જળસંકટ ઘેરાવાની પૂરેપૂરી શક્યતા સેવાઈ રહી છે. બીજી તરફ, સમગ્ર ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પણ ચાર મહિના પૂર્વે ૧૦૦ ટકા જળસંગ્રહ હતો, જે હવે ઘટીને ૭૫.૮ ટકાએ પહોંચી ગયો છે. આમ, નર્મદાના નીર પર નિર્ભર રહેતા વિસ્તારો માટે પણ આગામી ઉનાળો કસોટીરૂપ સાબિત થઈ શકે છે. કચ્છના નાગરિકોએ ઉનાળાની આકરી તપન પૂર્વે જ પાણીના દરેક ટીપાનો કરકસરયુક્ત ઉપયોગ કરવો અનિવાર્ય બન્યો છે, અન્યથા મે માસ સુધીમાં જળધાંધિયાની સ્થિતિ વણસી શકે છે.

## ખેડૂતોને પાણી ખેંચતી મોટરો હટાવી લેવા તંત્રની કડક સૂચના

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના જળાશયોમાં પાણીના ઘટતા જતા સ્તરને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા સિંચાઈ માટે પાણી ખેંચવા પર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે. ગત ચોમાસામાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે રુદ્રમાતા અને નિરોણા જેવા જિલ્લાના મુખ્ય ડેમોમાંથી અત્યાર સુધી ખેડૂતોને ખરીફ અને રવિ પાકની સીઝન માટે રાબેતા મુજબ પાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જોકે, હવે ઉનાળાના પ્રારંભે જ જળસ્તર ચિંતાજનક રીતે નીચે જતાં સિંચાઈ માટેનું વિતરણ સત્તાવાર રીતે અટકાવી દેવાયું છે અને બાકી બચેલો જથ્થો પીવાના પાણી માટે અનામત રાખવાનો નિર્ણય લેવાયો છે. વિવિધ પિયત મંડળીઓ દ્વારા પાણી આપવાનું બંધ કરાયા બાદ પણ કેટલાક વિસ્તારોમાં ખેડૂતો લાઈનો બિછાવીને મોટર મારફતે પાણી ખેંચતા હોવાનું ધ્યાને આવતા તંત્ર દ્વારા આવી તમામ મોટરો સત્વરે ખેંચી લેવા તાકીદ કરવામાં આવી છે. ખેતી માટે પાણીનો વપરાશ બંધ કરી જળસંગ્રહ જાળવી રાખવા માટે તંત્ર હવે કડક વલણ અપનાવી રહ્યું છે.

## કચ્છ જિલ્લા ભાજપ દ્વારા વિવિધ મંડળોના પ્રભારી અને સહ-પ્રભારીઓની નિમણૂક કરાઈ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી પ્રદેશ ભાજપની સૂચના અનુસાર જિલ્લાના વિવિધ ૧૭ મંડળો માટે પ્રભારી અને સહ-પ્રભારીઓની વરણી કરવામાં આવી છે. આ નિમણૂકો અંગેની સત્તાવાર જાહેરાત જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ દ્વારા કરવામાં આવી છે.

નવા નિમણૂક પામેલા હોદ્દેદારોની યાદી મુજબ લખપત મંડળના પ્રભારી તરીકે રાજેશભાઈ પલણ, અબડાસા મંડળમાં પ્રભારી તરીકે નયનાબેન પટેલ અને સહ-પ્રભારી તરીકે રમેશભાઈ મહેશ્વરીની નિમણૂક થઈ છે. નખત્રાણા તાલુકા મંડળમાં પરેશભાઈ ભાનુશાલીને પ્રભારીની જવાબદારી સોંપાઈ છે. માંડવી તાલુકા મંડળમાં પ્રફુલ્લસિંહ જાડેજા પ્રભારી તરીકે સેવા આપશે, જ્યારે માંડવી શહેર મંડળમાં પ્રભારી તરીકે છાયાબેન ગઢવી અને સહ-પ્રભારી તરીકે રવિન્દ્રભાઈ ત્રવાડીની વરણી કરવામાં આવી છે. મુંદ્રા તાલુકા મંડળમાં પ્રભારી તરીકે મૂળજીભાઈ મ્યાત્રા અને સહ-પ્રભારી તરીકે કંચનબેન વાઘેલા કાર્યરત રહેશે, જ્યારે મુંદ્રા શહેર મંડળમાં અમુલભાઈ દેઢીયાને પ્રભારી બનાવાયા છે.

ભુજ તાલુકા મંડળના પ્રભારી તરીકે આણંદભાઈ માતા અને સહ-પ્રભારી તરીકે હેમંતભાઈ શાહની નિમણૂક થઈ છે, તો ભુજ શહેર મંડળમાં સુરેશભાઈ સંધાર પ્રભારી તરીકે જવાબદારી નિભાવશે. અંજાર તાલુકા મંડળમાં પ્રભારી તરીકે રૂપલબેન દેસાઈની વરણી કરાઈ છે. અંજાર શહેર મંડળમાં પ્રભારી તરીકે રેશ્માબેન ઝવેરી અને સહ-પ્રભારી તરીકે જનકસિંહ જાડેજા સેવા આપશે. ગાંધીધામ તાલુકા મંડળમાં આશિકાબેન ભટ્ટ અને ગાંધીધામ શહેર મંડળમાં ઉમેશભાઈ સોનીને પ્રભારી પદ સોંપવામાં આવ્યું છે.

ભચાઉ તાલુકા મંડળમાં મશરૂભાઈ રબારી અને ભચાઉ શહેર મંડળમાં અશોકભાઈ હાથી પ્રભારી તરીકે કાર્ય કરશે. રાપર તાલુકા મંડળમાં પ્રભારી તરીકે વિકાસભાઈ રાજગોર અને સહ-પ્રભારી તરીકે વસંતભાઈ કોડરાણીની વરણી કરવામાં આવી છે, જ્યારે રાપર શહેર મંડળમાં પ્રભારી તરીકે રસીલાબેન બારી અને સહ-પ્રભારી તરીકે રાહુલભાઈ ગોરની નિમણૂક કરવામાં આવી છે. આ તમામ નવનિયુક્ત હોદ્દેદારોને પક્ષના કાર્યકરો અને આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### કંપની સમાચાર

## મૂડીબજારમાં સેડેમેક મેકાટ્રોનિક્સની એન્ટ્રી : ૪ માર્ચે ખુલશે આઈપીઓ

**રૂા. ૧,૦૮૮ કરોડનો ઓફર ફોર સેલ ઈસ્યૂ : પ્રાઈઝ બેન્ડ રૂા. ૧,૨૮૭થી ૧,૩૫૨ નક્કી**




અમદાવાદ - કચ્છઉદય : ઓટોમોટિવ ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે કાર્યરત સેડેમેક મેકાટ્રોનિક્સ લિમિટેડ હવે મૂડીબજારમાં પગલાં મૂકી રહી છે. કંપનીનો પ્રારંભિક જાહેર નિષ્કર્ષ (આઈપીઓ) ૪ માર્ચથી ખુલશે અને ૬ માર્ચ સુધી રોકાણકારો માટે ખુલ્લો રહેશે. કુલ રૂા. ૧,૦૮૮ કરોડ સુધીના ઈક્વિટી શેર ઓફર કરવામાં આવશે.

આ ઈસ્યૂ સંપૂર્ણપણે હાલના પ્રમોટર તથા પ્રમોટર ગ્રુપના શેરધારકો દ્વારા 'ઓફર ફોર સેલ' તરીકે રજૂ કરાયો છે. રૂા. ૧૦ના મૂળ મૂલ્યના પ્રતિ શેર માટે રૂા. ૧,૨૮૭થી ૧,૩૫૨નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે. રોકાણકારો ઓછામાં ઓછા ૧૧ શેર અને તેના ગુણાંકમાં બીડિંગ કરી શકશે.

કર્મચારી અનામત વિભાગ હેઠળ લાયક કર્મચારીઓને પ્રતિ શેર રૂા. ૧૨૮નું ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. એન્કર ઈન્વેસ્ટરો માટે ૨ માર્ચે વિશેષ બીડિંગ દિવસ રાખવામાં આવ્યો છે.

ટુ-વ્હીલર, થ્રી-વ્હીલર, જનરેટર અને પાવર ટૂલ્સ માટે ઈલેક્ટ્રોનિક કંટ્રોલ યુનિટના ઉત્પાદન ક્ષેત્રે કંપનીની મજબૂત હાજરીને કારણે બજાર નિરીક્ષકો આ ઈસ્યૂ પ્રત્યે સકારાત્મક અભિગમ વ્યક્ત કરી રહ્યા છે. ઈલેક્ટ્રિક વાહનો અને સ્માર્ટ ઓટોમેશન તરફ વધતા વલણને ધ્યાનમાં લેતા રોકાણકારોમાં પણ રસ જોવા મળી રહ્યો છે.

## મેઘપર બોરીચીમાં ટ્રેઈલર ચાલકે અચાનક સર્વિસ રોડ પર યુ ટર્ન લેતા મોપેડ પર સવાર બે વિદ્યાર્થીની ઘવાઈ

**અકસ્માત એટલો ગંભીર એક્ટિવા ૧૦૦ મીટર ઢસડાઈને ટ્રેઈલરની નીચે ઘૂસી ગઈ : રાહદારીઓ તાત્કાલિક દોડી આવ્યા અને બન્નેને સારવાર માટે ખસેડાયા**

ગાંધીધામ - કચ્છઉદય : પૂર્વ કચ્છમાં નેશનલ હાઈવે પર ભારે વાહનોનો આતંક તો છે જ. પરંતુ સર્વિસ રોડ પર પણ બેફામ ગતિએ દોડતા ભારે વાહનો હવે નગરના લોકો માટે મુશ્કેલીરૂપ બની રહ્યા છે. ટ્રેઈલર ચાલકો આગળ - પાછળ જોયા વગર બેફામ વાહન હંકારતા હોવાની ફરિયાદ વચ્ચે ટ્રેઈલર હડફેટે બે વિદ્યાર્થીની ઘવાઈ હતી.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ નવા અંજારના ગુરૂકુળ નગરમાં રહેતા ફરિયાદી પ્રિયાંશીબેન અમરશીભાઈ મકવાણાના જણાવ્યા પ્રમાણે તે ડો. એચ.આર. ગજવાણી કોલેજ આદીપુરમાં અભ્યાસ કરે છે. તે અને સહેલી ઈવાબેન શૈલેષભાઈ દવે એક્ટિવા નંબર જી.જે. ૧૨ ડીએફ ૨૩૩૫ થી કોલેજ જતા હતા. અંજાર - ગાંધીધામ હાઈવે રોડ પર ગાંધીધામ ઉતરવાના કટ પાસે પહોંચ્યા ત્યારે આગળ જતા ટ્રેઈલરે અચાનક સર્વિસ રોડ પર ધસી આવી યુ-ટર્ન લેતા એક્ટિવાને હડફેટમાં લીધું હતું. જેમાં બન્ને વિદ્યાર્થીની રોડ પર પટકાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે, એક્ટિવા ૧૦૦ મીટર ઢસડાઈ અને ટ્રેઈલર નીચે ઘૂસી ગઈ હતી. હાજર માણસોએ ૧૦૮ ને ફોન કરતા એમ્બ્યુલન્સ આવી અને બન્નેને સારવાર માટે રામબાગ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જયાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જે બાદ ટ્રેઈલર ચાલક સામે ગુનો નોધાયો છે.

## ગાંધીધામના આગેવાનને હાથની બંદુકથી ભડાકે દેવાની ધમકી

**ખેડોઈના શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધાયો**

ગાંધીધામ : શહેરમાં રાજવી રેલવે ક્રોસિંગ પાસે આગેવાનને ચાલુ કારમાં હાથની બંદુક વડે ભડાકે દેવાની ધમકી આપવામાં આવી હતી, જે મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગળપાદરમાં રહેતા રવિન્દ્રકુમાર નરેન્દ્રભાઈ સબરવાલના જણાવ્યા પ્રમાણે તેઓ પોતાની ગાડી લઈને જતા હતા, ત્યારે સામેથી થાર ગાડીમાં ખેડોઈના વિરેન્દ્રસિંહ (શક્તિસિંહ) અનોપસિંહ જાડેજા નિકળ્યા અને બાજુમાં આવી ગાડી ધીમી કરી ફરિયાદી તરફ જોઈ હાથને બંદુકના આકારમાં ફેરવી લક્ષ્ય બનાવી બંદુકથી ગોળી મારશે તેવો ઈશારો કર્યો હતો. ફરિયાદીએ આરોપી પર કેસ કર્યા છે અને અંજાર અને ગાંધીધામની અદાલતમાં કેસ ચાલે છે. કાનૂની કાર્યવાહી કરવાથી રોકવાના ઈરાદાથી આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. આ વિરેન્દ્રસિંહ અને તેના પુત્ર તેમજ ગેંગના સભ્યો પર ગાંધીધામ કોર્ટમાં હત્યાના પ્રયાસનો પણ કેસ ચાલે છે. જામીન રદ્દ કરવા માટે અરજી પણ કરવામાં આવી છે. અવાર નવાર આ રીતે ધમકી આપી ફરિયાદીના મનમાં ભય પેદા કરવામાં આવી રહ્યો છે, જેથી ગાંધીધામ એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

છેલ્લા પાનાનું ચાલુ..

**કારની બોનેટમાં**

પૂર્વ કચ્છના પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થોની હેરાફેરી રોકવા માટે એસ.ઓ.જી.ની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પોલીસને સચોટ બાતમી મળી હતી કે એક ઈકો સ્પોર્ટ કારમાં હેરોઈનનો જથ્થો લઈને એક શખ્સ રાધનપુર તરફથી આડેસર થઈ કચ્છમાં પ્રવેશવાનો છે. બાતમીના આધારે પોલીસે આડેસર ચેકપોસ્ટ પાસે નાકાબંધી કરીને શંકાસ્પદ કારને અટકાવી હતી.પોલીસે જ્યારે કારની ઝીણવટભરી તપાસ કરી ત્યારે કારના એન્જિન પાસેના બોનેટના લોખંડના ભાગમાં લોક પાસે છુપાવેલો હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક ગુરવિન્દરસિંગ નિર્ભયસિંગ ઢીલોન રહેવાસી પંજાબની અટકાયત કરી છે. તેની પાસેથી ૯૫.૯૫ ગ્રામ હેરોઈન ઉપરાંત બે મોબાઈલ ફોન અને ઈકો સ્પોર્ટ કાર મળી કુલ ૨૪,૪૪,૦૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં પંજાબના જ અન્ય એક શખ્સ ગુરમીતસિંગનું નામ પણ બહાર આવ્યું છે, જેને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. આ સમગ્ર કામગીરીમાં એસ.ઓ.જી. પી.આઈ. બી.જી. ડાંગર અને તેમની ટીમ તેમજ આડેસર ચેકપોસ્ટનો સ્ટાફ જોડાયો હતો. આડેસર પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


## તો 'વિકસિત ભારત'નું સપનું કચ્છના રણમાંથી જ સાકાર થાય

# સવાયા કચ્છી પીએમ મોદીનું ધ્યાન દોરાય તો કચ્છ એસ્ટ્રો-સ્પેશ ટુરિઝમનું પણ ગ્લોબલ હબ બને.!

**વિજ્ઞાનનો ઉજાસ અને કચ્છનું ફલક – પરંપરાથી અંતરિક્ષ સુધીની સફરની ઉજળી શકયતાઓ : વિજ્ઞાન દિવસની ઉજવણીઓ વચ્ચે કચ્છના વિકાસમાં નવા પ્રાણ ફુંકવાની ક્ષમતાનો અનુકરણીય સંકેત**




વિજ્ઞાન દિવસ વિશેષ



**કચ્છના અભ્યાસુ જનપ્રતિનિધીઓ, પ્રબુદ્ધવર્ગ, જાણકારો નરેન્દ્રભાઈ સમક્ષ સચોટ રજુઆત કરે તો પ્રવાસન-રણોત્સવ સાથે કચ્છમાં વધુ એક નવુ છોગું ઉમેરાય : કચ્છનું રણ રાત્રિ આકાશના અવલોકન માટે શ્રેષ્ઠ સ્થળ સાબિત થઈ શકે**

ગાંધીધામ : આજે જ્યારે આપણે આધુનિક સુખ-સુવિધાઓથી ઘેરાયેલા છીએ, ત્યારે એ સ્વીકારવું રહ્યું કે આપણી દિનચર્યાનો દરેક શ્વાસ વિજ્ઞાનને આભારી છે. રસોડાના સાધનોથી લઈને હથેળીમાં સમાયેલા સ્માર્ટફોન સુધી, વિજ્ઞાને મનુષ્યને શારીરિક શ્રમ અને અજ્ઞાનતાના અંધકારમાંથી મુક્તિ અપાવી છે. પરંતુ, જ્યારે આ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કચ્છ જેવી ઐતિહાસિક ભૂમિ પર 'રિજનલ સાયન્સ સેન્ટર' અને 'મ્યુઝિયમ' ના માધ્યમથી પ્રગટ થાય છે, ત્યારે તે માત્ર માહિતી નથી રહેતી, પણ એક પ્રેરણા બની જાય છે.

ભુજ ખાતે નિર્મિત સાયન્સ સેન્ટર માત્ર ઈંટો અને પથ્થરોનું માળખું નથી, પરંતુ કચ્છના યુવાનો માટે 'વિજ્ઞાનનો ગેટવે' છે. નોધનીય છે કે, ગત રોજ તા. ૨૮મી ફેબ્રુઆરીએ વિશ્વ વિજ્ઞાન દીવસ હતો. આ સમયે ટકોર કરવી જ રહી છે કે, વિજ્ઞાન દિવસની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાય જ્યારે સામાન્ય માનવી પણ વિજ્ઞાનના ચમત્કારો પાછળનું તર્ક સમજી શકે. ભુજના સાયન્સ રિઝિનલ સેન્ટર જેવા કેન્દ્રોમાં શિક્ષણ અને મનોરંજન બન્નેને સમાંતર ધ્યાને રાખવામા અવે છે. આ કેન્દ્ર દ્વારા બાળકોમાં ગોખણ પટ્ટીને બદલે 'શા માટે?' અને 'કેવી રીતે?' પૂછવાની વૃત્તિ કેળવાય છે. કચ્છના ભૂસ્તરશાસ્ત્ર અને ભૂકંપ જેવી કુદરતી ઘટનાઓને વૈજ્ઞાનિક ઢબે સમજાવવામાં આ કેન્દ્રની ભૂમિકા અજોડ છે.વિજ્ઞાન દિવસે કચ્છમાં સાયન્સ ક્ષેત્રે જાગૃતી વધે, ઉત્સાહ કેળવાય તે માટે વીવિધ કાર્યક્રમો થયા જ હશે પરંતુ કચ્છના પરિપ્રેક્ષ્યની જયા સુધી વાત છે ત્યાં સુધી હકીકતમાં કચ્છમાં વીજ્ઞાન દીવસે વધુ એક ઉજળી તક અને સંભાવનાઓની વાત આપણે કરવી છે. કચ્છને માટે હજુય નવું ક્ષેત્ર અને સંભાવનાઓ એસ્ટ્રો-ટુરિઝમના ભાગરૂપે પણ સંભાવનાઓ ધરબાયેલી છે. કચ્છ પાસે એક એવી કુદરતી ભેટ છે જે ભારતના બહુ ઓછા જિલ્લાઓ પાસે છે – 'સફેદ રણ' અને 'પ્રદૂષણ મુક્ત સ્વચ્છ આકાશ'.વિજ્ઞાન ક્ષેત્રે હવે પછીની મોટી સંભાવના 'એસ્ટ્રો-ટુરિઝમ' (ખગોળ પ્રવાસન) છે. કચ્છનું રણ રાત્રિ આકાશના અવલોકન માટે શ્રેષ્ઠ સ્થળ સાબિત થઈ શકે તેમ છે.

**કારકીર્દી - રોજગાર - પ્રવાસન - સ્કાય ફોટાગ્રાફી સહિત કેટકલાય થશે ફાયદા.!**

**૧.** સાયન્સ સેન્ટર અને સ્થાનિક સંગ્રહાલયો આ ક્ષેત્રમાં વધુ સંશોધન અને સુવિધાઓ વિકસાવે, તો યુવાનોને ખગોળ વિજ્ઞાન અને એસ્ટ્રોફિઝિક્સમાં કારકિર્દી બનાવવા પ્રોત્સાહન મળશે **૨. રોજગારી:** ટેલિસ્કોપ ગાઈડિંગ અને નાઈટ સ્કાય ફોટોગ્રાફી જેવા નવા ક્ષેત્રો ખુલશે. **૩. વૈશ્વિક ઓળખ:** કચ્છ માત્ર 'રણોત્સવ' માટે જ નહીં, પણ 'તારા દર્શન' માટે પણ વિશ્વ નકશા પર ચમકી શકે છે.

વિજ્ઞાન એ માત્ર લેબોરેટરીમાં થતા પ્રયોગો નથી, પણ જીવનને જોવાની એક દ્રષ્ટિ છે. કચ્છ મ્યુઝિયમ આપણને ભૂતકાળના ગૌરવની યાદ અપાવે છે, જ્યારે સાયન્સ સેન્ટર આપણને ભવિષ્યના સપના જોતા શીખવે છે. ધરતીથી માંડીને અવકાશ સુધીના વિજ્ઞાનના આ ચમત્કારોને જો આપણે લોકભાગીદારી અને નવા સંશોધનો સાથે જોડીશું, તો 'વિકસિત ભારત'નું સપનું કચ્છના રણમાંથી જ સાકાર થશે.વિજ્ઞાન એ માનવતા માટે એક સુંદર ભેટ છે, આપણે તેને વિકૃત ન કરવી જોઈએ. તેવુ આપણા દેશના સપુત ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ કહી ચુકયા છે જેને આપણે સૌએ સાર્થક કરવાની દીશામાં કચ્છમાથી પણ પહેલ કરવી જોઈએ.

## ખાવડામાં વિસ્ફોટક ફુટતા ઘવાયેલા ફુઆ - ભત્રીજો સારવાર તળે દાખલ

**શંકાસ્પદ વિસ્ફોટક મામલે તપાસ તેજ**

ભુજ -કચ્છઉદય : ખાવડામાં આવેલા પ્રણવનગરમાં ગઈકાલે સાંજે ધડાકો થતાં ફુઆ અને ભત્રીજો ઘવાયા હતા, જે હાલ સારવાર તળે જી.કે.માં દાખલ છે.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ પ્રણવનગરમાં સાંજે ૭ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. ૨૫ વર્ષિય રામા શંભુભાઈ કોલી અને ૮ વર્ષિય ભાવેશ અરવિંદભાઈ કોલી ઘરે હતા. અને કોઈ વિસ્ફોટક જેવા પદાર્થને ફોડવા જતાં તે ફાટતાં બંનેને પગ સહિતના ભાગે ઈજાઓ થવાથી સારવાર માટે પ્રથમ ખાવડા અને ત્યાંથી ભુજ ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિકે ચર્ચાતી વિગતો મુજબ ફાયરિંગ રેન્જ વિસ્તારમાંથી વણ ફુટેલો સેલ મળ્યો હતો. ભંગારની લ્હાયમાં સેલ પર હથોડા મારતા આ ઘટના બની હતી. તો ખાણમાં બ્લાસ્ટ કરવાનો ટોટો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે, અલબત વિસ્ફોટક પદાર્થ કયા પ્રકારનો હતો તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ શકી નથી. અવાર નવાર આ પ્રકારની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે આ બનાવથી પરિવાર અને સબંધીતોમાં ચિંતા ફેલાઈ હતી. હાલ ઈજાગ્રસ્તો સારવાર માટે જી.કે. દાખલ છે, જેમના નિવેદનના આધારે આગળની તપાસ થશે.

## લખાપરમાં પવનચક્કી પાસે કરંટ લાગતા કિશોરનું મોત

ભચાઉ - કચ્છઉદય : તાલુકાના લખાપર ગામની સીમમાં પવનચક્કી પાસે કરંટ લાગતા કિશોરનું મોત થયું હતું. આ મામલે સામખિયાળી પોલીસમાંથી મળતી વિગતો મુજબ ૧૩ વર્ષિય રોહિત વિજયભાઈ કોલી સીમમાં આવેલી પવનચક્કી નંબર વીડબલ્યુ-૪ પાસે હતો, ત્યારે કરંટ લાગતા સારવાર માટે સામખિયાળી માતૃ સ્પર્શ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં લઈ જતાં સારવાર દરમિયાન મોત થયું હતું, જે મામલે સામખિયાળી પોલીસમાં અકસ્માત મોતની નોંધ દાખલ કરવામાં આવી છે.

## કચ્છ શિવાજી સેનાની લગ્ન ઈચ્છુકના વાલીઓ સાથે બેઠક

ભુજ - કચ્છઉદય : શિવાજી સેના કચ્છના પ્રમુખો તથા અલગ અલગ સમિતિના પ્રમુખો, તાલુકા પ્રમુખો, સભ્યોએ તા.૨-૩ના સોમવારના વાલી મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. સમૂહલગ્નની સમિતિઓની રચના કરવાની થાય છે. નોંધાવેલ લગ્નની કન્યાઓને પાનેતર આપવાનું આયોજન કરેલ છે. લગ્નના સ્થળ જાણવા માટે સર્વે વાલીઓને આથી જાણ કરવામાં આવે છે. મિટિંગ મધુબન કોમ્પ્લેક્સ ઓફિસ નંબર ૧૪ ચિત્રકૂટ સર્કલ પાસે અંજાર ખાતે સોમવારના ૧૦ કલાકે સવારના પધારવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે તેવું કચ્છ શિવાજી સેના પ્રમુખ ગંગારામભાઈ ભંગેરિયા મો. નંબર ૯૯૨૫૩ ૧૪૩૪૩ પર વધુ માહિતી મળશે.

## બાદરગઢમાં ઘેટા-બકરા ચરાવવા મુદ્દે ઝઘડો

રાપર - કચ્છઉદય : તાલુકાના બાદરગઢ ગામની આથમણી બાજુની સીમમાં ઘેટા બકરા ચરાવવા મુદ્દે ઝઘડો થયો હતો. ફરિયાદી વાલીબેન મનજીભાઈ રણછોડભાઈ પટેલના જણાવ્યા પ્રમાણે આરોપીઓ મેરા વિરમા ભરવાડ, શકતા હઠા ભરવાડ, મોતી ઉકા ભરવાડ, ઉકા લામકા ભરવાડે ફરિયાદીની વાડીમાં ગેરકાયદે અપપ્રવેશ કરી ઘેટા બકરા ચરાવવા લાગતા ફરિયાદીએ ના પાડતાં ગાળો આપી ઝઘડો કરવામાં આવ્યો હતો. આરોપી શકતા દેવા ભરવાડ અને મીંયા હઠા ભરવાડે ઘેટા બકરા લઈને ફરિયાદીની વાડીમાં આવી ગાળો આપી ફરિયાદી ઘેટા બકરા કાઢવા જતા હતા, ત્યારે સકતા દેવા ભરવાડે ફરિયાદીને ધોકા વડે મારમારી ઈજાઓ પહોંચાડી હતી, જેથી રાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## ભુજની જી.કે.જનરલ હોસ્પિટલ ખાતે નિ:શુલ્ક મેગા બહેરાશ નિદાન કેમ્પ યોજાયો

**જન્મજાત ખામીથી લઈ વધતી ઉંમરની બહેરાશ ધરાવતા ૧૦૦થી વધુ દર્દીઓએ નિષ્ણાત તબીબોનું માર્ગદર્શન મેળવ્યું**





ભુજ - કચ્છઉદય : ભુજ શહેરની જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે રવિવારના રોજ જન્મથી લઈ કોઈપણ ઉંમરની બહેરાશ ધરાવતા દર્દીઓ માટે એક વિશેષ મેગા કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ગુજરાતના પ્રખ્યાત ઈ.એન.ટી. સર્જન ડૉ. રાજેશ વિશ્વકર્મા, હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ અને ઈ.એન.ટી. પ્રોફેસર ડૉ. નરેન્દ્ર હિરાણી તેમજ અમદાવાદના જાણીતા ઓડિયોલોજિસ્ટ ડૉ. ચંદ્રકાંત વિશ્વકર્મા દ્વારા દર્દીઓની ઝીણવટભરી તપાસ કરી સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. રવિવારની રજા હોવા છતાં મોટી સંખ્યામાં દર્દીઓ ઉમટી પડ્યા હતા અને બપોર સુધીમાં જ ૧૦૦થી વધુ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન ઓડિયોલોજિસ્ટ ડૉ. ચંદ્રકાંત વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે તપાસમાં આવેલા દર્દીઓમાં જન્મજાત બહેરાશ, વધતી ઉંમરે આવતી શ્રવણશક્તિની ખામી તેમજ કાનમાં રસી આવવા જેવી વિવિધ સમસ્યાઓ જોવા મળી હતી. જે દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત છે તેમની સારવાર જી.કે. જનરલ હોસ્પિટલ ખાતે ડૉ. હિરાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે, જ્યારે સાંભળવાના મશીનની જરૂરિયાતવાળા દર્દીઓને ઓડિયોલોજી વિભાગના હર્ષદભાઈ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિશેષ કરીને જે બાળકો કે વ્યક્તિઓ સંપૂર્ણપણે સાંભળી શકતા નથી, તેમને 'કોકલિયર ઈમ્પ્લાન્ટ' નામના કૃત્રિમ કાન વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી, જેનાથી વ્યક્તિ ફરી સાંભળતી અને બોલતી થઈ શકે છે. આ તકે હોસ્પિટલના ઈ.એન.ટી. સર્જન ડૉ. નીતિ પરમારે માહિતી આપતા જણાવ્યું હતું કે આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય બહેરાશની સમસ્યાથી પીડાતા લોકોને શરૂઆતથી અંત સુધીની તપાસ અને સારવારનું મેનેજમેન્ટ સમજાવવાનો હતો. આ કેમ્પનો ૧૦૦ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો. તબીબોએ અપીલ કરી હતી કે સાંભળવાની તકલીફ ધરાવતા દર્દીઓ જી.કે. જનરલ હોસ્પિટલ અથવા અમદાવાદ ખાતે એપોલો હોસ્પિટલ અને શબ્દબ્રહ્મ સ્પીચ એન્ડ હિયરિંગ ક્લિનિકનો સંપર્ક કરી યોગ્ય સારવાર મેળવી શકે છે.


**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,**
લખપત-કચ્છ.મુ.દયાપર

**જાહેર નોટીસ**

અરજી નં.૨૬/૨૦૨૬

શ્રી ફકિર મામદ ઈશા, રહે.ખરોડા, તા.લખપત .... અરજદાર
અરજદારના વિ.વ.આઈ.આઈ.લુહાર
વિરૂધ્ધ
તલાટી સહમંત્રીશ્રી, ખરોડા ગ્રામ પંચાયત, તા.લખપત, જિ.કચ્છ. .... સામાવાળા

**બાબત : જન્મની નોંધણી કરવા હુકમ કરવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી ફકિર મામદ ઈશા, રહે.ખરોડા, તા.લખપત દ્વારા તેઓના પુત્ર મજીદભાઈ મામદ ફકિરનો જન્મ લખપત તાલુકાના ખરોડા મુકામે તા. ૧૦/૦૧/૨૦૧૬ના થતા અબ્દુલભાઈ મામદ ફકિરનો જન્મ લખપત તાલુકાના ખરોડા મુકામે તા. ૨૭/૧૨/૨૦૧૩ના રોજ થતા તેની જન્મની નોંધ જે તે સમયે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોઈ જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ, સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે. સદરહુ હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવા સહ વાંધો રજુ કરવો. જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહી આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજરોજ તા.૨૩/૦૨/૨૦૨૬ ના સહી તથા સિક્કો કરી આપ્યો.

| (સી.પી.નાડોદા) | (વી.જી.ચૌધરી) | (નવીનચન્દ્ર મારુ) |
| --- | --- | --- |
| તૈયાર કરનાર | મુકાબીલ કરનાર | એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ |
| રેવન્યુ તલાટી | ઈ.ચા.નાયબ મામલતદાર (મહેસુલ) | લખપત મુ.દયાપર |

# ભચાઉ દબાણમુક્તિ કરવા પ્રાંત કચેરી બેઠકમાં કરાઈ ચર્ચા

ભચાઉ - કચ્છઉદય : સમગ્ર ગુજરાતમાં સરકારી જમીનો પર થયેલા કાચાં-પાકાં દબાણો દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા ચાલી રહેલી દબાણ હટાવ ઝુંબેશના અનુસંધાને ભચાઉ નગરને દબાણના દૂષણમાંથી મુક્ત બનાવવા પ્રાંત કચેરી ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વધતી પેશકદમી, ટ્રાફિક સમસ્યા, ગેરકાયદેસર કેબિન-લારીઓ તથા જાહેર પ્લોટોના અતિક્રમણ જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી નગરને સુવ્યવસ્થિત બનાવવા માટે સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

બેઠકમાં જિલ્લા ભાજપના ઉપપ્રમુખ વિકાસભાઈ રાજગોરે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં દબાણ હટાવ ઝુંબેશ ગતિમાન છે ત્યારે ભચાઉમાં પણ ગુંડાગીરી, ગેરવ્યવસ્થા અને દબાણ જેવા દૂષણોને સમૂળે દૂર કરવાની જરૂર છે. નગરના વેપારીઓ અને સત્તાપક્ષ વચ્ચે સહમતી હોય ત્યારે તંત્રએ કડક પગલાં લેવા જોઈએ તેવી માંગણી તેમણે કરી હતી.

અરિહંત કોમ્પલેક્ષ વેપારી મંડળના પ્રમુખ ભરતસિંહ જાડેજાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે રેંકડી મૂકી પ્રારંભિક કબજો કરવામાં આવે છે અને પછી તે કેબિન ભાડે આપવામાં આવે છે, જે ટ્રાફિક માટે ગંભીર બાધારૂપ બની રહ્યું છે. આવી પેશકદમી શરૂઆતથી જ અટકાવવામાં નિષ્ફળતા રહેતી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વોર્ડ નં. ૧ના કાઉન્સિલર ભરતભાઈ કાવતરાએ નવા બસ સ્ટેશનથી જૂના બસ સ્ટેશન સુધીના દબાણો દૂર કરવાની માંગ કરી હતી. શાસ્ત્રી અવિનાશભાઈ જોશીએ મહારાણા પ્રતાપ ગેટથી લોહાણા મહાજનવાડી વિસ્તાર સુધી વધતી ગીચતા, માંસ-મટનની દુકાનો તથા વાહનો-લારીઓના અતિક્રમણને કારણે સામાન્ય જનતાને ચાલવામાં પડી રહેલી મુશ્કેલીઓ અંગે તંત્રનું ધ્યાન દોર્યું હતું. જૂના બસ સ્ટેશન માર્ગ પર વધતી અનિયમિતતાઓ દૂર કરવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

નગરસેવક પિંટુભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે દબાણોના કારણે નગરના સાર્વજનિક પ્લોટો અસ્તિત્વ ગુમાવી રહ્યા છે. બટિયા વિસ્તારથી બસ સ્ટેશન સુધી માંસ-મટનની દુકાનો વધતી જતી હોવાની પણ રજૂઆત થઈ હતી. ભૂકંપ પૂર્વે ગોઠવાયેલી લારીઓ હજુ સુધી યથાવત્ હોવા અંગે પણ તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

કુંભારડી તથા કેડીસીસી બેંકના ડાયરેક્ટર નરેન્દ્રસિંહ જાડેજાએ ચાર રસ્તાથી બજાર વિસ્તાર સુધી દબાણો દૂષણરૂપ બન્યા હોવાનું જણાવ્યું હતું. શાકમાર્કેટમાં આશરે પચાસ ટકા દબાણ ધરાવતા લોકો પાસેથી ભાડું વસૂલ થતું હોવાની રજૂઆત પણ બેઠકમાં કરવામાં આવી હતી, જે ગંભીર બાબત ગણાવી કડક તપાસની માંગ ઉઠી હતી.

આ બેઠકમાં તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ છાંગા, શહેર ભાજપ પ્રમુખ વિશાલભાઈ કોટક, ભચાઉ નગરપાલિકા પ્રમુખ પેથાભાઈ રાઠોડ, પ્રદેશ ભાજપના અરજણભાઈ રબારી, જિલ્લા ભાજપના મંત્રી રૂપલબેન દેસાઈ, વેપારી મંડળ પ્રમુખ હર્ષદ ઠક્કર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વહીવટી તંત્ર તરફથી પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોયલ, મામલતદાર મોડસિંહ રાજપૂત, ઈજનેર એસ.ડી. ઝાલા તથા પોલીસ વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોયલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં દબાણ હટાવ ઝુંબેશ કડક રીતે અમલમાં મુકવામાં આવશે. નવા બસ સ્ટેશન ચાર રસ્તાથી બજાર વિસ્તાર તથા બટિયા તરફ પણ આ કાર્યવાહી હાથ ધરાશે. હટાવાયેલા દબાણો ફરી ઉભા ન થાય તેની વિશેષ દેખરેખ રાખવામાં આવશે અને તંત્ર કડક વલણ અપનાવશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

# શ્રી રામપર સ. મા. - ઉ. મા. શાળામાં બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો





ભુજ - કચ્છઉદય : શ્રી રામપર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કુલ મધ્યે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભ શાળાના આચાર્ય રેખાબેન પંડ્યાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમનો આરંભ પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય દ્વારા કરી, વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય માટે મંગલ કામના કરવામાં આવી હતી આ પ્રસંગે શાળાના આચાર્ય રેખાબેન પંડ્યા વર્ગ-૨ , એ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી જીવનમાં ઉચ્ચ ધ્યેય રાખી સખત પુરુષાર્થ કરી , સ્વામી વિવેકાનંદના વિચારો જીવનમાં અપનાવી માતા પિતા અને શાળાનું નામ રોશન થાય તેવી સફળતા પ્રાપ્ત કરવા શુભકામના આપતું પ્રેરક વક્તવ્ય રજૂ કર્યુ હતુ. શાળાના સિનિયર શિક્ષક અને કચ્છ જિલ્લા સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના મહામંત્રી રાજેન્દ્રસિંહ જાડેજા, ઉષાબેન ઓઝા; ચેતનાબેન ,હેન્સીબેન, દોલુભા, શીતલબેન તેમજ કિશનભાઈએ આગામી બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પરિણામ લાવી શાળા પરિવારનું નામ રોશન કરો તેવી શુભેચ્છા પાઠવી હતી. કન્યા શાળાના આચાર્ય સ્વીટીબેન રૂપારેલે શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો, જેનું વાંચન કરવામાં આવેલ હતુ. શાળાનાવિદ્યાર્થિનીઓ દ્વારા વિદાય ગીત- વક્તવ્ય સાથે શાળાકીય સંસ્મરણો રજૂ કરેલા હતા તેમજ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓના હસ્તે શાળાને યાદગીરી સ્વરૂપે પ્રતિક ભેટ અર્પણ કરી હતી. શાળામાં યોજાયેલ વિદાય શુભેચ્છા કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફે જહમત લીધી હતી સંચાલન અને અંતમાં આભાર વિધિ ધોરણ ૧૨ની વિદ્યાર્થીનીઓ માહી ઠાકોર અને અનિશા માંજોઠી એ ખુબ સુંદર રીતે કર્યું હતું.

# રતનાલ કન્યા શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

## ૨૨ જેટલા મોડેલ્સનું પ્રદર્શન યોજાયું



અંજાર - કચ્છઉદય : રતનાલ કન્યા શાળામાં વિદ્યાર્થીનીઓમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ અને રૂચિ વધે તેમજ તેઓ રોજબરોજના જીવનમાં વિજ્ઞાનનો ઉપયોગ સમજતા થાય તેવા ઉમદા હેતુથી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અંતર્ગત વિજ્ઞાન પ્રદર્શનનું પ્રેરક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન મહિલા સરપંચ સરીયાબેન ત્રિકમભાઈ વરચંદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસએમસીના શિક્ષણવિદ જખુભાઈ મહેશ્વરી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં ધોરણ ૬ થી ૮ ની કુલ ૫૨ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને વિજ્ઞાનના વિવિધ સિદ્ધાંતો પર આધારિત ૨૨ જેટલા મોડેલ્સ અને પ્રયોગો રજૂ કર્યા હતા. સરપંચ દ્વારા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા માટે સન્માનપત્ર અને શૈક્ષણિક કીટ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. શાળાના આચાર્ય જીતેશભાઈ, શોભનાબેન અને સમગ્ર શાળા પરિવારે આ સફળ આયોજન બદલ વિદ્યાર્થીનીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | | | 3 |
| 5 | 9 | | 1 | | 3 | | | 7 |
| | | | | | | 8 | 9 | 5 |
| | | | | | 7 | 9 | | |
| 4 | | 3 | | | | 1 | | 8 |
| | | 8 | 6 | | | | | |
| 7 | 5 | 2 | | | | | | |
| 8 | | | 7 | | 4 | | 6 | 9 |
| 6 | | | | | 5 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 1 | 4 | 6 | 5 | 8 | 3 | 9 | 2 |
| 9 | 3 | 8 | 4 | 7 | 2 | 1 | 6 | 5 |
| 6 | 2 | 5 | 1 | 3 | 9 | 8 | 7 | 4 |
| 8 | 5 | 3 | 7 | 4 | 1 | 9 | 2 | 6 |
| 1 | 6 | 2 | 5 | 9 | 3 | 7 | 4 | 8 |
| 4 | 7 | 9 | 8 | 2 | 6 | 5 | 1 | 3 |
| 2 | 9 | 1 | 3 | 6 | 5 | 4 | 8 | 7 |
| 3 | 4 | 6 | 9 | 8 | 7 | 2 | 5 | 1 |
| 5 | 8 | 7 | 2 | 1 | 4 | 6 | 3 | 9 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : પુષ્કર્ણા બ્રાહ્મણ મહેન્દ્રભાઈ જોષી (ચોટિયા) (ઉ.વ. ૭૧) તે સ્વ. કાશીબેન ભીમજીભાઈના પુત્ર, સ્વ ચંદ્રકલાબેન નટવરલાલ જડ (ભુજ)ના જમાઈ, ગં.સ્વ. કોકિલાબેન (રીટા. પ્રાથમિક શિક્ષિકા ગાંધીધામ)ના પતિ, હાર્દિકભાઈ (જ્યોતિષ), અંકિતાબેનના પિતા, કુમારભાઈ (રિટા. પીજીવીસીએલ - માંડવી), દિનેશભાઈ (રિટા. ફોરેસ્ટ), પ્રગ્નેશભાઈ, સ્વ. શૈલેષભાઈ (મહારાજ ટ્રાન્સપોર્ટ), હિનાબેન (જાગૃતિ) દેવકુમાર કપ્ટા (ગાંધીધામ), ભાવનાબેન હર્ષદભાઈ બોડા (મુંબઈ), ભગવતીબેન નીતિનભાઈ આચાર્ય (ખંભાળિયા)ના ભાઈ, લીનાબેન, વિજયાબેન, સ્વ. ભાઈશંકર જોષી, સ્વ. પ્રતાપભાઈ જોષીના ભત્રીજા, સ્વ. વૃજલાલભાઈ પુરોહિત, સ્વ. રેવાશંકરભાઈ પુરોહિતના ભાણેજ, દિનેશભાઈ (રિટા. ઈફકો ગાંધીધામ), ચંદ્રેશભાઈ (રિટા. કોર્ટ - ભુજ), સ્વ. શૈલેષભાઈ (તલાટી ભુજ), સ્વ. ભાવનાબેન પીયૂષભાઈ આચાર્ય (ભુજ), સ્વ. શ્રીમતી પલ્લવીબેન વિષ્ણુભાઈ બોડાના બનેવી તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧-૩ના રવિવારે સાંજે ૪થી ૫ ભવનાથ મહાદેવ મંદિરના પાછળના પ્રાંગણમાં, સથવારા કોલોની, સેક્ટર ૫, ગાંધીધામ ખાતે.

**ગાંધીધામ** : મૂળ દેશલપર કંઠીના ખીમજી પૂંજા પાતારીયા તા. ૨૬-૨ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૧-૩ના રવિવારે રાત્રે આગરી અને તા. ૨-૩ના પાણીયારો નિવાસસ્થાન પ્લોટ નં. ૧૧૨, મહેશ્વરી નગર, ગાંધીધામ ખાતે.

**અંજાર** : અમીરભાઈ (પપ્પુ) જમનાદાસ ચોથાણી (ઉ.વ. ૫૩) (જી.ઈ.બી.) તે જિજ્ઞાબેનના પતિ, ગં.સ્વ. લક્ષ્મીબેન જમનાદાસ વાલજીભાઈ ચોથાણી (કાળી તળાવડી)ના પુત્ર, અમિતભાઈ, શીતલબેન, ખુશ્બૂબેનના ભાઈ, વિજય, વિવેકના સાળા, મીતાબેનના જેઠ, કૃતિકા, પ્રત્યુષના પિતા, પીયૂષ અમૃતલાલ પાદરાઈના સસરા, રૂચા, પ્રથમના મોટાબાપા, ગં.સ્વ. રમીલાબેન રમેશચંદ્ર ઠક્કર (ભુજ)ના જમાઈ, કાજલ વરુણકુમાર (અંજાર), જયેન્દ્ર (ભુજ)ના બનેવી, સ્વ. રેખાબેન કિશોરભાઈ, સ્વ. જશોદાબેન પરસોત્તમભાઈ (અંજાર), સ્વ. ઉર્મિલાબેન હરીશભાઈ (ભુજ), ગં.સ્વ. નીનાબેન હસમુખભાઈ (રાધનપુર)ના ભત્રીજા, ધિયાના નાના તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૩ના રવિવારે સાંજે ૫થી ૬ લોહાણા મહાજનવાડી, રાજેન્દ્ર કોડરાણી માર્ગ, સવાસર નાકા અંજાર ખાતે.

**ભુજ** : મેર આમદ લધા (ઉ.વ. ૭૪) તે મ. ભચુ અને અલીના ભાઈ, સુલેમાન રમજુ પચાણના બનેવી, હનીફ અબ્દુલ સુમરાના સસરા તા. ૨૬-૨ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ પૂરી થઈ ગઈ છે.

**ભુજ** : મૂળ કોઠારાના રમેશચંદ્ર દામજી ભગદે (ઉ.વ. ૭૮) (ચનાભાઈ સુરજી ભગદે પરિવાર) તે રમીલાબેનના પતિ, સ્વ. દામજી હરજી ભગદે તથા સ્વ. સરસવતીબેન, સ્વ. દમયંતીબેન દામજી ભગદેના પુત્ર, સ્વ. કરસનદાસ (શંભુભાઈ) (સુથરી), ભરતભાઈ (સાંયરા), અનુસૂયાબેન કમલકાંત (ભુજ), મંજુલાબેન દિલીપભાઈ (મુંબઈ), સ્વ. તારાબેન રમેશભાઈ (ભુજ), કાંતાબેન રમેશભાઈ (ભુજ), ભારતીબેન અરવિંદભાઈ (ગાંધીધામ), લીલમબેન દિનેશભાઈ (અંજાર), પ્રજ્ઞાબેન પ્રતાપભાઈ (માંડવી), હિનાબેન મિલનભાઈ (માંડવી), પલ્લવીબેન ચેતનભાઈ (વાપી)ના ભાઈ, સ્વ. લક્ષ્મીબેન કરસનદાસના દિયર, નિતાબેન ભરતભાઈના જેઠ, કલ્પના, અક્ષય (માંડવી), જોશના રામ (ભગદે બ્રધર્સવાળા, ભુજ)ના પિતા, નીલમ વિરાગ (કોઠારા), ધ્વનિ ખ્યાલ (કોઠારા)ના કાકાજી, મનન, આર્ય, દેવાંશના દાદા, ભાવનાબેન કિરીટકુમાર (બારસી), મનીષા કીર્તિકુમાર (મઉ), ગં.સ્વ. ટીનાબેન કૌશલકુમાર (મુંબઈ), ફાલ્ગુની સંદિપભાઈ (નખત્રાણા)ના કાકા, સ્વ. ગોવિંદજી હરજી ભગને (ભુજ)ના ભત્રીજા, અરજણ ઓધવજી ગણાત્રા (જખૌ)ના દોહિત્ર, સ્વ. પ્રભાબેન જમનાદાસ લાલજી કોઠારી (કોટડા-રોહા)ના જમાઈ, સ્વ. પુષ્પાબેન, મધુસૂદન (ગાંધીનગર), માલતીબેન મૂળરાજભાઈ (ભુજ), જ્યોતિબેન ભૂપેન્દ્રભાઈ (ભુજ), વિપુલાબેન નલિનભાઈ (કોટડા - રોહા), રસીલાબેન છગનલાલ (મુંબઈ), ગં.સ્વ. લીલાબેન ઝવેરીલાલ (અંજાર), નિર્મળાબેન મહેન્દ્રભાઈ (પૂના), મૃદુલાબેન નરેન્દ્રભાઈ (મસ્કત)ના બનેવી તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૩ના રવિવારે સાંજે ૪થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, ભુજ ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ — કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

**વડવાળા (તા. ભુજ)** : રવાભાઈ બિજલભાઈ કોઠીવાર (ઉ.વ. ૮૬) તે સ્વ. કરશનભાઈ, સ્વ. કાનાભાઈના ભાઈ, શંભુભાઈ, મેસીબેન ધનજી ખુંગલા, શાકુબેન લખુભાઈ ખુંગલા, રૂડીબેન ધનજીભાઈ ખુંગલા (પદ્ધર)ના પિતા, શંભુ કરશન કોઠીવારના કાકા, સ્વ. રામજી સવા ખુંગલાના જમાઈ તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. બેસણું વડવાળા ખાતે નિવાસસ્થાને.

**થરાવડા (નાના) (તા. ભુજ)** : કમળાબેન વેલજીભાઈ છાભૈયા (ઉ.વ. ૭૩) તે વેલજીભાઈ કરમશીભાઈ છાભૈયાના પત્ની, ગણપતભાઈ વેલજીભાઈ છાભૈયાના માતા, ભાવનાબેન ગણપતભાઈ છાભૈયાના સાસુ, મહેકભાઈ ગણપતભાઈ છાભૈયાના દાદી, ઉર્વીબેન મહેકભાઈ છાભૈયાના દાદીસાસુ, બાબુભાઈ કરમશીભાઈ છાભૈયા (પાટીદાર સનાતન સમાજ પ્રમુખ, માજી સરપંચ), શાંતિલાલ કરમશીભાઈ છાભૈયા, જેન્તીલાલ કરમશીભાઈ છાભૈયા (કોટડા - ખેડોઈ વિસ્તાર સમૂહલગ્ન સમિતિ પ્રમુખ), ઝવેરબેન અરજણભાઈ ભગત, કસ્તૂરબેન રામજીભાઈ ભોજાણી, નીમુબેન પરસોત્તમભાઈ ગોરાણીના ભાભી, સવિતાબેન બાબુભાઈ છાભૈયા, નિર્મલાબેન શાંતિલાલ છાભૈયા, મંજુલાબેન જેન્તીલાલ છાભૈયાના જેઠાણી, ગીતાબેન ચૂનીલાલ ધોળુ (કોટડા), પાર્વતીબેન જયેશભાઈ માકાણી (કોટડા), હિનાબેન હિતેશભાઈ ધોળુ (પાંતિયા)ના માતા, ચૂનીલાલ દેવરામભાઈ ધોળુ (કોટડા), જયેશભાઈ છગનલાલ માકાણી (કોટડા), હિતેશભાઈ ધોળુ (પાંતિયા)ના સાસુ, સોમજીભાઈ ગોવિંદભાઈ માકાણી (કોટડા આ.)ના પુત્રી, મોહનભાઈ સોમજીભાઈ માકાણી (કોયડા આ.), શિવજીભાઈ સોમજીભાઈ માકાણી (કોટડા આ.), મગનભાઈ સોમજીભાઈ માકાણી (કોટડા આ.)ના બહેન અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાને શેરી વિષ્ણુનગર થરાવડા ખાતે.

**મિરજાપર (તા. ભુજ)** : રાઠોડ મરિયાબાઈ ઈબ્રાહીમ (ઉ.વ. ૮૦) તે મ. રાઠોડ ઈબ્રાહિમના પત્ની, રાઠોડ અલીમામદ, મ. રાઠોડ સલીમ, રાઠોડ જાકીરહુસેન, રાઠોડ સિકંદરના માતા, સમેજા કાસમ ડાડા, સમા આમદ લાલમામદના સાસુ, રાઠોડ સબ્બીર, રાઠોડ અમિત, રાઠોડ જુબેર, રાઠોડ અનીશ, રાઠોડ સોરફ, રાઠોડ અરમાનના દાદી અવસાન પામ્યા છે. તાજિયાત તા. ૧-૨-૩ના મૈન બજાર મિરજાપર નિવાસ્થાને.

**અજરખપુર (તા. ભુજ)** : મૂળ સુવઈના ખત્રી કુલસુમબાઈ અયુબ (ઉ.વ. ૮૬) તે મ. ઈસમાઈલ, ઉસમાન ગની, સુગરાબાઈ જુસબ (ડગાળા)ના માતા, સમસુદીન, તૌકીર, રમઝાનના દાદી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. તાજિયત તા. ૨-૩ના સોમવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ ભાઈઓ માટે મસ્જિદમાં અને બહેનો માટે અજરખપુર જમાતખાના ખાતે.

**બિદડા (તા. માંડવી)** : દેવશી ખમુ સીચણિયા (ઉ.વ. ૭૫) તે ખમુ બીજાના પુત્ર, લાલજી, ખેતશી, નાનજી, કેશરબાઈ, ભચીબાઈના ભાઈ, કિશોર, ભવાન, વિપુલ, કુંવરબેન, સ્વ. લક્ષ્મીબેનના પિતા, મગનભાઈ, પ્રેમજીભાઈ, દેવજીભાઈ, વિશનજીના કાકાઈ ભાઈ, સ્વ. વેલજી, સ્વ. રામજી, ભચુભાઈ ખેતશીના ભાણેજ, ધનજી રાયશી (માંડવી), ગાભાઈ નજાર (એદિપુર)ના વેવાઈ, ગાભાભાઈ મકવાણા (ગાંધીધામ)ના જમાઈ તા. ૨૫-૨ના ધાર્મિકક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

**ત્રગડી (તા. માંડવી)** : પ્રવીણસિંહ ઉદેસંગ વાઘેલા (ઉ.વ. ૪૮) તે સ્વ. ઉદેસંગ વેલુભા વાઘેલાના પુત્ર, દ્રુપદબાના પતિ, મહિપતસિંહના પિતા, સતુભા રણમલજી જાડેજા (મોટા ભાડિયા)ના જમાઈ તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૧-૩ના રવિવારથી તા. ૫-૩ ગુરૂવાર સુધી ઠાકર મંદિર ચોક ખાતે, ઉત્તરક્રિયા તા. ૧૧-૩ના બુધવારે નિવાસસ્થાને.

**નખત્રાણા** : મૂળ વિરાણી મોટીના રવજીભાઈ મેઘજીભાઈ બાથાણી (પૂર્વ પ્રમુખ નખત્રાણા તાલુકા પંચાયત) (ઉ.વ. ૮૨) તે સ્વ.મેઘજીભાઈ બાથાણીનાં પુત્ર, સ્વ. પરબત મેઘજીના નાના ભાઈ, સ્વ. માનબાઈના પતિ, જેન્તીભાઈ (રાયપુર), ગુણવતીબેન (નાસિક), રાજેશભાઈના પિતા, શાંતિભાઈ (કલકતા), ગોરધનભાઈ (રાયપુર), લીલાબેન (હૈદરાબાદ), તુલસીબેન (વિથોણ)ના કાકા, જશોદાબેન, નીતાબેનના સસરા, ડોલીબેન, પ્રશાંત, પ્રિયા, શિવમનાં દાદા, દિવિશાના પળદાદા તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૧-૩ના રવિવારે સવારે ૯થી ૧૦:૩૦ નખત્રાણા નવાવાસ પાટીદાર સમાજ ખાતે.

**લાખાપર (તા. લખપત)** : સુમરા હુસેન ઓસમાણ (ઉ.વ. ૪૨) તે સુમરા ઓસમાણ જાફર (માજી સરપંચ) (લાખાપર)ના પુત્ર, સુમરા હાજી મુસા, અબ્દુલ, અલીમામદના ભાઈ, સુમરા મોડ જાફર (માજી સદસ્ય, જિ.પં. કચ્છ), સતાર, સુલેમાનના ભત્રીજા, મામદ્રીમ હાજી સિધિકના જમાઈ, અબ્દુલના બનેવી, મ. ભચાયા આમદ, રમધાન આમદ, ઈસ્માઈલ આમદના ભાણેજ, અભુભખર, સતાર, અબ્દુલગની, ઈશાક, સિકંદર, મામદ, હધુ ભચાયા, હમીર ભચાયા, આમદ ભચાયાના ભાઈ તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨-૩ના સોમવારે અસર નમાજ બાદ લાખાપર મુસ્લિમ જમાતખાના ખાતે.

# અંજાર તાલુકા પેન્શનર મંડળ દ્વારા જી કેટેગરીના આયુષ્યમાન કાર્ડ બનાવવાનો કેમ્પ યોજાયો



અંજાર - કચ્છઉદય : રાજ્ય સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલ મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલોમાં રાજ્યના તમામ કર્મચારીઓને મેડિકલ ક્ષેત્રે ઉત્તમ સારવાર- કેશલેશ - સુવિધા સાથે સરળતાથી એક જગ્યાએ મળી રહે તે હેતુસર અંજાર તાલુકાના પેન્શનરો માટે સરકારશ્રી દ્વારા આપવામાં આવતા ‘‘જી’’ કેટેગરીના આયુષ્યમાન કાર્ડ બનાવવા માટેના કેમ્પનું બે તબક્કામાં આયોજન મંડળ સ્થિત કાર્યાલય અંજાર ખાતે તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવ અંજારિયાના માર્ગદર્શન હેઠળ તેમજ મંડળના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ લીમ્બાચીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંજાર તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવ અંજારિયાએ જણાવ્યું હતું કે મંડળના સભ્યો વયમર્યાદાને કારણે નિયમિત રીતે ગુરુવારે પરિસરમાં મળતા હોય તે જ દિવસે કેમ્પનું આયોજન થયેલ હોય વધુને વધુ પેન્શનરોને આ સુવિધાનો લાભ સાચા અર્થમાં મળી રહે તેવું આયોજન કરવા બદલ અંજાર તાલુકા પેન્શન મંડળ અભિનંદનને પાત્ર છે. તેમજ અંજાર તાલુકાના અન્ય કર્મચારી મંડળ , વિવિધ સમાજ, દ્વારા કેન્દ્ર સરકાર અધિકૃત અને રાજ્ય સરકાર દ્વારા નિર્મિત આયુષ્યમાન કાર્ડ તથા વયવંદના જેવા કાર્ડ સરળતાથી એક જગ્યાએ બની શકે તે હેતુસર તેમની પાસે લેખિતમાં રજૂઆત આવશે તો તેમની આરોગ્ય વિભાગની ટીમ દ્વારા આયોજન ગોઠવી આપવામાં આવશે. સાથે લોક પ્રચારના માધ્યમથી ઘરે-ઘરે સરકારશ્રીની આરોગ્ય લક્ષી યોજનાનો લાભ અપાવવા સહિયારો પુરુષાર્થ કરવા જણાવેલ હતું. અંજાર તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ લીમ્બાચીયાએ જણાવ્યું હતું કે મંડળના સભ્યોના આરોગ્ય લક્ષી હોય કે વહીવટી પ્રશ્નો હોય તેનો સરળતાથી ઉકેલ આવે તે માટે સંલગ્ન કચેરી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક સાંધી સૌ હોદ્દેદારોને સાથે રાખી પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવે છે. પ્રારંભ મંડળના મંત્રી રમેશભાઈ આર ચૌહાણ મંડળ દ્વારા કરવામાં આવતી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે જિલ્લા તેમજ રાજ્ય પેન્શન મંડળ સાથે સંકલન સાંધિ પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં આવે છે જિલ્લામાં પેન્શનરોની સંખ્યામાં બીજા નંબરનું સ્થાન ધરાવતો અંજાર તાલુકો તેમના નિવૃત્ત કર્મચારીઓના પ્રશ્નો ‘‘ઝીરો ટોલરન્સ‘‘ પદ્ધતિ મુજબ ઉકેલ લાવવામાં આવે તે મુજબ કામ કરી રહ્યું છે. આ પ્રસંગે અંજાર તાલુકા હેલ્થ ઓફિસર ડો.રાજીવ અંજારિયા તેમજ અંજાર અર્બન હેલ્થ સેન્ટરના ડો. ઈશાન પટેલનું અંજાર પેન્શન મંડળના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ લીમ્બાચીયા ઉપપ્રમુખ મનોજભાઈ જોશી, કેશુભાઈ લુહાર, ગુંસાઈભાઈ દ્વારા બંને ડો.નું સાલ પુષ્પગુચ્છ અર્પણ કરી જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લામાં આરોગ્ય લક્ષી કામગીરીમાં મોખરાના સ્થાને રહેલ અંજાર તાલુકાના પેન્શનરો માટે આરોગ્ય વિભાગની આઠ ટીમ દ્વારા તા.૨૨/૧ અને તા.૧૨/૨ એમ સમયાંતરે બે દિવસ મંડળની માંગણી મુજબ કેમ્પ- ફોલોઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ, પ્રથમ કેમ્પ માં જે કર્મચારીઓ આયુષ્યમાન કાર્ડ ધરાવતા ન હતા, તેમના ‘‘જી’’ કેટેગરીના આયુષ્માન કાર્ડ બનાવવામાં આવ્યા. અને જે કર્મચારી આયુષ્યમાન કાર્ડ ધરાવતા હતા તે કાર્ડ રદ કરવાની કામગીરી કરવામાં આવી, ત્યારબાદ તા. ૨૨ ના રોજ યોજાયેલ ફોલોઅપ કેમ્પમાં રદ થયેલા આયુષ્યમાન કાર્ડને ‘‘જી’’ આયુષ્યમાન કાર્ડમાં ફેરવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી, સાથે બાકી રહેતા કર્મચારીઓને પણ ‘‘જી’’ આયુષ્યમાન કાર્ડ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી . આ કામગીરીનો પેન્શનરો- કર્મચારીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો બે તબક્કામાં યોજાયેલ આરોગ્ય લક્ષી કામગીરી અંજાર બ્લોકના આરોગ્ય વિભાગના મુખ્ય વહીવટી અધિકારી શામજીભાઈ આહીરના નેતૃત્વમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સવારે ૯:૦૦થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ચાલેલી મેરેથોન કામગીરીના કારણે ૨૦૦ થી વધુ પેન્શનરોએ આ કેમ્પનો લાભ લીધો હતો. સમય- નાણાની બચત સાથે પેન્શનરોના આરોગ્યની કાળજીને ધ્યાનમાં રાખીને કેમ્પનું આયોજન કરવા બદલ મંડળને અભિનંદન આપેલ હતા. આ કેમ્પની અંજાર તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવ અંજારિયા, અંજાર શહેર અર્બન હેલ્થ સેન્ટરના ડો. ઈશાન પટેલ દ્વારા દિવસ દરમિયાન મુલાકાત લઈ તેમની ટીમને સતત માર્ગદર્શન આપેલ હતુ . અંજાર તાલુકા પેન્શન મંડળના મંત્રી રમેશભાઈ ચૌહાણ, સહમંત્રી અરજણભાઈ ગોહિલ,ખજાનચી સંજયભાઈ પરમાર , ગિરજાગર ગુંસાઈ, મહેન્દ્રભાઈ પંડ્યા, ચિતરંજનભાઈ છાયા, કેશુભાઈ લુહાર ઉપસ્થિત રહયા હતા અને સમગ્ર વ્યવસ્થા સંભાળેલ હતી.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન બિદડા (ચાપાણી ફરીયો) હાલે વાપીના અરવિંદ નાથાલાલ ગડા (ઉં. વ. ૭૪) તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન નાથાલાલના પુત્ર. કુસુમના પતિ. હેમીનના પિતા. મુલચંદ, નવિનચંદ્રના ભાઈ. સમાઘોઘાના પ્રભાબેન અમૃતલાલ ધરમશીના જમાઈ. પ્રાર્થના ચંદ્રલીલા હોલ, મહાવીર નગર, એન. એચ.૪૮, વાપી. ટા. ૩થી ૪.

કચ્છી લોહાણા કચ્છ ગામ સુજાપુર હાલ મુલુંડ સૌ. દીપા હિતેશ આઈયા (ઉં. વ.૪૫) તે જયશ્રીબેન હંસરાજભાઈ આઈયાની પુત્રવધુ તા. ૨૬-૨ના ગુરૂવારના રામશરણ પામેલ છે. કેનીયની માતા. આશાબેન યોગેશની દેરાણી. યુવલની કાકી તથા જયશ્રીબેન વિજયભાઈ ઠક્કર, ગામ ભદ્રેશ્વર હાલ ચેમ્બુરની દીકરી. સૌ. આશાબેન દીપકભાઈની ભત્રીજી. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

# કચ્છ નોંધ

**રોટરી ક્લબ ઓફ માધાપર**

● રોટરી ક્લબ ઓફ માધાપર દ્વારા દર રવિવારે દરમ્યાન ઓટીઝમ, મનોરોગ, ડીપ્રેશન તથા ટીનએજર સાયકોલોજીકલ પ્રોબ્લમ માટે ૧-૩ના રવિવારે સાંજે ૬ થી ૯ સુધી પરામર્શ ઉપલબ્ધ રહેશે તેમ રાજેશ ઠક્કરની યાદીમાં જણાવવામાં આવ્યું છે. ઓનલાઈન માધ્યમથી પરામર્શ યોજાશે. જેમાં બોલવામાં ખચકાટ, અપૂરતો ભાષા વિકાસ તથા મગજનો અપૂરતો વિકાસ, મગજનો લકવો, જન્મજાત બહેરાશ, ઓટીઝમ, ધ્યાનની ખામી, બાળકના વધુ પડતા તોફાન, ભણવામાં ધ્યાનના આપ વું જેવી તકલીફ ધરાવતા ૨થી ૧૬ વર્ષનાં બાળકો માટે તથા વિધાર્થીઓ માટેનો કાઉનસ્લિંગ યોજેલ છે. વધુ માહિતી ૯૩૭૪૦ ૪૪૩૪૧ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

**રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર**

● કવિઓ જૈન મહાજન ભુજ સંચાલિત રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર, ભુજ ખાતે સોમથી શનિ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ ડૉ. ફાલ્ગુનીબેન મહેતા (દંતરોગ નિષ્ણાત) અને સાંજે ૪ થી ૭ ડૉ. અંકિતાબેન ગોર (દંતરોગ નિષ્ણાત) પોતાની સેવા રાહત દરે આપશે. દાંતની તમામ પ્રકારની સારવાર રાહત દરે કરી આપવામાં આવશે. સોમથી શનિ રાત્રે ૯ થી ૧૦ ડૉ. અશોકભાઈ ત્રિવેદી (હોમિયોપેથીક) પોતાની સેવા રાહત દરે આપશે. ભુજ શહેર અને તેની આસપાસના વિસ્તાર માટે વિનામૂલ્યે મોક્ષવાહિની સેવા મેળવવા સંપર્ક કરવો.

# રત્નકણિકા

**કષ્ટને સહન કરવાથી જ પ્રભુકૃપા પ્રાપ્ત કરી શકાય છે.- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૭, પા. મહેર-૧૩૯૫, મુ. રમજાન-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ફાગણ સુદ-૧૩ પ્રદોષ તા.૧ માર્ચ ૨૦૨૬, રવિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૧, પુષ્ય નક્ષત્ર, શોભન યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૧૫, સૂ.અ.૬:૫૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** — કાર્યબોજમાં વધારો થાય. માનની મુરાદ બર ન આવે.

**વૃષભ** — સામાજિક ક્ષેત્રે માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. પડવા-વાગવાથી સંભાળવું.

**મિથુન** — મિલન-મુલાકાતમાં સફળતા મળે. ગૃહવિવાદ અંગે સંભાળવું.

**કર્ક** — નોકરી-ધંધાને લગતા કાર્યો વેગ પકડે. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય.

**સિંહ** — જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. વ્યર્થ દોડા-દોડી રહે.

**કન્યા** — મુસાફરીથી લાભ મળે. નવિન કાર્યમાં સફળતા મળે.

**તુલા** — મનમાં મૂંઝવણ રહે. પ્રિયજન સાથે ચકમક ઝરે.

**વૃશ્ચિક** — માનસિક શાંતિમાં વધારો થાય. કાર્યક્ષેત્રમાં યશ પ્રાપ્તિ થાય.

**ધન** — નવિન ખરીદીના યોગ છે. આર્થિક ક્ષેત્રે પ્રગતિ થાય.

**મકર** — મનની મુરાદ બર આવે. અગત્યના પ્રશ્નોનો નિકાલ આવે.

**કુંભ** — મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. આર્થિક બાબતે પ્રતિકૂળતા રહે.

**મીન** — આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે. પડવા-વાગવાથી સંભાળવું.

# ભુજમાં સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષસ્થાને એરપોર્ટ એડવાઇઝરી કમિટીની બેઠક મળી




ભુજ -કચ્છઉદય : એરપોર્ટ એડવાઈઝરી કમિટીની બેઠક ભુજ એરપોર્ટ પર સંસદ સભ્ય વિનોદ એલ. ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. એરપોર્ટ ડિરેક્ટર નવીનકુમાર સાગરે (એપીડી), ભુજ દ્વારા ચેરમેન, સમિતિના સભ્યો અને અન્ય મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું અને એરપોર્ટના પ્રોજેક્ટ્સ અને ચાલુ વિકાસ પહેલનો વિગતવાર ઝાંખી રજૂ કરી હતી.

માનનીય સંસદ સભ્યશ્રીએ પાર્કિંગ વિસ્તારમાં ઈફચાર્જિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું અને મુખ્ય પ્રોજેક્ટ્સ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવે. સભ્યોએ શહેરની બાજુના વિસ્તારમાં ચા / કોફી નાસ્તાના કાઉન્ટરની સ્થાપના અને કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો સહિત મુસાફરોનીસુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે સૂચનો રજૂ કર્યા. બેઠકમાં વધારાની ફ્લાઈટ્સ, એર એમ્બ્યુલન્સસેવાઓ, કાર્ગો સુવિધાઓ, એપ્રોન સુરક્ષા, મુસાફરો માટે તબીબી સુવિધાઓની ઉપલબ્ધતા, એપ્રોચ રોડ વિકાસ અને મુસાફરોની સુવિધાઓને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. એરપોર્ટ ડિરેક્ટર નવીનકુમારે આગામી ઉનાળાના સમયપત્રકમાં ચાર વધારાની ફ્લાઈટ્સ કાર્યરત થશે તેવી જાહેરાત કરી હતી.

છેલ્લા બે વર્ષમાં મુસાફરોના ટ્રાફિકમાં નોંધપાત્ર અને ઝડપી વૃદ્ધિ જોવા મળી છે તેમ જણાવ્યું હતું. મફત વાઈ-ફાઈ અને ટેક્સીસેવાઓ સહિત મુસાફરોનીસુવિધાઓ શરૂ કરવામાં આવી છે. ઈ-અવસર યોજના ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. ટર્મિનલ પુનઃરૂપરેખાંકન દ્વારા પીક અવર ક્ષમતા ૫૪૦થી વધારીને ૧,૨૦૦ મુસાફરો કરવામાં આવશે, જે ૩૧-૩-૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

સૌર ઉર્જા ક્ષમતા વધારીને ૨૭૫ કેવી કરવામાં આવી છે, અને તેને ૧૦૦૦ કેવી સુધી વધારવાની યોજના છે. કાર્ગો કામગીરી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. એરપોર્ટ સલાહકાર સમિતિ ભુજની બેઠક સાંસદના અધ્યક્ષ સ્થાને ભુજ



એરપોર્ટ ડાયરેકટર નવીનકુમાર સાગરની ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં વીંગ કમાન્ડર કિરનકુમાર, લોકલ આઈ. બી. પી. આઈ. પી. બી. ગઢવી, અખિલેશકુમાર પાંડે, ટર્મિનલ મેનેજર જ્યોતિસિંગ, ચીફ સેક્રેટરી રવિકુમાર, સ્ટેશન મેનેજર એસ.બી. સિંગ, રાજનેરા વર્મા, સલાહકાર સમિતિ સદસ્ય મયુરસિંહ જાડેજા, મયંક રૂપારેલ, મનસુખ શાહ, રાજેશકુમાર શેખવા, મહેન્દ્રભાઈ જોશી, નિમેશ ફડકે (ફોકિયા) ઉપસ્થિત રહી સુચનો કર્યા હતા.

# મુંદરામાં ઘંઉ નિકાસનું કાંડ : આ તો માત્ર 'હિમસીલાની ટોચ'

**મુંદ્રા બંદર પર મિસ-ડિકલેરેશન કરનારાઓનો વકરતો અધમ ઘઉંની ગેરકાયદે નિકાસનો કારસો ઝડપાતી વેળાએ સુચક ઈશારો : નિયમોમાં ફેરફારનો ગેરલાભ ઉઠાવી નિકાસકારો સક્રિય; કસ્ટમ અધિકારીઓની ભૂમિકા સામે પણ સવાલો**

ગાંધીધામઃ મુંદ્રા પોર્ટ પર છેલ્લા કેટલાક સમયથી નિકાસની આડમાં મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી રહી હોવા સમાન ઘટનાક્રમો બહાર આવાવ પામી રહ્યુ છે. કેન્દ્ર સરકાર દ્વારા ઘઉંની નિકાસ નીતિમાં કરવામાં આવેલા ફેરફારના ટૂંકા ગાળામાં જ, મિસ-ડિકલેરેશન દ્વારા ઘઉંનો જથ્થો બહાર મોકલવાની મોડસ ઓપરેન્ડી તેજ બની છે. તે વખતે ફરીથી કસ્ટમ સહીતની એજન્સીઓની ભુમિકાઓ સામે સવાલો ઉભા થવા પામી રહ્યા છે. હજુ તો મુંદરા પોર્ટ પર તાજેતરમાં જ દિલ્હી છ્જી ત્રાટકીને નવ કરોડ જેટલા મેડીકલ ડ્રગ્સની સામે ધાક બેસાડતી કાર્યવાહી કરી ગઈ છે તે બાદ ગણતરીના

## ઘંઉ નિકાસનો નવો કારસો

ગાંધીધામ : નિકાસકારોની નવી મોડસ ઓપરેન્ડી પણ અહી સામે આવી રહી છે.સરકારે ઘઉંની નિકાસ માટે ક્વોટા જાહેર કરીને મંજૂરી લેવાનું ફરજિયાત બનાવ્યું છે. પરંતુ નિકાસકારો મંજૂરી વિના જ સીધો જથ્થો મોકલવા માટે 'ગ્રોસરી' કે અન્ય સામગ્રીના નામે ઘઉંની નિકાસ કરી રહ્યા છે. જે દેશની નિકાસ નીતિ અને અર્થતંત્ર સાથે ચેડા સમાન છે.

સમયમાં જ અહીથી ઘંઉના નિકાસની ચોકાંવનારી વિગતો સામે આવવા પામી રહી છે.

આ મામલે સહેજ વિગતે વાત કરીએ તો તપાસ દરમિયાન મુંદ્રા પોર્ટ પરથી ૪ ટન ઘઉંનો જથ્થો પકડાયો છે. જોકે, જાણકારોના મતે આ પકડાયેલો જથ્થો તો માત્ર 'પાસેરામા પુણી સામાન' અથવા તો મામૂલી કહી શકાય. અસલી ચિંતા એ છે કે, આ રીતે કેટલી માત્રામાં જથ્થો ઓલરેડી સરકી ગયો હશે? ?કેવી રીતે ખેલ ખેલાયો? બિલમાં 'કરિયાણાની ચીજો' જાહેર કરીને કન્ટેનર રવાના કરવામાં આવ્યા હતા. સવાલ એ જ થાય છે કે, ક્યાં થઈ ચૂક? ટર્મિનલ સુધી પહોંચ્યા બાદ અને કસ્ટમ અધિકારીઓની મંજૂરી મળ્યા પછી, ઉપલી કક્ષાએથી સૂચના મળતા કન્ટેનર પાછા બોલાવી તપાસ કરતા તેમાં ઘઉં હોવાનું બહાર આવ્યું હતું. એટલે સ્થાનિક અધિકારીઓની શંકાસ્પદ ભૂમિકા રહી છે તેમ માની શકાય.આ સમગ્ર મામલામાં સ્થાનિક તંત્ર અને કસ્ટમ વિભાગના અધિકારીઓ સામે ગંભીર સવાલો ઉભા થયા છે. જ્યારે ઉપલી કક્ષાએથી કડક તપાસની સૂચના હોય, ત્યારે કસ્ટમ ઓફિસર, પ્રિવેન્ટીવ ઓફિસર કે સુપરિન્ટેન્ડેન્ટ સ્તરે આ કન્ટેનરને ક્લિયરન્સ કેવી રીતે આપી દેવાયું?શું આ અધિકારીઓની મિલીભગત વગર આટલો મોટો જથ્થો 'મિસ-ડિકલેર' થઈ શકે?અગાઉ પ્રતિબંધિત દવાઓના કેસમાં પણ બે અધિકારીઓ સામે કાર્યવાહી થઈ હોવા છતાં, તંત્ર કેમ બોધપાઠ લેતું નથી? મુંદ્રા બંદર પર થતી આ ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવા માટે માત્ર નીચલા સ્તરના કર્મચારીઓ જ નહીં, પણ ઉચ્ચ સ્તરે બેઠેલા જવાબદારોની પણ તટસ્થ તપાસ થવી જરૂરી છે. પકડાયેલો ૪ ટન જથ્થો એ માત્ર એક નાનકડો અંશ છે, તેની પાછળ મોટું નેટવર્ક હોવાની પૂરેપૂરી શક્યતા છે.

**વડાપ્રધાન મોદીના ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત**

# મુન્દ્રા તાલુકાના ગામડાઓમાં યુવાનો માટે રનિંગ ટ્રેક અને ક્રિકેટ ગ્રાઉન્ડનું નિર્માણ કરાશે



**શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા સરહદી વિસ્તારના રમતવીરોને પ્રોત્સાહન આપવા નવતર પહેલ**

મુન્દ્રા - કચ્છઉદય : તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા અને સૈન્ય તથા પોલીસ દળમાં જોડાવાની તૈયારી કરી રહેલા આશાસ્પદ યુવાનો તેમજ રમતગમતમાં રુચિ ધરાવતા ખેલાડીઓ માટે શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ફિટ ઈન્ડિયા' વિઝનને સાકાર કરવાના ઉમદા હેતુથી મુન્દ્રા તાલુકાના ગામોમાં રનિંગ મીટર માર્કિંગ ટ્રેક અને ક્રિકેટ ગ્રાઉન્ડનું નિર્માણ કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. સ્વસ્થ મુન્દ્રા અને તંદુરસ્ત મુન્દ્રાના સંકલ્પ સાથે સંસ્થા દ્વારા આ કાર્યનો શુભારંભ કરવામાં આવ્યો છે.

આ આયોજન અંતર્ગત ટેકનિકલ માપદંડો મુજબ પીચ સેન્ટરથી ૮૦ મીટરના સર્કલમાં ગ્રાઉન્ડની સફાઈ જેસીબી અથવા લોડર દ્વારા કરવામાં આવશે અને ત્યારબાદ ગ્રાઉન્ડનું લેવલિંગ કરી તેને તૈયાર કરવામાં આવશે. ગ્રાઉન્ડની બાઉન્ડ્રી લાઈન પર ૮ થી ૧૦ ફૂટના અંતરે બ્લોકની માર્કિંગ કરવામાં આવશે, જેના પર ૫૦, ૧૦૦ અને ૨૦૦ મીટરના માર્કિંગ અંકિત કરાશે. આ જ લાઈનને રનિંગ ટ્રેક તરીકે પણ ઉપયોગમાં લઈ શકાશે. આ ઉપરાંત ખેલાડીઓ અને પ્રેક્ષકો માટે જરૂરિયાત મુજબ બેઠક વ્યવસ્થા તેમજ ગ્રાઉન્ડની ફરતે વૃક્ષારોપણ અને વૃક્ષ ગાર્ડ લગાવી પર્યાવરણની જાળવણીનો પણ ખ્યાલ રાખવામાં આવશે.

આ સેવાકીય પ્રોજેક્ટના અમલીકરણ માટે સંસ્થાએ અમુક માર્ગદર્શિકા પણ જાહેર કરી છે. આ સમગ્ર કાર્ય સંસ્થાના નિયમોને આધીન રહેશે અને જે તે ગામના યુવાનોએ પણ આ પ્રવૃત્તિમાં શ્રમદાન આપી સહભાગી થવાનું રહેશે. ગ્રાઉન્ડ તૈયાર થયા બાદ તેની જાળવણીની જવાબદારી તેમજ વહીવટી કે ગ્રામ પંચાયતની જરૂરી મંજૂરી મેળવવાની જવાબદારી જે તે ગામ અને ગ્રાઉન્ડ કમિટીની રહેશે. સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાએ જણાવ્યું છે કે, જે ગામોમાં ગ્રાઉન્ડની જરૂરિયાત હોય તેઓ સંસ્થાનો સંપર્ક કરી આ અભિયાનમાં જોડાઈ શકે છે. આ આયોજનને સફળ બનાવવા માટે જીજ્ઞેશભાઈ રાજગોર, મુકેશભાઈ ભટ્ટ, ભાવેન્દ્રસિંહ જાડેજા, હરેન્દ્રસિંહ જાડેજા, શંભુભાઈ આહીર, રામભાઈ ગઢવી સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.

# સરહદીય વિસ્તાર કુરન મધ્યે સાંસદ દ્વારા રંગોત્સવની ઉજવણી કરાશે



સાંસદ વિનોદભાઈ ચાવડા

ભુજ - કચ્છઉદય : કચ્છ લોકસભા દ્વારા તથા સમાજ નવનિર્માણ ટ્રસ્ટના સૌજન્યથી સાંસદ વિનોદભાઈ ચાવડા સાથે કચ્છના સરહદીય વિસ્તારના શાળાના વિધાર્થીઓ સંગ ભુજ તાલુકાનાં કુરન ગામે રંગોત્સવની ઉજવણી કરવામાં આવશે. હોળી રંગરાગ અને આનંદનો તહેવાર છે. સમગ્ર દેશમાં હોળીનો તહેવારને અનોખી રીતે ઉજવવામાં આવે છે. પવિત્ર તહેવાર અબીલ - ગુલાલની છાળો ઉડાવીને ઉજવણી કરવામાં આવે છે.

તારીખ ૨-૩-૨૦૨૬ના સોમવાર સવારે ૧૦ વાગ્યે ભુજના કુરન ગામે બાળકો સાથે રંગોત્સવ સાથે સ્વચ્છતા કીટ, નોટબુક, પેન સાથે શૈક્ષણિક કીટનું વિતરણ કરશે.

# રાપરમાં "વોકલ ફોર લોકલ'ના સૂત્રને સાર્થક કરવાના આશયથી સ્વદેશી મેળાનો પ્રારંભ

**અગ્રણીઓએ કહ્યું સ્થાનિક કારીગરોને મળશે નવું બજાર : મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા**



રાપર - કચ્છઉદય : શહેરના લોહાણા બોર્ડિંગ ખાતે ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ સ્વદેશી મેળાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નગરપાલિકા પ્રમુખ ચાંદભાઈ ભીંડે દ્વારા દીપ પ્રાગટ્ય કરી મેળાને ખુલ્લો મુકાયો હતો. મેળો ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી ચાલશે. મેળામાં સ્વદેશી ચીજવસ્તુઓ તથા રમતગમતના સાધનો ઘર વપરાશ તથા ભરત ગુંથણ તથા અન્ય સ્વદેશી માલ સામાનના ૩૦થી વધારે સ્ટોલ રાખવામાં આવેલ છે. શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નાગરિકો ઉમટી પડયા હતા.

મેળાનો મુખ્ય હેતુ સ્થાનિક કારીગરો અને નાના ઉદ્યોગકારોને પ્રોત્સાહન આપી 'વોકલ ફોર લોકલ' અભિયાનને વેગ આપવાનો છે. મેળામાં વિવિધ સ્ટોલ્સ પર આકર્ષક ચીજવસ્તુઓ પ્રદર્શન અને વેચાણ માટે રાખવામાં આવી છે. જેમાં પરંપરાગત કચ્છી ભરતકામ અને હસ્તકલાની કૃતિઓ, ખાદીના વસ્ત્રો, લાકડાના કલાત્મક નમૂનાઓ અને ઓર્ગેનિક ઉત્પાદનો તથા ઘરેલુ બનાવટના શુદ્ધ અને સાત્વિક ખાદ્યપદાર્થોનો સમાવે થાય છે.કાર્યક્રમ મહામંત્રી મહેન્દ્રસિંહ વાઘેલા અને ચીફ ઓફિસર તરૂણદાન ગઢવી સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આવા મેળાઓ દ્વારા નાના કામદારોને યોગ્ય બજાર પુરૂ પાડવામાં આવે છે, જે તાલુકાના આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. સ્વદેશી ઉત્પાદનો પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ એક સરાહનીય પ્રયાસ છે. સહિતના અનેક રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આગામી એક અઠવાડિયા સુધી ચાલનારા આ મેળામાં વધુને વધુ લોકો મુલાકાત લે તેવી અપેક્ષા અગ્રણીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ નસાભાઈ દૈયા, ડોલરરાય ગોર, હમીરજી સોઢા, જયદીપસિંહ જાડેજા, જિલ્લા મંત્રી ઉમેશભાઈ સોની, ભીખુભા સોઢા, વિનુભાઈ થાનકી, કેશુભા વાઘેલા, ભાણજી પટેલ, પ્રદીપસિંહ સોઢા, ઉપપ્રમુખ બબીબેન સોલંકી, અનવરશા બાપુ, મદુભા વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, મેમાભાઈ ચૌહાણ, ઉમેશભાઈ સોની, મોરારદાન ગઢવી, ભગવાનદાન ગઢવી, લાલજી કારોત્રા, ભાણજીભાઈ ભ્રાંછડિયા, ચંદ્રસિંહ જાડેજા, શિતલબેન જામ, ધર્મેન્દ્રસિંહ જાડેજા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# હોળી પર્વ નિમિત્તે ભવ્ય ફૂલોત્સવ, છપન્ન ભોગ અને મહાઆરતીનું આયોજન

અંજાર - કચ્છઉદય : હોળી પર્વની પાવન અવસરે સચિદાનંદ સંપ્રદાય દ્વારા ૩ માર્ચના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન રંગોત્સવની આધ્યાત્મિક ભાવનાથી ઓતપ્રોત ફૂલોત્સવ ઉજવાશે, જેમાં ભક્તિભાવ અને આનંદનું અનોખું દશ્ય સર્જાશે. આ કાર્યક્રમ અંજાર સચિદાનંદ મંદિર ખાતે મહંત ત્રિકમદાસજી મહારાજની અધ્યક્ષતામાં યોજાશે. તેમના પવિત્ર આશીર્વચનોથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક ગૌરવ પ્રાપ્ત થશે. પ્રસંગે ભગવાનને વૈદિક વિધિ મુજબ છપન્ન ભોગ અર્પણ કરવામાં આવશે, જેમાં વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફળો અને પ્રસાદનો સમાવેશ થશે. ત્યારબાદ ભવ્ય મહાઆરતીમાં મોટી સંખ્યામાં રસિકજનો ઉપસ્થિત રહી ભક્તિભાવથી જોડાશે. કાર્યક્રમ દરમિયાન ભજન, કીર્તન અને ધૂનના મધુર સ્વરો વચ્ચે હોળીના પર્વની આનંદમય ઉજવણી કરવામાં આવશે. સમગ્ર વાતાવરણમાં ધાર્મિક શ્રદ્ધા, ઉમંગ અને ભક્તિનો માહોલ સર્જાશે. સંપ્રદાય દ્વારા તમામ રસિકજનોને આ પ્રસંગે હાજરી આપી ધર્મ લાભ લેવા જણાવાયું છે.

# રાપરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

**વિદ્યાર્થીઓએ વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા**



રાપર - કચ્છઉદય : સમગ્ર દેશમાં મહાન ભારતીય વૈજ્ઞાનિક સર સી.વી. રમન દ્વારા કરવામાં આવેલી 'રમન ઈફેક્ટ'ની શોધની યાદમાં દર વર્ષે 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની થીમ "વિકસિત ભારત માટે સ્વદેશી ટેકનોલોજી" ને સાર્થક કરવાના ઉદ્દેશ્ય સાથે રાપરની સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, કલ્યાણપર ખાતે ભવ્ય વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ધોરણ ૧ થી ૯ ના વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક સહભાગી થઈને વિજ્ઞાનને લગતી વિવિધ આકર્ષક કૃતિઓ અને પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ જાળવણી, ઉર્જા સંરક્ષણ અને આધુનિક ટેકનોલોજી પર આધારિત વિવિધ મોડેલ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા જે ઉપસ્થિત સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ કાર્યક્રમનું ઉદઘાટન મુખ્ય મહેમાન બી.આર.સી. મેહુલભાઈ દવે, સી.આર.સી. સુનિલભાઈ સુતરીયા, એમ. જે. ઝાલેરી તેમજ શાળાના આચાર્ય દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન પ્રદર્શનમાં રજૂ થયેલી કૃતિઓનું યોગ્ય મૂલ્યાંકન કરવા માટે શૈલેષકુમાર પ્રજાપતિ અને ભગવાનભાઈએ નિર્ણાયક તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના તમામ સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. અંતમાં શાળા પરિવાર દ્વારા સહભાગી થયેલા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# હોળી-ધુળેટી - તું રંગાઈ જાને રંગમાં...

ફાગણ મહિનાની મધ્યમાં હોળી-ધુળેટીનો અનેરો તહેવાર આવે છે. શિયાળાને વિદાય આપતી હોળી ઠેર-ઠેર યોજાય છે. મંદિરો અને મહોલ્લાઓમાં લોકો છાણાને કલાત્મકરીતે ગોઠવી સૂર્યાસ્ત પછી હોળી પ્રગટાવે છે અને શહેરીજનો હોળીના દર્શન કરવા ઉમટે છે અને હોળીની પ્રદક્ષિણા કરે છે. પૌરાણિક કથા મુજબ હોલિકા આગમાં બળી ગઈ હતી અને તેની ગોદમાં બેઠેલા ભક્ત પ્રહલાદનો બચાવ થયો હતો. આમ પાપીજનોનો નાશ થાય છે.

ભક્તજનોને ભગવાન અગ્નિપરીક્ષામાંથી બચાવે છે એવો કૈંક ઉપદેશ છે. વર્ષો અગાઉ નાના બાળકો પોતાની શેરીમાં ગુરિયાપીરની સ્થાપના કરતા અને આવતા-જતા લોકો પાસેથી ગુરિયાપીરનો ટકો ઉઘરાવતા. ગુરિયાપીર બાળકોના ભગવાન પણ હતા. હવેના બાળકોને આ પ્રથાની ખબર પણ નથી.

હોળીના બીજા દિવસે ધુળેટી (રંગોત્સવ) મનાવવામાં આવે છે. બાળકો અને યુવાનો એકબીજાને રંગ ઉડાડે છે અને આખું વાતાવરણ રંગીન બની જાય છે. ર

ાાનપણમાં લોકો ગેરૂના પાણીથી રંગતા. ગેરૂ એક જાતની લાલ રંગની માંટી હતી, જે ભુજની લાલટેકરી પાસેથી મળતી. એ લેવા માટે બાળકો માટી ખોદતા હતા. હવે તો જાતજાતના તૈયાર રંગો બજારમાં મળતા થયા છે. બાળકો પિચકારીથી પાણીના રંગો પણ ઉડાડી આનંદ કરે છે. ધુળેટીના તહેવારને પ્રેમભક્તિ સાથે પણ સંબંધ છે. આજે પ્રેમીઓ રંગના બહાને છેડછાડ પણ કરી લેતા હોય છે અને બીજી બાજુ રાધા અને કૃષ્ણ પણ હોળી રમ્યા હતા એ ભાવના પણ જોડાયેલી છે. તું રંગાઈ જાને રંગમાં સીતારામના સત્સંગમાં. રાધેશ્યામના રંગમાં... તો બીજી તરફ યુવા હૃદયના પ્રેમની વાત પણ કરવામાં આવી છે. આયા હોલી કા ત્યોહાર ઉડે રંગો કી બોછાર, તું હે નાર નખરેવાલી હૈ, આજ મીઠી લગે હૈ તેરી ગાલી હૈ. આમ આજે હોળી-ધુળેટીના દિને રંગવું અને રંગાઈ જવું.

**- રજનીકાંત ઓઝા**

# ભુજ વડનગરા નાગર જ્ઞાતિને મેડિકલ ફંડ પેટે દાન મળ્યું



ભુજ - કચ્છઉદય : તાજેતરમાં વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ ભુજને સ્વ. દમયંતીબેન પ્રફુલ્લચંદ્ર રાણાના સ્મરણાર્થે ડો. પ્રફુલ્લચંદ્ર કુંદનલાલ રાણા (હાલે વડોદરા) તરફથી રૂપિયા ૧,૫૧,૦૦૦ મેડિકલ ફંડ પેટે અનુદાન મળ્યું હતું.

આ પ્રસંગે મંડળના પ્રમુખ અતુલભાઈ એમ. મહેતા, માનદમંત્રી ડો. ઉર્મિલભાઈ એચ. હાથી, હોદેદારોએ તેઓનું સન્માન કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી.



**ખાતમુહૂર્ત સમારોહ**

માન. સરકારશ્રીના માર્ગ-મકાન (પં.) વિભાગ હસ્તકનાં નખત્રાણા તાલુકાના વિવિધ અગત્યનાં માર્ગોનું રૂપિયા ૬૧૦.૯૬ લાખના ખર્ચે થનાર કામોના ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજેલ છે. જેમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૦૨/૦૩/૨૦૨૬, સોમવારે**

(૧) ભડલી-કોટડા (થ.) રોડનું રૂપિયા ૮૨.૬૨ લાખના ખર્ચે તેમજ વમરાપડાર એપ્રોચ રોડનું રૂપિયા ૧૬૦.૧૨ લાખના ખર્ચે નિર્માણ થનાર કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : સવારે ૧૦.૩૦ વાગ્યે, પાટીદાર સમાજવાડી, થરાવડા ગામે
(૨) ગંગોણ આથમણી એપ્રોચ રોડનું રૂપિયા ૬૫.૭૮ લાખના ખર્ચે નિર્માણ થનાર કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : બપોરે ૦૩.૩૦ વાગ્યે, ગંગોણ આથમણી ગામે
૩) વડવા (ભોપા) ગામે રૂપિયા ૫૦.૩૯ લાખના ખર્ચે નિર્માણ થનાર પુલના કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : સાંજે ૦૪.૦૦ વાગ્યે, વડવા (ભોપા) ગામે
(૪) કોટડા (રોહા) ગામે રૂપિયા ૨૫૨.૦૫ લાખનાં ખર્ચે નિર્માણ થનાર પુલના કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : સાંજે ૦૫.૦૦ વાગ્યે, કોટડા (રોહા) ગામે

**મુખ્ય મહેમાનશ્રી** શ્રી પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા (માન.ધારાસભ્યશ્રી, અબડાસા)

**અતિથિવિશેષશ્રીઓ**

- શ્રીમતી ભાવનાબેન પટેલ (માન. પ્રમુખશ્રી, નખત્રાણા તા.પંચાયત)
- શ્રી કરશનજી બી. જાડેજા (માન. સદસ્યશ્રી, જિ.પં. કચ્છ)
- શ્રીમતી નયનાબેન પટેલ (માન. સદસ્યાશ્રી, જિ.પં. કચ્છ)
- શ્રી ઉત્પલસિંહ જાડેજા (માન. ચેરમેનશ્રી, કા.સમિતિ તા.પં. નખત્રાણા)
- શ્રીમતી લીલાબેન મહેશ્વરી (માન. ચેરમેનશ્રી, સા. ન્યા., નખત્રાણા તા.પં.)
- શ્રીમતી શારદાબેન આહીર (માન. દંડકશ્રી, નખત્રાણા તા. પંચાયત)
- શ્રીમતી સંધ્યાબેન પલણ (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રીમતી હંસાબા જાડેજા (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રી દિનેશભાઇ નાથાણી (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રી રાજેન્દ્રસિંહ બી. જાડેજા (માન. ચેરમેનશ્રી, આરો. સમિ. જિ.પં. કચ્છ)
- શ્રીમતી જયાબેન ચોપડા (માન. સદસ્યાશ્રી, જિ.પં. કચ્છ)
- શ્રીમતી દક્ષાબેન બારૂ (માન. ઉપપ્રમુખશ્રી, નખત્રાણા તા.પંચાયત)
- શ્રી જયસુખભાઇ પટેલ (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રીમતી સ્વાતિબેન ગોસ્વામી (માન. નેતાશ્રી, શા. પક્ષ, નખત્રાણા તા.પં.)
- શ્રી મહેન્દ્રસિંહ સોઢા (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રી હોતખાનભાઇ મુતવા (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રીમતી મંજુલાબેન લતા (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- શ્રી ગોરધનભાઇ રૂડાણી (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)

**નિમંત્રક**

**શ્રી હરિસિંહ રાઠોડ** (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
**શ્રી ધર્મેશભાઇ કેશરાણી** (માન.પ્રમુખશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
**શ્રી અશ્વિનભાઇ સોની** (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
**તથા નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી પરિવાર**

**કચ્છીઓ માટે ચેતવણીની ઘંટડી**

# કચ્છમાં આ વર્ષે કાળઝાળ ઉનાળો દઝાડશે : હવામાન વિભાગની મે માસ સુધી હીટવેવની આગાહી

**સરહદી જિલ્લામાં સામાન્ય કરતાં વધુ દિવસો સુધી ગરમીનો કહેર જારી રહેવાની શક્યતા : માર્ચના અંતથી સૂર્યદેવ આકરા મિજાજમાં જોવા મળશે**

ભુજ - કચ્છઉદય : માર્ચ મહિનાના પ્રારંભ સાથે જ કચ્છમાં ડબલ સીઝનનો અનુભવ થઈ રહ્યો છે, પરંતુ આ હળવી ઠંડી લાંબો સમય ટકવાની નથી. ભારતીય હવામાન વિભાગ દ્વારા શનિવારે જારી કરવામાં આવેલી નવીનતમ આગાહી મુજબ, આ વર્ષે માર્ચથી મે મહિના દરમિયાન કચ્છ સહિત સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી પડવાની શક્યતા છે. ખાસ કરીને કચ્છના રણકાંઠાના વિસ્તારો અને મેદાની ભાગોમાં હીટવેવના દિવસોની સંખ્યા સામાન્ય કરતા ત્રણથી પંદર દિવસ વધુ રહી શકે છે, જે કચ્છી જનજીવન માટે ચિંતાનો વિષય બની શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચ મહિનામાં ગરમીનું પ્રમાણ મધ્યમ રહેશે પરંતુ એપ્રિલ અને મે મહિનામાં સૂર્યનારાયણ રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે. પશ્ચિમ મધ્ય ભારતના ભાગોમાં આવતા કચ્છ જિલ્લામાં તાપમાનનો પારો સામાન્ય કરતા ઊંચો જવાની પૂરી સંભાવના છે. જ્યારે મેદાની વિસ્તારોમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જાય અથવા સામાન્ય કરતા ૪.૫ ડિગ્રીનો વધારો નોંધાય ત્યારે તેને સત્તાવાર રીતે હીટવેવ જાહેર કરવામાં આવે છે. આ વખતે કચ્છમાં આવી સ્થિતિ વધુ દિવસો સુધી પ્રવર્તશે તેવા સંકેતો મળી રહ્યા છે. આકરી ગરમીની સીધી અસર જાહેર આરોગ્ય અને માળખાગત સુવિધાઓ પર જોવા મળી શકે છે. ખાસ કરીને ખેતમજૂરો, બાંધકામ ક્ષેત્રના શ્રમિકો, વૃદ્ધો અને બાળકો માટે આ ઉનાળો કષ્ટદાયક સાબિત થઈ શકે છે. ગરમીના વધતા પ્રકોપને કારણે જિલ્લામાં પીવાના પાણીના સ્ત્રોતો પર દબાણ વધશે અને વીજળીની માંગમાં પણ તોતિંગ ઉછાળો આવવાની શક્યતા છે. કચ્છની ભૌગોલિક સ્થિતિને જોતા રેતાળ જમીન જલ્દી તપી જતી હોવાથી અહીં ગરમીની તીવ્રતા અન્ય જિલ્લાઓ કરતા વધુ અનુભવાય તેવી પૂરી શક્યતા છે.

# કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા અમદાવાદ રેલવે સ્ટેશન પુનવિકાસ કાર્યોની સમીક્ષા





ગાંધીધામ - કચ્છઉદય : રેલ, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવએ ૨૮મી ફેબ્રુઆરીના અમદાવાદ રેલવે સ્ટેશનની મુલાકાત લઈને ચાલી રહેલા પુન વિકાસ કાર્યોની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને કાર્યોની ગુણવત્તા અને સમયબદ્ધતા સુનિશ્ચિત કરવાના સૂચનો આપ્યા હતા. ભારતીય રેલ દેશભરમાં ૧૩૦૦થી વધુ સ્ટેશનોના સુધારણા અને આધુનિકીકરણના કાર્ય કરી રહી છે, જેમાં અમદાવાદ સ્ટેશન એક મુખ્ય પ્રોજેક્ટ છે. પ્રોજેક્ટ હેઠળ ત્રણ નવા પ્લેટફોર્મ જોડવામાં આવશે, જેના કારણે ટ્રેનોના સંચાલનની ક્ષમતામાં વૃદ્ધિ થશે. સ્ટેશનને કાલુપુર અને સરસપુર બન્ને તરફથી આધુનિક સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને તેને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. સમીક્ષા દરમિયાન પ્રસ્તુત પ્રગતિ વિગત મુજબ, એમએમટીએચ (મલ્ટી મોડલ ટ્રાન્સપોર્ટ હબ) ભવનના દક્ષિણ દિશાના નીચેના ભાગનું ૫૮.૨% કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ઉપરના ભાગનું ૨૪.૦% કાર્ય પ્રગતિ પર છે. એમએમટીએચ ભવનની ૭મી અને ૮મી મંજિલ પર નિર્માણ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. પાર્સલ ભવન ટી- ૬નું ૯૯.૦% કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. એલિવેટેડ રોડ પ્રોજેક્ટનું ૬૭.૩% કાર્ય પૂર્ણ છે અને પિયર સંખ્યા પી-૧થી પીં-૪૧ સુધીના તમામ નિર્માણ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યા છે. સ્ટેશન ભવન (કોંકોર્સ અને મેઝેનાઇન/રૂફ ની સંરચના)નું ૨૦.૮% કાર્ય પૂર્ણ છે અને કોંકોર્સ સંરચના માટેની એરેક્શન પ્રક્રિયા પ્રગતિ પર છે. પરિસરને વિશ્વસ્તરીય મલ્ટીમોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે, જેમાં પર્યાપ્ત પાર્કિંગ, એલિવેટેડ રોડ સિસ્ટમ, સુસજ્જ પ્લાઝા, વિસ્તૃત કોંકોર્સ અને આધુનિક યાત્રી સુવિધાઓ ઉપલબ્ધ હશે. વારસાગત સંરચનાઓ 'ઈંટ મીનાર' અને 'ઝૂલતા મીનાર'નું સંરક્ષણ પણ પ્રોજેક્ટનો અભિન્ન ભાગ છે. લગભગ ૧૫ એકર વિસ્તારમાં કોંકોર્સ પ્લાઝા અને ૭ એકર વિસ્તારમાં મેઝેનાઇન પ્લાઝા વિકસાવવામાં આવી રહ્યા છે, જ્યાં આધુનિક વેઈટિંગ એરિયા, સ્વચ્છ શૌચાલય, ફૂડ કોર્ટ અને વ્યાવસાયિક સુવિધાઓ ઉપલબ્ધ હશે. સ્ટેશનને હરિત ભવન તરીકે વિકસાવતા વખતે ઊર્જા કાર્યક્ષમતા, પાણી સંરક્ષણ અને નવિનીકૃત ઊર્જાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. અદ્યતન મોનિટરિંગ સિસ્ટમ, સ્વચાલિત પાર્સલ મેનેજમેન્ટ અને દિવ્યાંગજ અનુકૂળ સુવિધાઓ પણ પ્રોજેક્ટનો મુખ્ય ભાગ છે.

## પ્રમુખ નિર્માણ પ્રવૃત્તિઓની વર્તમાન સ્થિતિ

- સંરચનાત્મક સ્ટીલ ફેબ્રિકેશન પાંચમી મંજિલ સુધી પૂર્ણ, છઠ્ઠીથી આઠમી મંજિલ સુધી લગભગ ૭૦% પૂર્ણ.
- સંરચનાત્મક એરેક્શન પાંચમી મંજિલ સુધી પૂર્ણ; છઠ્ઠી થી આઠમી મંજિલનું એરેક્શન કાર્ય પ્રગતિ પર.
- ડેક સ્લેબ કાસ્ટિંગ ચોથી મંજિલ સુધી પૂર્ણ; પાંચમી મંજિલની સ્લેબ કાસ્ટિંગ લગભગ ૫૦% પૂર્ણ.
- પાંચમી મંજિલ પર કૉલમ એક્રેસિંગ કાર્ય પ્રગતિ પર.
- બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફ્લોરમાં બ્લોક વર્ક અને પ્લાસ્ટર લગભગ ૮૫% પૂર્ણ; પ્રથમ માળ પર બ્લોક વર્ક પ્રગતિ પર.
- પ્લેટફોર્મ સંખ્યા ૧૦ અને લાઇન સંખ્યા ૧૬ પર પ્લેટફોર્મ રીસર્ફેસિંગ, એમઈપીએફ (મેકેનિકલ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને ફાયર ફાઈટીંગ) તેમજ બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ.
- પ્લેટફોર્મ સંખ્યા ૯ અને લાઇન સંખ્યા ૧૫ પર બીએલટી (બેલાસ્ટલેસ ટ્રેક) કાર્ય પૂર્ણ; પ્લેટફોર્મ રીસર્ફેસિંગ કાર્ય પ્રગતિ પર.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આધુનિક રેલવે અવસંરચના અને સંરક્ષિત વારસાગતના સંતુલિત સંયોજનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ રજૂ થશે.

# લીલાશા પાસે ક્રિકેટના મેદાનમાં પિતા-પુત્ર પર ખૂની હુમલો કરનારા બંને આરોપીના ઘરના વીજ જોડાણ કપાયા





**એ-ડિવિઝન પોલીસે પીજીવીસીએલની ટીમને સાથે રાખી ૨૦ હજારનો દંડ કરાવ્યો**

ગાંધીધામ: પૂર્વ કચ્છના ગાંધીધામમાં ગુનાખોરી ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા હવે અપરાધીઓ વિરુદ્ધ આકરા વલણ સાથે કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી તેજ કરવામાં આવી છે. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે ખૂનની કોશિશના ગુનામાં સંડોવાયેલા આરોપીઓના ઘરે વીજચોરી પકડી પાડી છે.

આ અંગેની વિગતો મુજબ લીલાશા નજીક ક્રિકેટ મેદાનમાં બોલ વાગવા જેવી સામાન્ય બાબતે આરોપીઓ દ્વારા પિતા- પુત્ર પર બેટ વડે હુમલો કરાતા ગંભીર ઈજાઓ થતાં હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે બંને આરોપીને ઝડપી લીધા, સરઘસ કાઢ્યું અને હવે ગેરકાયદે વીજ જોડાણ કપાયા છે. આરોપીઓ હનીફ હાસમ સાયચા અને નાઝીર નુર મહોમદ નોતીયારના સુંદરપુરી સ્થિત રહેણાંક મકાનોમાં વીજચોરી થતી હોવાની આશંકા આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસની એક ટીમ પીજીવીસીએલના અધિકારીઓને સાથે રાખીને ત્રાટકી હતી.

તપાસ દરમિયાન બંને આરોપીઓના ઘરેથી ગેરકાયદેસર રીતે લેવામાં આવેલા વીજ જોડાણો મળી આવ્યા હતા, જે કાયદાની વિરુદ્ધ હોવાનું સ્પષ્ટ થયું હતું. પોલીસ અને પીજીવીસીએલની સંયુક્ત ટીમે ત્વરિત કાર્યવાહી કરીને આરોપીઓના મકાનોમાંથી ગેરકાયદેસર વીજ જોડાણો કાપી નાખ્યા હતા.

આ ઉપરાંત, વીજચોરી કરવા બદલ પીજીવીસીએલ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ૨૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ગુનેગારોમાં ફફડાટ ફેલાવી દેનારી આ કામગીરી દ્વારા પોલીસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે, અસામાજિક તત્વો દ્વારા આચરવામાં આવતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિને સાંખી લેવામાં આવશે નહીં. ગાંધીધામ પોલીસની આ વ્યૂહાત્મક કાર્યવાહીની નગરજનોમાં પણ ભારે પ્રશંસા થઈ રહી છે.

# કચ્છના જગડુશા એવા દાનવીર બાબુભાઈ ભીમાભાઈ હુંબલને જન્મદિવસ



ભુજ - કચ્છ ઉદય : કચ્છના જગડુશા એવા દાનવીર બાબુભાઈ ભીમાભાઈ હુબલને જન્મદિવસની "કચ્છઉદય" પરિવાર હાર્દિક શુભેચ્છા પાઠવે છે. એમના અને તેમના પરિવાર ઉપર માં રવેચીની કૃપા સદાય વરસતી રહે ભગવાન સચ્ચિદાનંદ દિર્ઘાયુ એવમ્ સ્વસ્થ રાખે ઉતરોતર પ્રગતિ કરતા રહે તેવી શુભેચ્છા તેમના બહોળા શુભેચ્છક વર્તુળ તરફથી પાઠવવામાં આવી હતી. બાબુભાઈ હુંબલ દરેક સમાજના કાર્યક્રમ આયોજન અને લોકોને અંગત મદદ માટે ઉદાર હાથે દાન આપતા રહે છે. કચ્છના સૌથી મોટા દાનવીરોમાં તેમની ગણતરી થાય છે. જીવદયા માટે પણ તેમનું મોટુ યોગદાન હંમેશા તેમનું રહ્યું છે. તેઓ આપબળે ખૂબ જ પ્રમાણિકતા અને નિષ્ઠા અને કઠોર પરિશ્રમથી આગળ વધ્યા છે અને એટલે જ દરેકના પ્રશ્નો અને તકલીફો હંમેશાં સમજતા રહ્યા છે. તેમનો સ્વભાવ અત્યંત નિરાભિમાની છે. તાજેતરમાં યોજાયેલા સમૂહલગ્નમાં પણ તેમણે ઉધાર હાથે મુખ્યદાન આપી અને પુણ્ય સંચિત કર્યું હતું. તેમની વિશિષ્ટતા એ છે કે તેમની પાસે સંસ્થાઓએ દાન માંગવું નથી પડતું પરંતુ તેઓ સામે ચાલી અને યોગ્ય કાર્ય કરતી સંસ્થાઓને શોધીને દાન આપતા રહ્યા છે. આવું ચંદન જેવું સુગંધી વ્યક્તિત્વ ધરાવતા અને સમાજ માટે ઘસાઈ અને વધારે મહેંકતા અનન્ય અને ઉદાર વ્યક્તિત્વ ધરાવતા બાબુભાઈ અનેક સંસ્થાઓની પ્રવૃત્તિઓનો અને સામાજિક પ્રસંગોનો શ્વાસ છે. તેમના જન્મદિવસે કચ્છઉદય પરિવાર દ્વારા તેમને વારંવાર વંદન કરે છે.

# કાયસ્થ શેરી સ્થિત ખેતરપાળ દાદાના પુનઃ સ્થાપના દિનની ઉજવણી થશે








ભુજ- કચ્છઉદય : છાયા, બૂચ, ધોળકિયા, વચ્છરાજાની, મારૂ, અવટંકધારી નાગરો અને ભીંડે અવટંકના ક્ષેત્રપાળ દાદાનો પુનઃ સ્થાપન ઉત્સવ પ્રથમવાર ઈ. ૨૦૧૭માં ઉજવવામાં આવ્યો હતો. લીલાધરભાઈ ભીડને પ્રેરણા થઈને ભુજમાં કાયસ્થ શેરી સ્થિત દાદા ક્ષેત્રપાળનાં સ્થાનકને નવુંરૂપ આપી સુંદર રીતે સજાવી દીધું. તા. ૩-૩-૨૦૨૭ના સંબંધિત પરિવારોએ દાદાના પુનઃસ્થાપન પ્રસંગે શોભાયાત્રા, કળશ પૂજન, લઘુરૂદ્ર હવન, મહાપ્રસાદ સહિતનું આયોજન કરાયું હતું. ૬

ાાતિજનોએ પ્રથમ પાટોત્સવ ઉત્સાહથી ઉજવ્યો હતો પછી એ પરંપરા જાળવી રાખવા નિર્ધાર કર્યા. દર વર્ષે માર્ચના અનુકૂળ રવિવારે મિની પાટોત્સવ' પરંપરાગત ધાર્મિકરીતે ગૌરવભેર ધામધૂમથી ઉજવવા સાથે સમૂહ પ્રસાદ ભોજન યોજવામાં આવે છે તેવી જ રીતે પહેલી માર્ચે ઉજવણી થશે તેવું જગદીશચંદ્ર છાયાએ યાદીમાં જણાવ્યું છે.

# નિરોણા ગામે સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરાયું



નખત્રાણા - કચ્છઉદય : સેવા સેતુ પોગ્રામ અંતર્ગત પ્રાથમિક શાળા નિરોણા ખાતે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું.

આ વેળાએ જિલ્લા પંચાયત સદસ્ય, ટીએચઓ ડો.એ.કે. પ્રસાદ, પીએચસીના મેડિકલ ઓફિસર હાજર રહેલ હતા. એનએફએસએ કાર્ડ ધારકો અને ૭૦ વર્ષથી ઉપરના લોકોના ટોટલ ૧૦૬ લાભાર્થીના કાર્ડ, ૬૮ લોકોના આભાકાર્ડ બનાવામાં આવ્યા હતા. આ કેમ્પમાં **MPHS, MPHW, FHW,** આશા ફેસિલિટર અને આશા બહેનોનો સહયોગ રહ્યો હતો.

# હમીરસરના કિનારે નિરાધાર હાલતમાં મળેલા વૃદ્ધને મળ્યું નવું જીવન



ભુજ -કચ્છઉદય : કહેવાય છે કે 'સેવા એ જ પરમો ધર્મ છે' આ ઉક્તિને ભુજના સામાજિક કાર્યકરો અને સેવાભાવી સંસ્થાએ સાર્થક કરી બતાવી છે. ભુજના ઐતિહાસિક હમીરસર તળાવ સામેના ઓટલા પર એક ઈજાગ્રસ્ત અને લાચાર વડીલ મળી આવતા, ગણતરીના કલાકોમાં જ તેમને આશરો અને સારવાર અપાવી માનવતા મહેકાવવામાં આવી હતી.

મૂળ પંચમહાલ જિલ્લાના ગામ વણડાસડા વતની વડીલ અત્યંત દયનીય હાલતમાં બેઠા હતા. સામાજિક કાર્યકર મિતેષભાઈ હીરાલાલ શાહની નજર તેમના પર પડતા તેમણે વડીલની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન વડીલે ડૂસકે વળતા જણાવ્યું હતું કે, તેમના પરિવારમાં હવે કોઈ જ રહ્યું નથી. માતા - પિતા, પત્ની અને મોટા ભાઈનું અવસાન થઈ ચૂક્યું છે. એક નાનો ભાઈ છે પરંતુ રહેવા માટે કોઈ ચોક્કસ ઠેકાણું નથી. વૃદ્ધાવસ્થા અને શારીરિક ઈજાઓ વચ્ચે તેમને માત્ર માથા પર છત અને બે ટંક ભોજનની આશા હતી. વડીલની કરૂણ ગાથા સાંભળી મિતેષભાઈ શાહે તુરંત જ 'લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ'ના સંચાલક હેમેન્દ્રભાઈ જનસારીનો સંપર્ક કર્યો હતો. હેમેન્દ્રભાઈએ વિલંબ કર્યા વગર સંસ્થાનું વાહન અને સ્ટાફ મોકલી આપ્યો હતો. સંસ્થા દ્વારા વડીલને આદરપૂર્વક આશ્રમમાં સ્થાન આપવામાં આવ્યું છે, જ્યાં તેમની રહેવા, જમવા અને ઈજાઓની સારવારની સંપૂર્ણ જવાબદારી લેવામાં આવી છે.

હેમેન્દ્રભાઈ જણસારીએ જણાવ્યું હતું કે, જેમનું દુનિયામાં કોઈ નથી, તેવા વડીલોની સેવા કરવાની તક પરમાત્માએ અમને આપી છે. હવે આ વડીલની તમામ ચિંતા સંસ્થા કરશે. પ્રેરણાદાયી સેવાકાર્યમાં મિતેષભાઈ શાહની સાથે વેપારી અગ્રણી દિનેશભાઈ શેઠ પણ જોડાયા હતા અને વડીલને ધરપત આપી હતી. ભુજના હૃદયસમા હમીરસર કિનારેથી એક નિરાધાર વૃદ્ધને નવું ઘર અને પરિવાર મળતા શહેરના નાગરિકોએ આ સેવાકીય અભિગમને બિરદાવ્યો હતો.

# પૂર્વ કચ્છ પોલીસે બે મહિનામાં ડ્રગ્સના ૧૫ કેસ કર્યા

## રેન્જ આઈજીની ટીમે ભીમાસર (ભુટકિયા)માં ૯ કરોડની નશાની ખેતી ઝડપી પાડ્યા બાદ વાગડમાં સ્થાનિક પોલીસે ૪ કેસ શોધ્યા

ગાંધીધામ - કચ્છઉદય : હવે પૂર્વ કચ્છ પોલીસ ફરી એકવખત મેદાનમાં આવી છે. ભીમાસર ભુટકિયાની કાર્યવાહી બાદ લાકડિયા, આડેસર, ગાગોદર પોલીસે ગાંજો ઝડપી લીધા બાદ એસઓજીએ આજે હેરોઈન શોધ્યું હતું. પૂર્વ કચ્છ પોલીસે જણાવ્યું છે કે, બે મહિનામાં ડ્રગ્સના ૧૫ કેસ શોધવામાં આવ્યા છે. ગત વર્ષે આ સમયગાળામાં ૩ કેસ હતા. પૂર્વ કચ્છમાં નશાના દૂષણને જડમૂળથી ઉખેડી નાખવા માટે પોલીસ તંત્ર દ્વારા આરંભાયેલું "સે નો ટુ ડ્રગ્સ ઈન ઈસ્ટ કચ્છ" અભિયાન અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે. સરહદી રેન્જ ભુજના આઈજીપી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ ગાંધીધામના પોલીસ અધિક્ષક સાગર બાગમારના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં માદક પદાર્થોની હેરાફેરી, વેચાણ અને સેવન કરનારા તત્વો વિરુદ્ધ લાલ આંખ કરવામાં આવી છે. આ કડક ઝુંબેશને પરિણામે ચાલુ વર્ષના શરૂઆતના માત્ર બે મહિનાના ટૂંકા ગાળામાં જ પોલીસે નશીલા પદાર્થોના કાળા કારોબાર પર મોટો પ્રહાર કર્યો છે. પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ગત વર્ષ ૨૦૨૫ માં ફેબ્રુઆરી માસના અંત સુધીમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ માત્ર ૩ કેસો નોંધાયા હતા, જેની સરખામણીએ ચાલુ વર્ષ ૨૦૨૬ માં આ આંકડો અનેકગણો વધ્યો છે. ૧ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળામાં પૂર્વ કચ્છના વિવિધ પોલીસ સ્ટેશનો અને સ્પેશિયલ બ્રાન્ચ દ્વારા કુલ ૧૫ જેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવ્યા છે. આ સફળ કામગીરી દરમિયાન પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કુલ ૧૮ આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કામગીરીમાં સૌથી વધુ સફળતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપને મળી છે, જેણે ૪ કેસો નોંધી ૪ શખ્સોને ઝડપી પાડ્યા છે. તે ઉપરાંત અંજાર, આદિપુર, ગાંધીધામ એ અને બી ડિવિઝન, સામખિયાળી, રાપર, બાલાસર, લાકડીયા અને આડેસર પોલીસ સ્ટેશન દ્વારા માદક પદાર્થોના એક - એક જયારે ગાગોદર પોલીસે ૨ કેસ નોંધી ૨ આરોપીની ધરપકડ કરી છે.

## પૂર્વ કચ્છ પોલીસે હેલ્પલાઈન નંબર જાહેર કર્યો

પોલીસ તંત્ર દ્વારા જાહેર જનતાને નશાબંધીના અભિયાનમાં જોડાવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે. પૂર્વ કચ્છ ગાંધીધામ જિલ્લાના કોઈપણ વિસ્તારમાં જો માદક પદાર્થોનું ગેરકાયદેસર વેચાણ કે સેવન થતું હોય, તો નાગરિકો નિર્ભય બનીને પોલીસને જાણ કરી શકે છે. આ માટે પૂર્વ કચ્છના પોલીસ અધિક્ષક મો. નંબર ૯૯૭૮૪ ૦૫૬૯૦, નાયબ પોલીસ અધિક્ષક અંજાર ૯૯૭૮૪ ૦૮૨૪૫ અને ડીવાયએસપી ભચાઉ વિભાગ ૯૯૭૮૪ ૦૨૦૨૬ તેમજ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પીઆઈ ૯૭૨૩૪ ૯૩૫૩૪ અને જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમના સંપર્ક નંબર ૬૩૫૯૬ ૨૬૮૪૫ જાહેર કરવામાં આવ્યો છે જેથી ગુપ્ત રાહે માહિતી આપી શકાય અને વિસ્તારને નશામુક્ત બનાવી શકાય.

# ભારતમાં પ્રથમવાર હરણ માટે એઆઈ આધારિત કૃત્રિમ પગ તૈયાર

**બિદડા સર્વોદય ટ્રસ્ટ અને જયા રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યૂટની અનોખી સિદ્ધિ : વન્યજીવ પુનર્વસનમાં નવો માઇલસ્ટોન**

ભુજ - કચ્છઉદય : કચ્છના બિદડા ગામે સ્થિત સર્વોદય ટ્રસ્ટ અને જયા રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યૂટે કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ની મદદથી હરણ માટે ભારતનું પ્રથમ એઆઈ-ડિઝાઇન કરાયેલ પ્રોસ્થેટિક લિમ્બ વિકસાવી ઈતિહાસ રચ્યો છે. આ નવીન શોધ વન્યજીવ રિહેબિલિટેશન ક્ષેત્રમાં ક્રાંતિ સમાન ગણાઈ રહી છે અને ઘાયલ પ્રાણીઓ માટે આશાનો નવો કિરણ બની છે.

હરણો માટે કૃત્રિમ અંગ તૈયાર કરવાનો પરંપરાગત પ્રયાસો અગાઉ અનેક વખત નિષ્ફળ ગયા હતા. ખાસ કરીને યોગ્ય સસ્પેન્શન સિસ્ટમ, જંગલના કઠિન પરિસ્થિતિમાં ટકાઉપણું અને હરણની ઝડપી દોડ-કૂદને અનુરૂપ ડિઝાઇન તૈયાર કરવામાં ટેક્નિકલ પડકારો હતા. છતાં ટીમે હિંમત હાર્યા વિના એઆઈ ટેક્નોલોજીનો સહારો લીધો.

સંસ્થાના સંશોધન કેન્દ્રના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે એઆઈ દ્વારા જટિલ બાયોમેકેનિકલ ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને હરણના શરીરનાં હલનચલન, વજનનું વિતરણ અને કુદરતી ગતિને ધ્યાનમાં રાખીને ઓપ્ટિમાઇઝ્ડ ડિઝાઇન તૈયાર કરવામાં આવી. "એઆઈએ અમારો અભિગમ સંપૂર્ણપણે બદલ્યો. યોગ્ય ફિટ અને સસ્પેન્શન સાથેનું બ્લૂપ્રિન્ટ મળતાં જ પ્રયોગ સફળતાની દિશામાં આગળ વધ્યો," એમ તેમણે ઉમેર્યું હતું. એઆઈ દ્વારા તૈયાર કરાયેલા ડિઝાઇનને આધારે લિમ્બનું નિર્માણ કરી તેને કડક પરીક્ષણોમાંથી પસાર કરવામાં આવ્યો. હરણની કુદકૂદ અને દોડ દરમિયાન કોઈ નુકસાન ન થાય તે માટે લિમ્બને પ્રથમ માળ પરથી નીચે ફેંકીને તેની મજબૂતી અને તણાવ પ્રતિકાર ક્ષમતા ચકાસવામાં આવી. તમામ માપદંડોમાં સંતોષકારક પરિણામ મળતાં હવે આ પ્રોસ્થેટિક વન વિભાગને સોંપવા તૈયાર છે. અગાઉ સંસ્થાએ વન અધિકારીઓને ફિટિંગ અને સંભાળ અંગે વિશેષ તાલીમ પણ આપી છે.

આ પ્રોજેક્ટ શ્રી મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો. ચેરમેન શ્રી વિજય છેડા, ટ્રસ્ટી શ્રી હેમંતકુમાર રાંભિયા તેમજ બિદડા સર્વોદય ટ્રસ્ટ અને જયા રિહેબિલિટેશન ઈન્સ્ટિટ્યૂટની સંશોધન ટીમના સંકલિત પ્રયાસોથી આ સિદ્ધિ શક્ય બની છે.

# ભુજના વ્હાઇટ ઇગલ સાઇકલ ગ્રુપે એક જ દિવસે છ ડુંગર સર કર્યા

**વહેલી સવારથી સાહસિક અભિયાન, કુદરત સાથે અનોખી સફર**

ભુજ-કચ્છઉદય : ભુજમાં છેલ્લા કેટલાક વર્ષોથી સક્રિય રહેલું વ્હાઇટ ઈગલ સાઈકલ ગ્રુપ સાઈકલિંગ સાથે સાહસિક પ્રવૃત્તિઓ અને કુદરતપ્રેમ માટે ઓળખાયું છે. ગ્રુપના સભ્યો દર વર્ષે અનોખા સંકલ્પ સાથે ટ્રેકિંગ અભિયાન યોજે છે. આ વર્ષે પણ એક જ દિવસે છ પ્રખ્યાત ડુંગર સર કરવાનો દૃઢ નિશ્ચય કરી સભ્યોએ વહેલી સવારે ૪ વાગ્યે જ્યુબિલી સર્કલથી પ્રસ્થાન કર્યું હતું.

સવારથી રાત્રિના ૯ વાગ્યા સુધી સતત ચાલેલા આ સાહસિક અભિયાન દરમિયાન સભ્યોએ ધીણોધર-થાન, દેવપર યક્ષ નજીક ભીખુઋષિ, નખત્રાણા તાલુકાના મંગવાણા વિસ્તારનો નનામો ડુંગર, ભુજનો ભુજિયો ડુંગર, લાખોંદ પાસે ચંદુઆ ડુંગર અને કુમા નજીક ખાત્રોડ (આશાપુરા ટેકરી) સહિત કુલ છ ડુંગરો સર કર્યા હતા. આ સાહસિક યાત્રામાં ડો. તેજસ પાઠક, મનીષ શાહ, જયંતી શીલુ, જાવેદ મહેતા, મયૂર ચૌહાણ સહિત સભ્યો ઉત્સાહભેર જોડાયા હતા. પ્રફુલ્લભાઈ દરજી અને ધ્રુવભાઈ શુક્લાએ માર્શલ તરીકે કામગીરી સંભાળી સુરક્ષા અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ગ્રુપના સભ્યો છેલ્લા ચારથી પાંચ વર્ષથી નિયમિત રીતે આવા ટ્રેકિંગ અભિયાન યોજી રહ્યા છે, જેમાં સાઈકલિંગ સાથે કુદરતના સાનિધ્યમાં દિવસ પસાર કરવાનો અનોખો અનુભવ મળે છે. સભ્યોએ આવનાર વર્ષોમાં પણ વધુ સાહસિક અભિયાન યોજવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. એક જ દિવસે છ ડુંગરો સર કરવાની સિદ્ધિથી સાઈકલ ગ્રુપના સભ્યોમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી હતી.

# ભુજ ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ દ્વારા સેવાકીય પ્રવૃતિ કરાઈ





ભુજ - કચ્છઉદય : ભારતીય જૈન સંગઠન લેડીઝ વિંગ ભુજ દ્વારા દર મહિનાના જીવદયા અને માનવસેવાના પ્રોજેક્ટ અંતર્ગત હનુમાનજી મંદિર પાંજરાપોળ ખાતે ગાયોને લાડુ ખવડાવવાનું પાવન આયોજન શ્રદ્ધા અને ભાવના સાથે યોજાયું હતું. પ્રમુખ ગીતા પારેખની આગેવાનીમાં સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયું હતું. તેમના માર્ગદર્શન હેઠળ બહેનો દ્વારા ગાય માતાની સેવા સાથે જીવદયા અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ગાયોને લાડુ ખવડાવી સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. મહામંત્રી ડિમ્પલ ભણસાલી, નિશા ખંડોર, દીપા શાહ તેમજ સંસ્થાની અન્ય બહેનો ઉપસ્થિત રહી સેવા કાર્યમાં સહભાગી બન્યા હતા. દાતા તરીકે નિશાબેન હિતેશભાઈ ખંડોલ રહ્યા હતા. દાન અને સહકાર બદલ સંસ્થાની તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સેવાકાર્યો સમાજમાં દયા, કરુણા અને માનવતાની ભાવનાને મજબૂત બનાવે છે તથા નવી પેઢીને સકારાત્મક પ્રેરણા આપે છે. અંતે સર્વજીવો પ્રત્યે દયાભાવ વધે અને સેવા કાર્ય સતત ચાલુ રહે તેવી શુભેચ્છાઓ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન વધે છે અને ખેતીની જમીન પણ ફળદ્રુપ બને : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી






**રાજ્યપાલ દ્વારા ભુજ ખાતે રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપ "પ્રાકૃતિક ખેતી, પડકારો અને તકોનો વર્ચ્યુઅલી પ્રારંભ : નીતિ આયોગ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના બે દિવસીય વર્કશોપનું ભુજ ખાતે આયોજન : પ્રાકૃતિક ખેતીના પ્રચાર-પ્રચાર માટે અંગ્રેજી અને હિન્દી ભાષામાં 'ટ્રેનિંગ મેન્યુઅલ ઓન નેચરલ ફાર્મિંગ' પુસ્તકનું વિમોચન**

ભુજ -કચ્છઉદય : નીતિ આયોગના 'સ્ટેટ સપોર્ટ મિશન' અંતર્ગત અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, હાલોલના સંયુક્ત ઉપક્રમે ભુજમાં શ્રી મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૨૮ ફેબ્રુઆરીથી ૧ માર્ચ સુધી "પ્રાકૃતિક ખેતી માટે પડકારો અને તકો" વિષય પર આયોજિત બે દિવસીય રાષ્ટ્રીય વર્કશોપનો ગુજરાત અને મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ વૈજ્ઞાનિકો અને ખેડૂતોને સંબોધન કરતાં પ્રાકૃતિક ખેતી અપનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. પ્રાકૃતિક ખેતી હવે સમયની અનિવાર્ય માંગ બની ગઈ છે. માનવ જીવનને સુરક્ષિત રાખવા અને ગ્લોબલ વોર્મિંગ જેવી વૈશ્વિક સમસ્યાઓનો પડકાર કરવા પ્રાકૃતિક ખેતી અસરકારક વિકલ્પ છે. રાજ્યપાલે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવાની અપીલ કરતાં જણાવ્યું હતું કે, રાસાયણિક ખાતરો, ઝેરી દવાઓ વગેરેના ઉપયોગથી ખેતીની ફળદ્રુપ જમીન ઉજ્જડ બની ગઈ છે.

રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા ઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટી રહ્યો છે, જેનાથી પાક ઉત્પાદન ઘટે છે અને કેન્સર જેવી ગંભીર બીમારીઓથી માનવજાત દુ:ખી થઈ રહી છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં થઈ રહેલી ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૮ લાખ ખેડૂતો રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક ખેતી સાથે જોડાયા છે. પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોને અનુસરીને જ પ્રાકૃતિક ખેતી કરવા રાજ્યપાલે ખેડૂતોને અનુરોધ કર્યો હતો. તેઓએ જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન, વાપ્સા અને મલ્ટીક્રોપનું અનુસરણ કરવા જણાવ્યું હતું. રાજ્યપાલે વિશ્વાસ અપાવ્યો હતો કે તેઓ સ્વયં પણ પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે અને પ્રાકૃતિક ખેતીમાં કોઈ જ પ્રકારના આર્થિક નુકશાનનો સામનો કરવો પડતો નથી. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતીમાં ખેડૂતનો ખર્ચ પણ ઓછો આવે છે. એક દેશી ગાયના પાલનથી જીવામૃત બનાવીને ખેતી કરવાથી જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધે છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતીને સૂક્ષ્મ જીવાણુઓ અને અળસિયાની ખેતી ગણાવી હતી.

રાજ્યપાલે જણાવ્યું હતું કે, આજે પ્રાકૃતિક ખેતી એ ભારતમાં વડાપ્રધાનના નિષ્ઠાપૂર્વકના પ્રયાસોના લીધે 'રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન' બની ગઈ છે. પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ ધરતી માતા, ગૌમાતા, પર્યાવરણ અને જીવસૃષ્ટિને બચાવવાનું એક પવિત્ર ઈશ્વરીય કાર્ય છે. જો આપણે દેશમાં પ્રાકૃતિક ખેતી અપનાવીશું, તો વિદેશમાંથી યુરિયા-ડીએપી મંગાવવા પાછળ ખર્ચાતા લાખો કરોડો રૂપિયા બચશે અને દેશવાસીઓના સ્વાસ્થ્ય પાછળ થતો મોટો તબીબી ખર્ચ પણ બચશે.

સ્વસ્થ અને વિકસિત ભારતનું નિર્માણ કરવું હોય, તો આપણે સૌએ પૂરી ઈમાનદારીથી પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું જ પડશે તેમ અનુરોધ કર્યો હતો.

વર્કશોપના ઉદ્ઘાટન સત્રમાં અંગ્રેજી અને હિન્દી ભાષામાં 'ટ્રેનિંગ મેન્યુઅલ ઓન નેચરલ ફાર્મિંગ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ગુજરાત સહિત ૯થી વધારે રાજ્યોના ૭૦૦થી વધુ ખેડૂતો સહભાગી બન્યા છે. વર્કશોપ દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પાયાની બાબતો, કૃષિ નવીનીકરણ, સર્ટિફિકેશન, માર્કેટિંગ, પેકેઝિંગ વગેરે બાબતોનું જ્ઞાન નિષ્ણાંતો દ્વારા પુરું પાડવામાં આવશે. દ્વિતિય દિવસે સહભાગીઓ માટે 'નેચરલ ફાર્મિંગ ડેમોન્સ્ટ્રેશન સાઈટ' ની ફિલ્ડ વિઝિટ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે સંવાદ આયોજિત કરવામાં આવ્યો છે.

વર્કશોપમાં અતિથિ વિશેષ તરીકે નીતિ આયોગના સભ્ય (કૃષિ) પ્રો. ડૉ. રમેશ ચંદ, નીતિ આયોગના પ્રોજેક્ટ ડીરેક્ટર ડૉ. નીલમ પટેલ, , ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. સી. કે. ટીમ્બડીયા અને ડીરેક્ટર ડૉ. રશ્મિકાંત ગુર્જર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના વાઈચ ચાન્સેલર ડૉ.વી.પી. ચોવટીયા, ડૉ. વાયએસ પરમાર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ.રાજેશ્વર ચંદેલ, ગુજરાતના કૃષિ વિભાગના સંયુક્ત નિર્દેશક નીતિન ગામિત, આત્માના પ્રોજેક્ટ ડીરેક્ટર પી.કે. તલાટી, જિલ્લા ખેતીવાડી અધિકારી કિરણસિંહ વાઘેલા સહિતના અધિકારીઓ, સંશોધકો, વૈજ્ઞાનિકો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નોખાણિયા પ્રા. શાળાના બાળકોએ કુદરતી રંગોથી તિલક હોળી ઉજવી



ભુજ -કચ્છઉદય : જલ હૈ, તો કલ હૈ' આજે સમગ્ર વિશ્વ પાણીની સમસ્યાનો સામનો કરી રહેલ છે અને ભૂગર્ભ જળ પણ ઊંડા ઉતરી રહ્યા છે ત્યારે હોળીના તહેવાર નિમિતે નોખાણિયા પ્રા. શાળાના બાળકોએ કેમિકલ યુક્ત રંગો અને પિચકારીઓના બદલે કુદરતી રંગોથી એક બીજાને તિલક કરી હોળીની આગોતરી ઉજવણી કરી પાણીનો ખોટો બગાડ અટકાવવા અને તેનો વિવેક પૂર્ણ ઉપયોગ કરવા સંદેશ આપ્યો હતો. આજે જ્યારે મોટા ભાગના લોકો પાકા રાસાયણિક રંગોથી ધૂળેટી રમે છે, તેનાથી શરીરને નુકશાન થાય છે. કેટલાય દિવસો સુધી આ રંગ જતા નથી અને બિમારીને પણ નોતરે છે. આંખ પર તેની અવળી અસર થાય છે. આ ઉપરાંત મહત્વની વાત છે પાણી બચાવવાની. દેશની આજની સૌથી મોટી સમસ્યા પાણીની છે. પાણી બચાવવું દરેક નાગરિકની પહેલી ફરજ છે. અત્યારે ઠેર-ઠેર તળાવો અને કૂવા સુકાઈ રહ્યાં છે. અત્યારે સ્થિતિ એવી છે કે પાણીનું એક ટીપું પણ વેડફવું ગુના સમાન છે. દેશના મોટા ભાગના રાજ્યોમાં પીવાનાં પાણીની સમસ્યા છે. ત્યારે આપણે બધાએ ભેગા થઈ આ સમસ્યાને દૂર કરવામાં સહભાગી થવું જોઈએ. હોળીના દિવસે પાણીનો ખોટો બગાડ કર્યા વગર ફક્ત તિલક હોળી રમીને તહેવારનો સાચો આનંદ ઊઠાવવો જોઈએ. કુદરતે આપણને ઘણાં કુદરતી રંગ આપ્યા છે. અબીલ, ગુલાલ જેવા રંગથી નુકસાન પણ થતું નથી. એટલે આવા રંગથી કપાળે તિલક કરીને હોળી-ધુળેટીની મજા માણવી જોઈએ તેવો સંદેશ બાળકોએ સૌને આપ્યો હતો. સમગ્ર આયોજન શાળાના આચાર્ય હરિસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો લીલાધર બિજલાણી, કેશુભાઈ ઓડેદરા અને નમ્રતાબેન આચાર્યએ સંભાળ્યું હતું.

# બાળકો પણ ધૂળેટી આનંદથી મનાવી શકે તે માટે બાળકોને પિચકારી, રંગની કીટ અપાઇ



ભુજ - કચ્છઉદય : ધૂળેટીના તહેવારો બાળકો પણ આનંદથી ઉજવી શકે તેવા ઉમદા હેતુ સાથે ભુજમાં બાળકોને રંગ, પિચકારી, ફુગાની કીટનું વિતરણ કવિતા મીરા સચદેની સ્મૃતિમાં વિતરણ કરવામાં આવ્યું હતું. પૂર્વ નગરપતિ અને જાણીતા દાતા અને ધારાશાસ્ત્રી શંકરભાઈ સચદેના પ્રમુખ સ્થાને બાળકો માટે કીટનું વિતરણ કરાયું હતું. બાળકોને કીટની સાથે નાસ્તાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. શંકરભાઈ સચદે વધુમાં જણાવ્યું હતું કે, બાળકો ધૂળેટીનો તહેવાર આનંદથી મનાવી શકે તેવા હેતુ સાથે કવિતા મીરા સચદેની સ્મૃતિમાં દર વર્ષે બાળકોને પિચકારી, ફુગા, રંગની કિટ આપવાનો કાર્યક્રમ યોજાય છે. તે રીતે આજે પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે ધૂળેટી પ્રસંગે સૌ કોઈને શુભેચ્છા પાઠવી હતી.

કાર્યમાં સત્યમ સંસ્થા દર્શક અંતાણી, નરેન્દ્રભાઈ સ્વાદીયા, રામુબેંન પટેલ, માલશ્રીબેન ગઢવી, કિશનભાઇ રાજગોર, નરેન્દ્રભાઈ સ્વાદિયા તેમજ અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ફાગણ મહિનામાં કેસુડાના ફૂલોથી ધરતી કેસરી રંગથી છવાઈ ગઈ



ભુજ - કચ્છઉદય : ફાગણ મહિનાની પૂનમ અને હોળી ધુળેટીના તહેવારો સાવ પડખે આવી અને ઊભા રહી ગયા છે. ત્યારે ધૂળેટીમાં જેના રંગનો વપરાશ મુખ્યત્વે થતો તે કેસુડાના ફૂલોથી નખત્રાણા અને અબડાસા તાલુકો મહેકી ઉઠ્યો છે. ખાસ કરી અને નદી પટના ડુંગરાળ વિસ્તારોમાં ચોતરફ કેસુડાના ફૂલો ખીલતા વિસ્તાર કેસુડામય બની ગયો છે. જો કે હવેના જમાનામાં કૃત્રિમ કલરનો વધારે ઉપયોગ થાય છે કારણ કે, તે સસ્તા હોવાથી તેનું વેચાણ વધુ જલ્દી થઈ શકે છે પરંતુ શરીર અને ચામડી માટે ખૂબ જ નુકસાનકારક હોય છે. કેસુડાના ફૂલમાંથી બનાવેલો રંગ શરીર માટે ખૂબ જ ઠંડક આપનારો અને ગુણકારી હોય છે. આગામી હોળી અને ધુળેટી દરમિયાન એકબીજાને આવા કૃત્રિમ રંગ છાંટતી વખતે કૃત્રિમ અને કેમિકલમાંથી બનેલા રંગો આંખમાં ચાલ્યા ન જાય તેનું પણ ખૂબ જ ધ્યાન રાખવું જરૂરી છે, નહીં તો આંખને નુકસાન પહોંચાડી શકે છે, જોકે આવા કલર ચામડીના ઇન્ફેક્શન પણ કરી શકે છે. કલરનો ઉપયોગ કરતી વખતે તેની પૂરી ચકાસણી કરી વાપરવો જરૂરી છે. હોળી પ્રગટ આવતી વખતે પણ વૃક્ષોના લાકડા વાપરવાની જગ્યાએ ઈકો ફ્રેન્ડલી હોળી પ્રગટાવી જોઈએ અને તેમાં હવન સામગ્રી જે વાતાવરણને ખૂબ જ પવિત્ર કરનારી હોય છે તેનો ઉપયોગ પણ કરવો જોઈએ એવું અનુભવી વિદ્વાન લોકોનું માનવું છે. હોળી ધુળેટી નો ઉત્સવ ઉમંગભેર ઉજવી અને ગ્રીષ્મ ઋતુને આવકારવા લોકો થનગ બની રહ્યા છે.

## હોળી અને ધુળેટીનો જુનો માહોલ આજે પણ લોકો કરે છે યાદ

ભુજ - કચ્છઉદય : વહેતા સમયની સાથે ઉત્સવોની ઉજવણી પણ બદલતી રહે છે. કેટલાક તહેવારો અને ઉત્સવોમાં જૂના જમાનાના જેવો ઉમંગ હવે થોડોક ઓસરી ગયો હોય તેવું જુની પેઢી અનુભવે છે. હોળી અને ધુળેટીના તહેવારોનો ઉમંગ હજુ પણ સચવાયેલો પડ્યો છે. જોકે તેની ઉજવણીના ઉત્સાહ અને પરંપરામાં ચોક્કસ ફેર પડ્યો છે અને જુના સમયની ઉજવણીને યાદ કરાય છે. જુના જમાનામાં ફળીયા સંસ્કૃતિનું ખૂબ જ મહત્વ હતું ને બારેય મહિના આજુબાજુ રહેતા પરિવારો સોશિયલ મીડિયાથી નહીં પરંતુ રૂબરૂમાં એકબીજાની ખૂબ જ નજીક "દિલ"થી રહેતા અને મોટાભાગના પ્રસંગો પરિવાર અને પડોશીઓ સાથે મળીને ઉજવતા એવી જ રીતે ધુળેટીના દિવસે ફળિયાના બધા જ લોકો ભેગા થઈ અને એકબીજાને દિલથી રંગતા. જો કોઈ ઘરની બહાર ન નીકળે તો તેના ઘરની અંદર જઈ અને તેના ઉપર રંગીન પાણી ભરેલી ડોલ ઉંધી કરી અથવા તો રંગોથી તેમના ગાલ અને ચહેરો રંગીન કરી અને ખૂબ જ આનંદથી એકબીજાને રંગી મુકતા અને કોઈ તેનો વિરોધ પણ ન કરતું એટલું જ નહીં પરંતુ પછી દસેક વાગ્યે દરેક વિસ્તારના ફળિયાના લોકો ભેગા મળી અને ઢોલ નગારા વગાડતા વગાડતા પોતપોતાના ફળિયાનું સરઘસ કાઢતા જેને "ગેર" કહેવાતી. જેમાં બધા જ લોકો અનેક પ્રકારના રંગોથી રંગાયેલા હોય અને નાચતા કૂદતા હોય. હસી મજાકનો આ તહેવાર હોવાથી તેમાં ફળિયામાં કોઈ વિશિષ્ટ અત્યંત શરીરથી તંદુરસ્ત એટલે કે જાડુ પાત્ર હોય કે કોઈક રીતે અલગ હોય તો તેને રીતસરનો કોઈક વિશિષ્ટ જૂની ચપ્પલનો હાર પહેરાવીને હસી મજાક કરતા કરતા રેકડીમાં ઉભો રાખી અને સાથે લેવાતો અને બહુ જ બધા મોજ કરતા સામસામા આવા સરઘસ ટકરાય ત્યારે એકબીજાને રંગોથી ચીચીયારીઓ કરતા રંગી નાખતા ત્યારે ઉમંગની પરાકાષ્ઠા સર્જાતી અને એ જમાનાના જુના રોલ વાળા કેમેરાથી યાદગાર ક્ષણને કેમેરામાં પણ સાચવવામાં આવતી બપોરના ૧૨ વાગ્યા પછી નગરપાલિકા દ્વારા ખાસ પાણી આપવામાં આવતું અને લોકો ૧૨:૩૦ પછી નાહી ધોઈ અને ઉત્સાહ ઉમંગથી સાથે ભેગા જમતા. "અસલી મજા સબ કે સાથ હૈ" આ સૂત્રની ત્યારે ખરેખર ચરિતાર્થ કરવામાં આવતું હતું.

# સુખપરની શાળામાં વિજ્ઞાન, સ્વાદ અને સન્માનનો ત્રિવેણી સંગમ કાર્યક્રમ યોજાયો




ભુજ - કચ્છઉદય : સુખપર કુમાર શાળા-૨ના પટાંગણમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ, ફૂડ ફેસ્ટિવલ અને સન્માન સમારોહના સમન્વયે ઉજવણી કરાઈ હતી.

કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કર્યા બાદ મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. આ પ્રસંગે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મનીષાબેન વેલાણી, એસ.એમ.સી. અધ્યક્ષ કાંતિભાઈ પાધરા, આચાર્ય સહિતના મંચસ્થ રહ્યા હતા. સિમ્પીબેન ભટ્ટે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ તરીકે પુન:વરણી થતાં ઘનશ્યામસિંહ જાડેજાનું સન્માન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન પ્રદર્શનમાં ૧૦૦ જેટલા બાળ વૈજ્ઞાનિકોએ ૯૦ જેટલી અદભુત કૃતિઓ રજૂ કરી હતી. શિક્ષક દીપેશભાઈ નાકર તેમજ કુમાર શાળાના રમીલાબેન અને ભાવનાબેને ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને નિર્ણાયક તરીકે સેવા બજાવી હતી. વિજ્ઞાનની ગંભીરતા સાથે 'ફૂડ ફેસ્ટિવલ'માં ૫૦ જેટલા બાળકોએ ૨૨થી વધુ વાનગીઓ તૈયાર કરી જાણે નાનકડું 'મેળાનું મેદાન' ઊભું કર્યું હતું. ટોકન ચાર્જ દ્વારા વ્યવહારુ જ્ઞાનની સાથે બાળકોએ સ્વાદિષ્ટ વાનગીઓની જયાફત પીરસી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રિયાંકભાઈ રાજદેવ દ્વારા કરવામાં આવ્યું હતું. સુખપર કુમાર શાળા-૨ ના સમસ્ત શિક્ષકગણે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભુજની રાવલવાડીની શાળામાં બાળ વૈજ્ઞાનિકોએ પ્રયોગો રજૂ કર્યા



ભુજ - કચ્છઉદય : અહીંની રાવલવાડી પ્રા.શાળા ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ હતી, જેમાં ધોરણ ૫થી ૮ના વિધાર્થીઓએ જાતે પ્રયોગ કરી વૈજ્ઞાનિક ચમતકારી જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. આપણા વ્યવહારૂ વપરાશમા આવતી ટેકનોલોજી વિશેની વૈજ્ઞાનિક દ્રષિણકોણ સાથેની સમજ પ્રતયક્ષ પ્રાપ્ત કરતા થાય તેવા આશય સાથે વિવિધ કૃતિઓ અને પ્રયોગ કરી આજના વિજ્ઞાન દિવસની ઉજવણી કરી હતી.

આચાર્ય શાંતિલાલ મોતાએ જગતની આજના ૨૧મી સદીના વિજ્ઞાન યુગમા વિજ્ઞાન ટેકનોલોજીથી વિદ્યાર્થીઓને માહિતગાર કરી વિજ્ઞાનની અવનવી શોધ અને વેજ્ઞાનિક ચમત્કારોની માહિતી આપી હતી. શિક્ષક કરિશ્માબેન બાવા, કનૈયાલાલ મીરાણીના માર્ગદર્શનમાં ધોરણ છઠામાં સોલારઘર, બઝરગેમ, જવાળામુખી - લાવા, વોટર સપ્લાય, વિધુત પંખા, ધોરણ સાતમાં ફિલર વોટર, વિધુત બલ્બ, જવાળામુખી વિસ્ફોટ, સ્ટેસ્થોકોપ, વિધુત મોટર તથા ધોરણ આઠમાં માનવી આંખ, માઈક્રોસ્કોપ, જુલા ચકડોળ જેવા અનેક પ્રયોગ તૈયાર કરી વિદ્યાર્થીઓ સમક્ષ પ્રદશિત કરી બધાને વિજ્ઞાનના જ્ઞાનથી માહિતગાર કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શિક્ષકો હરિલાલ ગઢવી, કેશુબેન બ્રુચિયા, અરવિંદભાઈ દામા, નુતનબેન પરમાર, ભકિતબેન અમરનાણી, કરિશ્માબેન બાવા, દિપાલીબેન ગોર, સંગીતાબેન પોપટ, કમલેશભાઈ પ્રજાપતિ, શિતલબેન પરમાર, કનેયાલાલ મીરાણી, સોનલબેન પટેલ વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. સંચાલન કરિશ્માબેન બાવાએ કર્યું હતું.

# મોટીબેર અને પીપર વિસ્તારમાં રમઝાન મહિનામાં જ પાણીની બૂમરાડ

**દિવસે ફક્ત એકવાર અને એ પણ અપૂરતું પાણી અપાતું હોવાની રજૂઆત : દરેક ગામની પાણી જેવી જરૂરિયાત કાળઝાળ ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પૂરી થાય તે જોવાની જવાબદારી ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓની છે : ગામ લોકોને પૂરતું પાણી અપાવવા તાત્કાલિક પૂરતા પ્રયત્ન કરવા જોઈએ**

ભુજ : કચ્છઉદય : અબડાસા તાલુકાની મોટીબેર તથા પીપર જૂથ ગ્રામ પંચાયતોએ જિલ્લા કલેક્ટર અને નલિયા પાણી પુરવઠા વિભાગના નાયબ ઈજનેરને પત્ર લખી અને રજૂઆત કરી છે કે તેમના વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં પાણી અપાતું નથી, ત્યારે નિયમિત અને પૂરતું પાણી પૂરૂ પાડવામાં આવે. ગ્રામ પંચાયતોએ જણાવ્યું છે કે જ્યારે પણ પાણી માટે જ્યાંથી સપ્લાય થાય છે તે વાયોર સંમ્પ ઉપર અને પાણી પુરવઠા વિભાગને રજૂઆત કરવામાં આવે છે ત્યારે એવું કહેવામાં આવે છે કે પાણીનું લેવલ નથી કે લાઈટ નથી કે પાણીનો પૂરતો સપ્લાય નથી. બેર મોટી જુથ ગ્રામ પંચાયત અંતર્ગતના હોથીવાંઢ, રોહારો, ગોલાય, ભગોડીવાંઢ, નવાવાસ તથા પીપર જૂથ ગ્રામ પંચાયતના મેડી અને ખીરસરા મળીને સાત ગામોને છેલ્લા બે મહિનાથી પંદર પંદર દિવસે અને એ પણ ખૂબ જ અપૂરતું પાણી આપવામાં આવે છે.

લાઈનમેન અને ઓફિસમાં ગામ લોકો ફોન કરે છે તો લાઈટ નથી, પાણીનુ લેવલ નથી, એવા જવાબ મળે છે અને આ બંને જૂથ ગ્રામ પંચાયતનો ૯૦% જેટલુ મુસ્લિમ વસતીવાળો વિસ્તાર છે. મુસ્લિમ ધર્મનો પવિત્ર રમઝાન માસ ચાલે છે. રોજા કરતા હોય ત્યારે તેમને તળાવ કે કુવામાંથી પાણી ભરવામાં તકલીફ પડે તે સ્વાભાવિક છે, ત્યારે તાત્કાલિક અને નિયમિત પાણીની વ્યવસ્થા થવી જરૂરી છે. છેલ્લા બે મહિનામાં લોકોએ નલીયા ઓફિસે અનેકવાર રૂબરૂ જઈ અને ફોનથી ફરીયાદ પણ કરી છે. બેરમોટી જુથ ગ્રામ પંચાયતના તમામ ગામોમાં છેલ્લા મહિનામાં કેટલુ પાણી અપાયું છે એની વિગતો માંગી અને સંકલન સમિતિમાં પણ આ અંગે વિગતો માંગીને ગામ લોકોએ વ્યવસ્થિત પાણી આપવા માટે રજૂઆત કરી છે. રમઝાન મહિનામાં જો પાઈપલાઈન મારફતે પાણીનો સપ્લાય ન થઈ શકે તેમ હોય તો વૈકલ્પિક ટેન્કર વગેરેની પૂરતી વ્યવસ્થા કરવામાં તો ગામ લોકોને રાહત રહે તેવું જણાવ્યું હતું.

# પાન્ધ્રો જીએમડીસી ખાતે સલામતી અને સ્વસ્થતા સપ્તાહની ઉજવણી કરાઈ





ભુજ - કચ્છઉદય : જીએમડીસી લિગ્નનાઈટ પ્રોજેક્ટ પાનધ્રો દ્વારા ગુજરાત લિગ્નાઈટ માઈન્સ સેફટી અને સ્વચ્છતા ૨૦૨૫-૨૬ની કરાઈ ઉજવણી હતી. મહેમાનના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યકમની શરૂઆત કરાઈ હતી. બાદ શ્યામજી કૃષ્ણવર્મા વિદ્યાલય વર્માનગરની બાલીકાઓ સ્વાગત ગીત રજૂ કરી મહેમાનોનું સ્વાગત કરીયુ હતુંદ્દ.

કાર્યકમના અધ્યક્ષ આનંદવિજય મેનેજર માઈન્સ વસ્તાન જીઆઈપીસીએલ રહ્યા હતા, માઈનિંગ જીએમડીસીના ડી.એમ ભીમાણી, પ્રજ્ઞનેશ પટેલ, રાહુલરામ. હેમંત રણવા તેમજ આજુબાજુ ગામડાઓના સરપંચ પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

જનરલ મેનેજર એચ.જી. દવેએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી માઈન્સ વિશે માહિતી આપી હતી. ડી.એમ. ભીમાણીએ સેફ્ટી અને સ્વચ્છતાના નિયમોનું પાલન કર્મચારીઓ કરતા હોય છે. મજુરો અને કર્મચારીઓની સાથે ગામડાઓના આગેવાનોનો, સરપંચ, ગ્રામજનો યોગદાન આપ્યું છે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

અધ્યક્ષ આનંદવિજયએ સેફ્ટી સુરક્ષા અને સ્વચ્છતાની દર વર્ષ કાર્યકમો થતાં હોય છે, ત્યારે દરેક કર્મચારીને પોતાની જવાબદારીઓ સાથે કામ કરવું જોઈએ. નિયમો વિષય માહિતી આપી હતી અને માઈન્સ વિસ્તારમાં અકસ્માત રોકી શકાય. સ્કૂલના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ જોઈને સ્કૂલના શિક્ષક તેમજ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યકમને સફળ બનાવવા પાનધ્રોના એચઆરની ટીમે જહેમત ઉઠાવી હતી. સંચાલન પ્રિયંકાબેન સતવારાએ અને આભારવિધિ ભાસ્કર પટેલ કરી હતી.

## શું ભારતને ઈસ્ટર્ન રૂટ કે કેપ ઓફ ગુડ હોપ રૂટ અપનાવવાની પડશે ફરજ?

# મિડલ ઈસ્ટ મહાજંગ : હોર્મુસ સમુદ્ર રૂટ બંધ : કચ્છના કંડલા તથા વાડીનાર બંદરો પર 'હલચલ', તેલના પુરવઠા પર સંકટના વાદળો

**મહાજંગની -ડીપીએ કંડલામાં આડ અસર શરૂ : એમ.વી.પ્રોપલશકિતને જેટી ન. ૨ પર ૫૬૦૦૦ મેટ્રીકટન કલે હર્મીયા યુએઈ પોર્ટ પર રવાના કરવાનુ હતુ, પરંતુ જંગની સ્થિતીએ ડીપીએ-કંડલા પર આ કન્સાઈમેન્ટ એજન્ટે કરી દીધું રદ**

## અસરના ઘાત-પ્રત્યાઘાત.!

ટેક્રરોનું શિડ્યુલ ખોરવાયુંઃ વીમા પ્રીમિયમમાં વધારા : ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળા : મુખ્ય આયાત દેશો ઈરાક, સાઉદી અરેબિયા, UAE (સૌથી વધુ અસરગ્રસ્ત) ભારતની નિર્ભરતા કુલ ક્રૂડ આયાતના ૫૦% આ માર્ગેથી આવે છે. : સ્ટોરેજ ક્ષમતા ભારત પાસે આશરે ૭૪ દિવસનો વ્યૂહાત્મક તેલ અનામત જથ્થો ઉપલબ્ધ છે. : વૈકલ્પિક માર્ગ આફ્રિકાના 'કેપ ઓફ ગુડ હોપ' ફરીને આવતા ૧૫-૨૦ દિવસનો વિલંબ અને ખર્ચ વધશે.

**આગમી સમયમાં આયાત-નિકાસમાં અહી પડશે મોટી અસર : કેમીકલ-કન્ટેનરાઈઝડ કાર્ગો, ક્રુડ ઓઈલની આયત અટકશે : નિકાસમાં ચોખા-ઘંઉ-ઓટસ સહિતના ફુડ ગેઈન્સની આઈટમની નિકાસ અટકશે**



ગાંધીધામ : ઈરાન દ્વારા હોર્મુસ સમુદ્ર રૂટ માં જહાજોની અવરજવર પર પ્રતિબંધના અહેવાલોને પગલે વૈશ્વિક ઓઈલ માર્કેટમાં ખળભળાટ મચ્યો છે. વિશ્વના કુલ દરિયાઈ તેલ વેપારનો ૨૦% અને ભારતની જરૂરિયાતનું લગભગ ૫૦% ક્રૂડ ઓઈલ આ સાંકડા દરિયાઈ માર્ગે પસાર થાય છે. કચ્છમાં પણ મેજરપોર્ટસ કાર્યરત છે અને તેમાં પણ દેશના ઓઈલની મોટી આયાત કંડલા-વાડીનાર જેવા બંદરો પરથી કરવામા આવી રહી છે. એટલે કંડલા અને વાડીનાર બંદરો પર તાત્કાલિક અસર થવા પામી હોય તેવુ માનવુ વધુ પડતુ નહી કહેવાય.ગુજરાતના આ બે મુખ્ય બંદરો ભારતની તેલ આયાતનું પ્રવેશદ્વાર ગણાય છે. આજથઅહી અસરો વર્તાવાની શરૂઆત થઈ છે. પર્સિયન ગલ્ફ (ઈરાક, સાઉદી અરેબિયા, કુવૈત) થી આવતા ઓઈલ ટેક્રરો હોર્મુઝ પર અટકાવી દેવામાં આવતા વાડીનાર પર આવનારા જહાજોના વેઈટિંગ ટાઈમમાં વધારો થઈ શકે છે.સાથોસાથ યુદ્ધ જેવી સ્થિતિને કારણે દરિયાઈ વીમાના દરોમાં ઉછાળો આવ્યો છે, જેની સીધી અસર કંડલા પોર્ટ પર આવતા લિક્વિડ કાર્ગોના લેન્ડિંગ કોસ્ટ (ઉતરાણ ખર્ચ) પર પડશે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડના ભાવ વધતા વાડીનાર અને નાયરા એનર્જી જેવી રિફાઈનરીઓ માટે કાચા માલની પડતર કિંમત વધી છે.

નિષ્ણાતોનો મત અને આગામી પગલાંની વાત જો માનીએ તો બંદર સત્તાવાળાઓ અને શિપિંગ એજન્સીઓ હાલ 'વેઈટ એન્ડ વોચ'ની સ્થિતિમાં છે. જો આ માર્ગ લાંબો સમય બંધ રહે તો ભારત રશિયા અથવા અમેરિકા પાસેથી વધારાનું ક્રૂડ મંગાવવા માટે 'ઈસ્ટર્ન રૂટ'નો ઉપયોગ વધારી શકે છે. વાડીનાર ખાતેના ઓફશોર ટર્મિનલ પર સુરક્ષા વ્યવસ્થા પણ સઘન કરવામાં આવી છે. હાલમાં દીનદયાળ પોર્ટ (કંડલા) ખાતે અન્ય કાર્ગો જેમ કે કોલસો, મીઠું અને ખાતરનું કામકાજ સામાન્ય રીતે ચાલી રહ્યું છે, પરંતુ પેટ્રોલિયમ પેદાશો માટે આવતા દિવસો નિર્ણાયક રહેશે.

## ઓમાનમાં રહેતા ભારતીય નાગરિકો માટે એમ્બેસી દ્વારા એડવાઈઝરી જાહેર

મસ્કત : ઈઝરાયેલ - અમેરિકા અને ઈરાન વચ્ચે ફાટી નીકળેલા યુદ્ધ બાદ સલ્તનત ઓફ ઓમાન સ્થિત ભારતીય દૂતાવાસ દ્વારા વર્તમાન પ્રાદેશિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓમાનમાં વસતા તમામ ભારતીય નાગરિકો માટે એક મહત્વપૂર્ણ સલાહ સૂચના જાહેર કરવામાં આવી છે. દૂતાવાસ દ્વારા જારી કરાયેલ આ એડવાઈઝરી મુજબ તમામ ભારતીયોને બિનજરૂરી મુસાફરી ટાળવા, સતર્ક રહેવા અને પૂરતી સાવચેતી રાખવા વિનંતી કરવામાં આવી છે. આ ઉપરાંત તમામ નાગરિકોને ઓમાનના સ્થાનિક સત્તાધિકારીઓ અને ભારતીય દૂતાવાસ દ્વારા સમયાંતરે આપવામાં આવતી સુરક્ષા માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવાયું છે. કોઈપણ પ્રકારની પૂછપરછ અથવા સહાય માટે ભારતીય નાગરિકો દૂતાવાસના ટોલ ફ્રી નંબર ૮૦૦૭ ૧૨૩૪ અથવા વોટ્સએપ નંબર +૯૬૮ ૯૮૨૮ ૨૨૭૦ પર સંપર્ક કરવા સૂચના અપાઈ છે.

**રેન્જ પોલીસે 'નશા'ની ખેતી શોધ્યા બાદ પોલીસતંત્રની નજર હવે વાગડ પર મંડાઈ**

## કારની બોનેટમાં લોકના ભાગે છૂપાવેલું ૧૯ લાખનું ૯૫ ગ્રામ હેરોઈન પકડાયું

**આડેસર ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ દરમ્યાન એસઓજીને મળેલી સફળતા : પંજાબના શખ્સને ઝડપી લેવાયો**



ગાંધીધામ - કચ્છઉદય : પખવાડીયામાં એસએમસીએ કચ્છમાં ત્રણ રેડ કરીને સાત કરોડનો દારૂ ઝડપી પાડયો અને કચ્છ આવે તે પૂર્વે ત્રણ કરોડનો દારૂ માળીયા અને રાજકોટમાં પકડી લીધા બાદ રેન્જ પોલીસે પોતાની કામગીરી બતાવી રાપર તાલુકાના ભીમાસર ભુટકીયામાં ગાંજાની નવ કરોડની ખેતી પકડી હતી. એસએમસી અને રેન્જ પોલીસે કાર્યવાહી કર્યા બાદ હવે અચાનક પૂર્વ કચ્છ પોલીસને વાગડ યાદ આવ્યું છે. આડેસર, ગાગોદર અને લાકડીયા પોલીસે ગાંજાના કેસ કર્યા બાદ હવે એસઓજીએ આડેસર ચેકપોસ્ટ પર કારમાંથી ૯૫ ગ્રામ હેરોઈન કબજે કર્યુ છે, જેની કિંમત ૧૯ લાખ આંકવામાં આવી છે.

આ ઘટનાની વિગત મુજબ,

**અનુસંધાન પાના નં.૫ પર**

## ઉબડખાબડ રસ્તાના કારણે ટ્રેક્ટરની ટ્રોલીમાંથી પટકાતા મહિલાનું મોત

**દેશલપર ગુંતલીથી જીંજાય જતા રોડ પર બની ઘટના**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના દેશલપર ગુંતલીથી જીંજાય જતા રોડ પર ટ્રેક્ટરની ટ્રોલીમાંથી પટકાતા મહિલાનું મોત થયું હતું.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ૨૫ તારીખે સવારે આ બનાવ બન્યો હતો. ટ્રેક્ટર નંબર જી.જે૧૨ એફએફ ૨૩૩૬ માં આશરે ૧૨ જેટલી મજુરી કામ કરનાર બહેનો ટ્રોલીમાં બેસીને વાડી તરફ જતા હતા. આ દરમ્યાન સામેથી બોલેરો ગાડી આવતી હોઈ ટ્રેક્ટરના ચાલકે ઉખડખાબડ રસ્તાની સાઈડમાં લેતા ટ્રેક્ટરની ટ્રોલીમાંથી મહિલા નીચે પટકાયા અને ટ્રોલી પર લાગેલું પાટીયું વાગતા ઈજાઓ થઈ હતી. આ બનાવમાં દેશલપર ગુંતલીના મફતનગરમાં રહેતા ૩૫ વર્ષિય જુબેદાબેન આદમભાઈ રમજાનભાઈ થુડીયાને ઈજાઓ થતા મોત થયું હતું. આ બનાવથી અરેરાટી ફેલાઈ જવા પામી હતી. નખત્રાાણા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે
શુદ્ધ દેશી ઘીના કેસર યુક્ત ઘેવર
• અંગુર રબડી • સ્પે.મસાલા યુક્ત નાયલોન પાપડી
• સ્પે.ફ્રેશ ફ્રુટ શીખંડ • સ્પે. કેશર યુક્ત ગુજીયા
• સ્પે.ખમણ અને વિવિધ મીઠાઈઓ
તથા સ્વાદિષ્ટ નમકિન્સ માટે....
ખાવડા સ્વીટ સેન્ટર
"ખાવડા હાઉસ" મૈત્રીરોડ, આદિપુર ફોન.(૦૨૮૩૬) ૨૬૦૯૨૭

હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે
તા. ૦૧, ૦૨, ૦૩, ૦૪ માર્ચ બપોર સુધી મળશે.
• સ્પે.શુદ્ધ સ્પે. દેશી ઘીના કેશર યુક્ત ઘેવર
• સ્પે. શુદ્ધ દેશી ઘીના ગુજીયા ડ્રાયફ્રુટ થી ભરપુર
• સ્પે.નાયલોન પાપડી • સ્પે.ખમણ • સ્પે.પાત્રા
• સ્પે.ખાંડવી • સ્પે.શીખંડ • સ્પે.રસમાધુરી
• સ્પે.નેચરલ કેરી રસ તેમજ વિવિધ મીઠાઈઓ અને નમકીન્સ માટે...
Khavda TOP SWEETS
ખાવડા ટોપ સ્વીટ્સ
દુકાન નં. સાઝ-૧૧, મદનસિંહ ચોક, આદિપુર ફોન.૨૬૧૧૫૩

Holi Hai!
હોળી-ધુળેટીના તહેવાર નિમિત્તે
• ગરમા ગરમ શુદ્ધ દેશી ઘીના ઘેવર
• નાયલોન પાપડી
• માવાના ગુગરા
વિવિધ મીઠાઈઓ તથા ફરસાણ માટે માત્ર સત્યમ
NAMKEEN & SNACKS Satyam Foods
સત્યમ ફુડસ-ગાંધીધામ
ભાઈપ્રતાપ ચોક ફોન : ૨૨૫૬૨૧
સત્યમ નમકીન્સ
ફ્રેડ્સ સ્કવેર, રોટરી સર્કલ પાસે, ગાંધીધામ, મો.: ૯૮૨૫૨ ૨૫૯૮૦

હોળી-ધુળેટીના
પવિત્ર તહેવાર ઉજવો અમારી પવિત્ર, શુદ્ધ અને સાત્વિક મિઠાઓ સાથે...
શુદ્ધ દેશી ઘીના કેસરયુક્ત
• સ્પે.રજવાડી ઘેવર • સ્પે.નાયલોન પાપડી
• સ્પે.ગુજિયા ઘેવર • સ્પે.નાયલોન ખમણ
• સ્પે.સિંધી ઘેવર • મેવા મસાલા ભરપુર ગુગરા
તથા અન્ય અવનવી મીઠાઈઓ...
khavda 1970
Khavda Sweets House
Chawla Chowk Gandhidham

હોળી-ધુળેટીના પવિત્ર તહેવાર નિમિત્તે
• સ્પે.ગરમા ગરમ શુદ્ધ દેશી ઘીના ઘેવર
• સ્પે.રાજસ્થાની ઘેવર
• સ્પે. કેશરયુક્ત ગુજીયા
• સ્પે.નાયલોન પાપડી
• સ્પે.નાયલોન ખમણ
તથા અવનવી જાતની માવાની મીઠાઈઓ, બંગાળી મીઠાઈઓ તેમજ તાજુ ફરસાણ હાજર સ્ટોકમાં મળશે.
સ્પેશીયલ શ્રીખંડ ફલેવર
* સ્પે. ડ્રાયફ્રુટ શ્રીખંડ
* સ્પે. કેસર ડ્રાયફ્રુટ શ્રીખંડ
* સ્પે. ડ્રાયફ્રુટ રાજભોગ શ્રીખંડ
* સ્પે. બટરસ્કોચ શ્રીખંડ
* સ્પે. અંજીર ડ્રાયફ્રુટ શ્રીખંડ
* સ્પે. મેંગો શ્રીખંડ
* સ્પે. પાઈનેપલ ચીલી શ્રીખંડ
* સ્પે. રસમલાઈ શ્રીખંડ
* સ્પે. રસમલાઈ
* સ્પે. અમેરીકન શ્રીખંડ
* સ્પે. અંગુર રબડી
દરરોજ સાંજે ગરમા ગરમ સ્પે.પ્યાઝ કચોરી, સમોસા મળશે.
દરરોજ સ્પે. નાયલોન ખમણ હોલસેલ ભાવે મળશે.
Since 1986 New SDF Sonal Dairy Farm King Of Paneer
ન્યુ સોનલ ડેરી ફાર્મ એન્ડ સ્વીટસ
ઝંડા ચોક, DBZ સાઉથ, પ્લોટ નં. ૧૬૪, ગાંધીધામ (કચ્છ)
Ph.: (02836) 222012 - Mo.: 98798 46672 Shop

DST Department of Science & Technology (Government of Gujarat) | સત્યમેવ જયતે ગુજરાત સરકાર | GSEM
GUJARAT SEMICONNECT CONFERENCE 2026
ગુજરાત સેમિકનેક્ટ કૉન્ફરન્સ 2026
વૈશ્વિક પરિષદ: ત્રીજી આવૃત્તિ
ભારતના માનનીય વડાપ્રધાનના વિઝનથી પ્રેરિત
"વ્યૂહાત્મક સહભાગિતા થકી સ્થાનિક ઉદ્યોગો સાથે હાઈ-ટેક ચિપમેકર્સને જોડીને ગુજરાતની સેમિકંડક્ટર ઈકોસિસ્ટમના સમૃદ્ધ ભાવિનું નિર્માણ"





:: ઉદ્ઘાટક ::
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી અશ્વિની વૈષ્ણવ
માનનીય કેન્દ્રીય મંત્રી, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી, રેલવે તથા માહિતી અને પ્રસારણ, ભારત
શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા
માનનીય મંત્રી, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ગુજરાત
ગુજરાતઃ ભારતમાં સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર
વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ.
વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું 'સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર' બનાવીશું. - શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
તારીખ : 01 માર્ચ 2026 | સમય: સવારના 09:30 વાગ્યાથી | સ્થળ: મહાત્મા મંદિર, કન્વેન્શન હૉલ, ગાંધીનગર